विद्यमान हुबली निवासी

श्री सिद्धारूढ स्वामीजी

(भाग पहेलो—सचित्र)

લેખક તથા પ્રકાશકઃ—
નરસિંહ પરશરામ પંડિત.

श्री

ચ્યત્રા વગર આવશે.

આજેજ નામ નોંધાવો:-

શ્રી

સિદ્ધારૂઢ સ્વામીજી

(મહાત્મા રૂપે પરમાત્મા)

લેખક તથા પ્રકાશક:—

નરસિંહ પરશરામ પંડિત

સાઇલેજ, ન્યુ રોડ; સાન્તાક્રુઝ

બી બી એન્ડ સી. આઇ. રેલ્વે.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

વિ. સં. ૧૯૮૨ ઇ. સ. ૧૯૨૫

મુલ્ય રૂપીઆ સવા.

મુદ્રક: રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદી.

મુદ્રણસ્થાન: સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ-ઉમરેઠ.

(જીલ્લો ખેડા)

પ્રકાશક: નરસિંહ પરશરામ પંડિત

પ્રાકટ્યસ્થાન: સાઈલોજ, ન્યુરોડ; સાન્તાક્રુઝ

બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે.

શ્રી સિદ્ધારૂઢ સ્વામીના
પવિત્ર
ચરણે

—પ્રકાશક

નરસિંહ પરશરામ પંડિત



ને

તરફથી સપ્રેમ ભેટ

લી૦ આપનો

પ્રસ્તાવના

શ્રી સિદ્ધારૂઢ સ્વામીને હજી ગુજરાતવાસીઓએ નથી ઓળખ્યા તેમનું જ્ઞાન અને ગૌરવ હજી તે દિશામા નથી પ્રસર્યું, દક્ષિણના એ ભગવત્ સ્વરૂપને, ને તેમની શકિતો ગુજરાતમા પ્રચારવા આ એક તૈયારી છે, ગુજરાત તેમની શકિતના ગુણગાન કરતી થાય એ એક આ લેખકનો ઉદ્દેશ છે

શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી હુબળીથી સાડાત્રણ માઇલ દૂર નિવાસ કરે છે તેવું વસતી એ ભવ્ય મુર્ત હજી ભકતોના મન રંજન કરી રહી છે, તેમની વાણીમાથી મધુરતા ઝરે છે, તેમની દ્રષ્ટિમા અમી ભરેલી છે. સ્વામીજીની એ દિવ્ય દ્રષ્ટિ તો એ સર્વ ગુજરાતીઓ નહી નિહાળી શકે, કિન્તુતેમની શકિતના કંઇકંઇ ઉદાહરણો કબીરદાસના કાનડી ભાષામા સ્વામીજીના પૂર્વ ઈતિહાસમાંથી અને શીવરાય ભકતના મરાઠી ભાષામાં રચેલા શ્રી સિદ્ધારૂઢ કથામૃતમાંથી સ્વામીજીની આજ્ઞા મેળવી આ ગુજરાતીઓ આગળ ધરાય છે તેને ગુજરાત વધાવી લેશે.

શ્રી સિદ્ધારૂઢ સ્વામીનાં વર્ણન કરવાની મારી કલમમાં શકિત નથી, હું તો તેમનો એક દાસાનુદાસ સેવક છું, ગુજરાતીઓ આ અલ્પ પ્રયાસને સ્વીકારશે, અને શ્રી સ્વામીજીની શકિત ને જ્ઞાનનો લાભ લેશે. એવી મારી નમ્ર વિનંતી છે.

સાઇલોજ
સાંન્તાક્રુઝ ન્યુ રોડ
બી. બી. સી. આઇ. રેલ્વે.

લી. આપનો
નરસિંહ પરશરામ પંડિત.

શ્રી સિદ્ધારૂઢ આશ્રમની માહિતી

શ્રી સિદ્ધારૂઢ આશ્રમ હુબળીથી સાડાત્રણ માઇલના અંતરે આવેલો છે. હુબલી એ એમ. એસ એમ રેલ્વેનું એક સ્ટેશન છે ને પુના થઇને જવાય છે, હુબલીથી ઘોડાગાડી, બળદ ગાડી વીગેરે વાહનો આશ્રમે જવા સારૂ મળી શકે છે,

આશ્રમ એ એક સુદરતાનો નમુનો છે–ચાર મોટી ભવ્ય ઇમારતો આવેલી છે, યાત્રાળુઓને ઉતરવાની ત્યા પુરતી સવડ છે.

આશ્રમની સામે બે મોટા તળાવ બાંધેલા છે એક નાવા ધોવા સારૂ ને બીજુ પાણી પીવા સારૂ.

આશ્રમ પાસેજ એક ભવ્ય સોનાના કળશ સાથે ગગનચુંબી ઇમારત આવેલી છે, આ મહારાજનું ભવિષ્યનુ સમાધિસ્થાન છે. આ સોનાનો કળશ ઘણે દૂરથી જોઇ શકાય છે.

યાત્રાળુઓને સર્વ ચીજો દુકાનેથી મળી શકે છે હુબળી શહેરમા મુખ્યત્વે કાનડી ભાષાનો પ્રચાર છે પણ બજારમાં ઉર્દુ ને હિન્દી પણ સમજાય છે ને કોઇને કંઇ અડચણ પડતી નથી.

આ આશ્રમની હવા શુદ્ધ ને પવિત્ર છે સદાય ત્યાં પરિમલ પૂર્ણ મધુર પવન આવે છે. એ કુદરતી અલૌકીક સ્થાનમા સ્વામીજી નિવસે છે.

અનુક્રમણિકા:—

આભાર:—

મારા આ પ્રયત્નમાં (૧) શ્રી. ચીમનલાલ અચરતલાલ મ્હેતા (૨) શ્રી. શંભુલાલ શીવલાલ મ્હેતા. બી. એ (૩) શ્રી. બી. જે જોષી. બી. એ. (૪) શ્રી વીઠ્ઠલ બી. જોષી (૫) શ્રી મનુભાઇ જી દેસાઇ બી. એસ. સી. (૬) શ્રી. ડાહ્યાભાઇ લક્ષ્મીદાસ (૭) શ્રી. પરસોતમદાસ મોરારજી મીસ્ત્રી એઓએ મને કરેલી મદદ માટે આ સ્થળે તેમની જાહેરમા આભાર સ્વીકારવા ના મરજી છતાં હું મારી ફરજ સમજી અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ઉમરેઠ સરસ્વતી પ્રેસના માલીક મી. રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદી જોડે મારે પરિચય ન છતાં શ્રી. ચીમનલાલ મ્હેતાએ કરાવેલી ઓળખાણમા મને પુસ્તક જન સમાજ સમક્ષ આટલું વહેલું મુકવાની અનુકુળતા પ્રાપ્ત થઇ છે માટે આ જગ્યાએ પ્રેસના માલિકનો તેમનો કાળજી અને પ્રસ્તુત પુસ્તક મુદ્રત કરતાં પણ જલદી છાપી તૈયાર કરી આપવા બદલ આભાર માનું છું.

—**પ્રકાશક.**



શ્રી સિદ્ધારૂઢ
વિદ્યમાન-હુબળી

श्री गणेशाय नमः ।

श्री शीवाय नमः ॥

શ્રીમદ્ પરમ્ ભગવદ્ ભક્ત

શ્રી સિદ્ધારુઢ મહારાજ

परित्राणाय साधुनाम् विनाशाय च दुष्कृताम्
धर्म संस्थापनार्थाय संभवामि युगेयुगे ॥

અર્થાત્ સાધુ પુરુષોના સંરક્ષણ, દુષ્ટોનું વિદારણ અને ધર્મની સંસ્થાપના માટે યુગે યુગે હું અવતાર લઉં છું.

(શ્રીમદ્ ભગવદ્ગીતા.)

ઉપર ટાંકેલા શ્રીમદ્ભગવદ્ગીતાના વચન પ્રમાણે જ્યારે જ્યારે આ ભારતભૂમિ ઉપર ધર્મની હાની અને અધર્મના પ્રચાર અતિશય વધે છે ત્યારે શ્રી પરમાત્મા એક યા બીજા રૂપે અવતાર ધારણ કરે છે ને ધર્મ સંસ્થાપનાનું કર્મ પરિસમાપ્ત કરી વિરમે છે.

આવી જ રીતે આ કળિકાળના શંકિત જમાનામાં પણ નિઝામ સરકારના પ્રદેશમાં વંશદુર્ગ નામના ન્હાનકડા ગામડામાં એક યુગલ પરમાત્માની ભક્તિમાં કાળ નિર્ગમન કરતું હતું. તેમને

ત્યાં સાક્ષાત્ શ્રી શંકરભગવાને જનસમાજને અધર્મના માર્ગમાંથી પાછો વાળી પુનઃ ધર્મના માર્ગે ચઢાવવા સારૂ શ્રીમતી દેવમલ્લમાની પવિત્ર કુક્ષે શ્રી સિદ્ધારૂઢ એ નામથી શાકે ૧૭૫૮ દુરમુખે સંવત્સરના ચૈત્ર સુદી નવમીને દિવસે તૃતીય પુત્ર રૂપે અવતર્યા.

શ્રી સિદ્ધારૂઢના પિતાશ્રીનું નામ ગુરૂ શાન્તાપ્પા હતું, ને તેઓ હંમેશ વેદ પારાયણ ને વેદવેદાંગોના ધ્યાન ને પ્રવચનમાં જ પોતાનો કાળ નિર્ગમન કરતા. ટુંકામા બંને દંપતિ ભગવદ્ ભક્તિમા જ લીન રહેતાં–તેથી જ શ્રી સિદ્ધાજીનું મન બચપણથી જ ભક્તિમાર્ગમા પ્રેરાયુ.

શ્રી સિદ્ધાજીને કસું નવું જ્ઞાન સંપાદન કરવાનું હતું જ નહિ. પરંતુ જ્યારે પરમાત્મા મનુષ્ય સ્વરૂપ ધારણ કરે ત્યારે માનવી લીલા જ યોગ્ય લેખાય એમ સમજી બીજા સાધારણ બાળકો માફક બાલ-ક્રીડા કરવા લાગ્યા.

આ સમયે સ્વામીજીનું વય ફક્ત ત્રણ વર્ષનું જ હતું. પુત્રના લક્ષણ પારણામાથી જ જણાય–તેમ જ્યારે કોઇ મહાન વિભુતિ પૃથ્વી ઉપર અવતરે છે ત્યારે કાંઇ ઢાંકી રહી શકે નહિ. એટલે સ્વામીજીના બચપણથી જ બાળલીલાના અનેક ચમત્કારોનો જન સમાજને અનુભવ થવા લાગ્યો.

ચમત્કાર ૧ લો

એક દિવસે બપોરના સમયે સ્વામીજી બાળકો સાથે ખેલતા હતા ત્યારે તેઓમાથી એક જણે સ્વામીજીને કહ્યું કે ઓ સિદ્ધા ! અમોને ભુખ લાગી છે તો ખાવાને માટે તલ લાવી આપ સ્વામી-જીએ પોતાના મિત્રોની અરજ કબુલ રાખી અને બધાને પોતાને

ઘેર તેડી લાવ્યા.

આજુબાજુ ઘરની અંદર તપાસ કરતાં સ્વામીજીને માલુમ પડયું કે માતાજી પણ ઘરની અંદર હાજર નથી. પરંતુ તેઓશ્રી જાણતા હતા કે તલનું માટલું રસોડામાં ટીંગાવી રાખેલું હતું કે જ્યાં કોઇપણ બાળકનો હાથ પહોંચે નહિ. સ્વામીજી પણ પહોચાય તેમ ન હોવાથી એક જાડી લાકડી સોધી કહાડી રસોડામાં જઇ પહોંચ્યા. માંટલાની નીચે જમીન ઉપર એક મોટું લુગડું પાથરીને નીચેથી માંટલાને બાકું પાડયું કે તરત જ તલની ધાર પડવા લાગી.

સ્વામીજીએ પોતાના મિત્રોને બોલાવી કહ્યું કે ખવાય તેટલા ખાવ અને લઇ જવાય તેટલા બાંધીને લઇ જાવ. બાળકોએ ધોધાટ કરવાથી આજુબાજુના પાડોશીઓ પણ આવી પહોંચ્યા અને જુવે છે તો તલની ધાર એક સરખી જ પડતી હતી. આવેલા મણસોએ પણ તલની ગાંસડીઓ બાંધી લઇ જવા માંડી પણ તલ તો ખૂટયાજ નહિ.

લોકોની ભારે ગરબડ સાંભળીને સ્વામીજીનાં માતુશ્રી દોડી આવ્યાં અને આ સઘળો બનાવ જોઇ માતુશ્રીએ સ્વામીજીને બગલમાં લીધા અને ધીમેથી પૂછયું કે બેટા, આ કેમ બન્યું ? ત્યારે સ્વામીજીએ હસતામુખે જવાબ આપ્યો કે માતાજી આ બધી ભગવાનનીજ લીલા છે હું એમાંનું કશુંજ જાણતો નથી.

આ બનાવ જોઇને માતાજી વિચારમાં પડી ગયાં કે આ બાળ કદાચ શંકરનો અવતાર તો નહિ હોય ! માતાજીને વિચાર મગ્ન જોઇ સ્વામીજી ગુપચુપ છટકી જઇને ફરીથી મીત્રો સાથે રમવા લાગ્યા.

થોડાક દિવસો વિત્યા બાદ માતુશ્રીએ કહ્યું કે સિદ્ધા, હને હવે પાંચમું વર્ષ બેસશે માટે જેમ બીજા બાળકો નીશાળે જાય છે

તેમ તું પણ નીશાળે જતાં શીખ. આ સાંભળીને સ્વામીજીએ ઉત્તર આપ્યો કે માતાજી આ શું કહો છો! જે જીવના અધિષ્ઠાતા શીવ પ્રત્યક્ષ છે અને અંદર તથા બહારની તમામ વસ્તુઓમાં વ્યાપી રહેલા પ્રત્યક્ષ દેખાય છે એવા પ્રભુજીની નીશાળમા હાલમાં હું છુ તો પછી તમારી લૌકીક નીશાળની મને શી જરૂર હોય? તમારી નીશાળથી જીવ, શીવને તદન ભૂલી જાય છે અને અજ્ઞાનને લીધે માયાના બંધમાં પડીને મોહને દ્દઢ કરે છે.

આ સાભળીને માતુશ્રી દીંગ થઇ ગયા પછીથી સ્વામીજીને માતુશ્રીએ દરરોજના નિયમ પ્રમાણે વેદાન્તનું શ્રવણ કરાવવા લાગ્યા.

ચમત્કાર ૨ જો

એક દિવસ સ્વામીજી ભેંશ ઉપર સવાર થઇ મિત્રોને બુમ મારી કહેવા લાગ્યા કે દોસ્તો જુઓ! હું હાથી ઉપર બેઠેલો છું તમે વાજાં વગાડવા માડો અને આપણે આજે આખા ગામમાં વરઘોડો ફેરવીએ.

આ સાંભળીને બધા ખુશ થયા ને કુદવા લાગ્યા. કેટલાક તો હાથમાં જે કાંઇ મળ્યું તે લઇ વગાડવા લાગ્યા આ પ્રમાણે શરૂઆત થઇ પણ ભેંસ અટકી ગઇ. છોકરાઓ ભેંસને ચલાવવાની બનતી મહેનત કરી ચૂકયા તોપણ ભેંસ તો ચાલી જ નહિ. આ જોઇને સ્વામીજી ગુસ્સે થઇ ભેંસને કહ્યું "હવે તું મરી જા." મોઢામાંથી આ વચન જેવાં નીકળ્યાં કે તુરત જ ભેંસ જમીન ઉપર પડી ને મરી ગઇ.

આ જોઇ છોકરાઓ માતુશ્રી આગળ દોડી ગયા અને કહેવા

આવ્યા કે માજી, સીદ્ધાએ શ્રાપ આપવાથી ભેંસ મરી ગઇ છે. માતાજી આ સાંભળતાં ગભરાયાં અને તુરત જ જ્યાં સ્વામીજી હતા ત્યાં આવી પહોંચ્યા અને સાંભળેલી વાત નજરે જોતાં તેમના મનમાં ઘણું જ લાગી આવ્યું ને રડવા લાગ્યાં. પછીથી ગળગળા અવાજે બોલ્યાં શિવ, શિવ, સીદ્ધા-ભેંસને કેમ મારી નાખી.

માતાજીની સ્થીતી જોઇને સ્વામીજીને દયા આવી અને કહેવા લાગ્યા કે એમા શું થયું-તમારે ભેંસ જોઇએ એટલુંજ ને! તે માટે આટલો વિલાપ શા સારૂ કરો છો!

આટલું કહી ૐ નમઃ શિવાય નો ઉચ્ચાર કરીને ભેંસના અંગને હાથ લગાડતાં જ ભેંસ આળસ મરડીને ઉભી થઇ

આ બનાવ જોઇને બધા લોકોને આશ્ચર્ય લાગ્યું, અને કહેવા લાગ્યા કે આ કોઇ અલૌકીક કૃતી છે અને માંહેમાંહે કહેવા લાગ્યાં કે વિષ્ણુ કે શંકરનો અવતાર છે અને આપણો ઉદ્ધાર કરવા માટેજ અવતરેલા છે

સ્વામીજીએ કહ્યું કે "ભેંસના અજ્ઞાનથી ભરેલા જીવને બ્રહ્મમાર્ગ ગમ્યો નહિ તેથી-સબળ આત્માએ તે જીવને કબજે કરી, ભેંસના શારિરીક દેહનો અંત આણ્યો, આ જોઇને માજી કે જેમણે અહં ભાવને ઘણા સમય સુધી પોષ્યો હતો તે-દોડયાં-તેનું કારણ માત્ર માયા.

અહંતાથી મોહિત થઇ શિવ સ્વરૂપ, સબળ આત્મા પાસે. અહંતાને પોષવા દીન મુખે માગણી કરી-એટલે એજ આત્માના પ્રતાપથી ભેંસને પુનર્જીવન પ્રાપ્ત થયુ-અને દરેકને ભક્તિમાં જીવન ગાળવા ઉપદેશ દીધો.

સ્વામીજીનાં આવાં જ્ઞાનયુક્ત અને સંશય દુર કરે તેવાં વચનો સાંભળી, હાજર રહેલા માણુસો ઘણા ખુશ થઇ ગયા અને સ્વામીજીની ન્હાની વય છતા, આવી અદ્‌ભુત શક્તિ ને જ્ઞાન જોઇ વિચારવા લાગ્યા કે આ કોઇ દૈવી વ્યક્તિ છે ને તેમનો સમાગમ થવાથી પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા.

ચમત્કાર ૩ જો.

એક દિવસે સ્વામીજી મિત્રો ભેગા કરી કહેવા લાગ્યા કે ચાલો આજે આપણે તળાવમાં ન્હાવા જઇએ. આ સાંભળીને બધા ખુશ થયા અને ઉત્સાહથી તળાવને કીનારે આવ્યા અને સ્વામીજી સાથે ન્હાવા સારૂ તળાવમાં ઊતર્યા.

તેમાથી એકજણુ જે બ્હીકણુ હતો તે તળાવના કીનારે બેસી રહ્યો. સ્વામીજીએ આ વાત તુરત જ જાણી ને તે છોકરાને પકડી અંદર ખેંચવા લાગ્યા, ત્યારે એ બુમો મારવા લાગ્યો કે જેથી બીજા છોકરાઓએ ત્હેને છોડવા સારૂ સ્વામીજીને વિનવ્યા પણુ તેઓએ કોઇનું સાંભળ્યું જ નહિ ને પેલા બીકણુ છોકરાને જ્યાં પાણી બહુ ઉંડાં હતાં ત્યાં લઇ જઇ અને ત્હેની સાથે ડુબકી મારી અદ્દશ્ય થયા.

થોડીવાર પછી પાણીમાં રહીને સ્વામીજી એકલાજ ઉપર દેખાયા અને તરીને કાંઠે આવ્યા. આવી રીતે પેલા છોકરાને ડુબાડેલો જોઇ બધા છોકરાઓ સ્વામીજીનો વાંક કાઢી કહેવા લાગ્યા કે સીદ્ધા તેં આ શું કર્યું; પેલા છોકરાને કેમ ડુબાડી દીધો ? ત્યારે સ્વામીજીએ જવાબ આપ્યો કે "મ્હેં એની બ્હીક કાઢી નાખી છે," અને હવે આગળ કોઇપણ જાતનો એને ભય રહ્યો નથી. આ સાંભળી છોકરાઓએ

જવાબ આપ્યો કે "જીવ ગયા પછી ભય શાનો" ! એમ કહીને તેમાંના કેટલાક તે ડુબેલા છોકરાને ઘેર પહોંચ્યા અને તેની માતાને બધી વાતથી વાકેફ કરી કહ્યું કે ત્હારા છોકરાનો નાશ આજે સીદ્ધાએજ કરેલો છે.

ત્હેનો એકનો એક છોકરો મરી ગયેલો સાભળી તે બુમો પાડતી અને વિલાપ કરતી તળાવના કિનારા ઉપર આવી સ્વામીજીને પૂછ્યું કે આ કેવી જાતનું ઘાતકીપણુ ! ત્યારે સ્વામીજીએ શાન્ત ચિત્તે ઉત્તર આપ્યો કે આમા જરાએ ઘાતકીપણું નથી. ત્હારો છોકરો ભય રહિત થઇને પાણીરૂપી પરમાત્માની અંદર સુખી છે. આ સાભળીને બાઇએ કહ્યું કે "તમારો આ વેદાન્ત અત્યારે મારી પાસે બીલકુલ ચાલશે નહિ, મ્હારા રતન જેવા છોકગને ત્હેંજ મારી નાખ્યો તેને હમણાંને હમણાં લાવી આપ, આમ કહીને તે વધારે રૂદન કરવા લાગી એ જોઇ સ્વામીજીએ કહ્યું કે તમારો છોકરો પરબ્રહ્માનદસ્વરૂપની લહેરીમા ઝુલે છે ત્હમે એને હાંક મારો એટલે ઝટ લઇને તમારી પાસે આવશે. આ સાભળતાજ બાઇએ "દેવદત્તા" કરીને છોકરાને મોટેથી બુમ મારી કે તરતજ ઉંડા પાણીમાંથી છોકરો એકદમ ઉપર આવ્યો અને પછી તરીને કાઠે આવ્યો. આ જોતાજ એની મા ત્હેના તરફ દોડી અને ભેટી પડી અને પૂછ્યુ કે બેટા તું કયાં હતો ? છોકરાએ જવાબ આપ્યો કે હું અત્યાર લગી બ્રહ્માનંદમાં સુખેથી મ્હાલતો હતો પણ હવે આ જગતની જાલીમ જાળ અને સંકટો મ્હને દેખાય છે. માએ કહ્યું અમે બધા તું મરી ગયો છે એમજ જાણતા હતા પરંતુ ત્હને જીવતો જોઇને અમને ઘણોજ આનંદ થાય છે અને ત્હારા સીવાય મારો

જીવ જતો હતો. આટલું કહી તે બાઇની આંખમાંથી એક સરખાં આનંદના આસુ પડવા લાગ્યા.

તે વખતે સ્વામીજી ત્યાં ભેગા થયેલા બધા લોકો કે જેઓ આ બનાવ જોઇ દીંગમુઢ થઇ ગયા હતા તેમને ઉદ્દેશીને કહે છે કે આ બનાવની બીના લક્ષ દઇને સાંભળજો. આ બાળકને અજ્ઞાન જીવ સમજો, એને ઉપાધી મુકી જવું ગમતું ન હતું. ઉપાધીને તજવી એટલે કે બ્રહ્મમા ડુબવું અને ત્યારેજ જીવ સ્વ સ્વરૂપને ઓળખતો થાય છે. ઉપાધી (માયા) રૂપી ખડીક ને પકડી રાખીએ તો દુઃખની સીમા રહેજ નહિ. એટલા માટેજ સદ્દગુરૂએ દયાળુ બનીને જબરજસ્તીથી, શીષ્યને ખેંચીને એનુ દેહાભિમાન ટાળવા સારૂ પાણીરૂપી બ્રહ્માનંદમાં લઇ ગયા. સ્વામીજીના બાળવયમા આવી કથા સાભળીને બધા લોકોને આનંદાશ્ચર્ય થયું અને આ તદન શીવનોજ અવતાર છે એમ કહી પગે પડવા તૈયાર થયા, કે તરતજ સ્વામીજી જરાક હસી તેમના ઘર તરફ દોડી ગયા.

ચમત્કાર ૪ થો.

એક દિવસે પોતાના બાળ મિત્રો સાથે સ્વામીજી ઝમરૂખના બગીચામાં ગયા, ત્યારે બધા છોકરાઓ સારા સારા ફળ ભેગાં કરવા ચારે બાજુ દોડી ગયા.

આ જોઇ સ્વામીજી એક જગ્યાએ એકલાજ ઉભા રહી વિચાર કરે છે કે આ બધાઓ હજી સુધી માયાના પાસને લીધે શબ્દ સ્પર્શાદિ વિષય સુખમા ગુંથાયલા દેખાય છે માટે એ બધાને ખરૂં આધ્યાત્મીક જ્ઞાનનુ ભાન થાય એવો ઉપાય યોજવા જાઇએ; એમ

નિશ્ચય કરી સ્વામીજીએ એક ફળ તોડયું ને ભોય ઉપર મુકયું કે તરતજ તેને મોરો ઢગલો બની ગયો.

છોકરાઓની ઢગલા ઉપર નજર પડતાજ ત્યાં દોડી આવ્યા અને વિચાર કરવા લાગ્યા કે આ ઢગ અહીઆં એકદમ શી રીતે થયો. ઇશ્વરની કળા અગાધ છે અને આપણે જાણી શકતા નથી એમ સમાધાન કરી તેઓએ ખવાય તેટલાં ફળ ખાધા ને બાકીનાના પોટલાં બાધવા લાગ્યા. પછી સ્વામીજી પુછે છે કે ધરાઇને ફળ ખાધા કે? આ ઢગ કોની કૃપાથી આપણને પ્રાપ્ત થયો છે તેનો જરા પણ વિચાર કર્યો છે?

છોકરાઓઃ આ સારા ફળ પરમેશ્વરે અમારા ઉપર કૃપા કરીને મોકલ્યા છે પરંતુ અમારા અજ્ઞાનને લીધે તે પરમેશ્વરને જાણવાની શકિત અમારામાં હજુ સુધી આવી નથી. આમ કહી બાધેલા ફળ નાખી દેવા ને ઘર તરફ જવું એમ છોકરાઓએ જણાવ્યું

સ્વામીજીઃ—આ ફળ હવે નાખી દેશો તો પણ તમારી નજરમા આવી ગયા હોવાથી દરેકનું મન ખેંચાશે વિષયની બાધા પણ એવીજ છે; કદાચ કહેશો કે આંખ બંધ કરીને દેહાભિમાનને છોડીશું પરંતુ જો જરા પણ દેહાભિમાન રહ્યું તો ઇશ્વર પ્રાપ્તિના માટે કરેલા બધાજ પ્રયત્નો વ્યર્થ જશે માટેજ અભિમાનનો સમુળગો ત્યાગ થવો જોઇયે જપ તપ કે અપવાસ આ બધા ઉપાયો ઇશ્વર પ્રાપ્તિને માટે પુરતા નથી. ઇશ્વરનું ધ્યાન ધરવાથી આત્મજ્ઞાન થાય છે અને પછી મન બ્રહ્માનંદમાં મગ્ન થઇ આખરે મોહને ત્યાગે છે.

હવે ફળ લેવાં હોય તેટલા લઇ ઘર તરફ ચાલો. આ સાભળી છોકરાઓ ખુશ થતા સ્વામીજીની પુઠે પુઠે ચાલવા લાગ્યા. થોડુંક

ચાલ્યા બ'દ રસ્તામા એક મોટો સર્પ પડેલો જોઇ છોકરાઓ ગભરાઇને નસવા લાગ્યા તે જોઇ સ્વામીજી પોતે સર્પની પાસે જઇ છોકરાઓને બુમ મારી કહેવા લાગ્યા કે સર્પ તો મરેલો છે માટે બ્હીવાની કશી જરૂર નથી પરતુ છોકરાઓ તો પાસે આવ્યાજ નહિ. આખરે સ્વામીજીએ હાથમાં સર્પને ઝિચકીને બધાથી દેખાય તેમ હાથ ઉચો કરી દેખાડયો. ત્યારે છોકરાઓના મનનુ સમાધાન થયુ અને પછી સ્વામીજી પાસે ભેગા થયા, તે વખતે સ્વામીજીએ આગળ પ્રમાણે ઉપદેશ કર્યો કે જુઓઃ-જગતની સ્થિતિ આવી છે જે બહારથી દેખાય છે તેનાથીજ બધા લોકો બ્હીએ છે પરંતુ અંદરની નિર્મળ સ્થિતિનો કોઇ વિચાર કરતા નથી એનાજ લીધે ગુરૂ ઉપદેશની ખાસ જરૂર છે. કારણ ગુરૂ ઉપદેશથી અંતર દષ્ટિ ખોલાય છે અને તેથી દુનીયામા આપણને જે દેખાય છે એ ખરૂં નથી એવી ખાત્રી થાય છે.

શ્રી સિદ્ધારૂઢજીનો આ પ્રમાણે અગાધ મહીમા છે.

પ્રકરણ ૨ જું

"સ્વામીજી ગુરૂની શોધમાં"

થોડાક દીવસ વિત્યા પછી, એક દીવસે સ્વામીજી માતાજીના ખોળામાં બેસીને, કુળગુરૂ વિરભદ્ર પુરાણ સંભળાવતા હતા, તેમા મહા પ્રલયની વાત નીકળી ત્યારે કુળગુરૂએ કહ્યું કે તે વખતે આકાશ

જળમય થશે અને દેવતાઓના સ્વર્ગનો પણ નાશ થશે, ત્યારે માણુસની શી ગુંજાશ છે ?

આ સાંભળતાંજ સ્વામીજીએ પ્રશ્ન કર્યો કે આકાશ જળમય કેમ થશે ? ત્યારે કુળગુરૂએ કહ્યું કે કોઇ અનુભવીક ગુરૂને આ વાત પુછવાથી, તે આ શંકાનું નીવારણ કરશે.

આ સાંભળીને, બ્રહ્મવેત્તા ગુરૂ શોધી કાઢવાનો સ્વામીજીએ દૃઢ નિશ્ચય કર્યો.

બીજે દીવસે સહવારે ઘરમાં કોઇને પણ ન કહેતાં સ્વામીજી એકલાજ ઘરની બહાર નીકળ્યા, અને રસ્તા ઉપર ચાલવાનું શરૂ કીધું. થોડાક દૂર ગયા પછી, રસ્તામાં ત્હેમને પોતાના "સોમ અને ભીમ" નામના બન્ને મીત્રો મળ્યા.

મીત્રોએ સ્વામીજીને પૂછયું. બાપુ, એકલા કયાં પધારો છો ? ત્યારે સ્વામીજીએ પ્રલયની બધી વાત કહી સંભળાવી અને કહ્યું કે આવી રીતે બધાનો નાશ થવાનો છે, આથી મનુષ્ય માત્ર સંસાર સાગર તરવાનો ઉપાય ઝટ શોધવો જોઇએ અને તેટલા માટે ગુરૂ ઉપદેશની ખાસ જરૂર છે, કારણ ગુરૂ વિના કરેલાં બધાં યત્નો ફોકટ છે. તેથી હું સદ્‌ગુરૂની શોધમાં નીકળ્યો છું.

ત્યારે મીત્રોએ કહ્યું કે, આ બધી વાતની બાળપણમાં કશી જરૂર હોતી નથી, પણ આ બધું ઘડપણમાં શોધવુ જોઇએ, સ્વામી-જીએ કહ્યું કે વૃદ્ધાવસ્થામાં આ સધાય તેમ નથી. તરૂણ અવસ્થામાં, કામ, ક્રોધને લીધે આંખો અંધ બને છે, અને તેથીજ દુઃખ સહન કરતાં પણ સ્વસ્વરૂપનો બોધ થવો મુશ્કેલ છે.

તરૂણ અવસ્થામાં ભોગવેલા વિલાસની યાદ વૃદ્ધાવસ્થામાં

થાય છે, અને ચિન્તાથી મન હમેશાં દુઃખીત રહે છે તેથીજ સારા વિચારને આશ્રય મળતો નથી.

બીજું મરણની બ્હીકને લીધે, મન હમેશાં ચંચળ રહે છે, તેથી વેદાંન્ત શ્રવણનો ફાયદો આ વખતે થતો નથી. એનાજ લીધે સ્વચ્છ બાળપણમા, "આત્મજ્ઞાની ગુરૂ" શોધી, એમની પાસેથી ઉપદેશ લઇ જ્ઞાન સંપાદન કરી, તે પ્રમાણે વર્તન કરવું એ વધારે શ્રેષ્ટ છે

સ્વામીશ્રીની આ બોધદાયક વાણી સાંભળતા જ બંને મિત્રોની ખાત્રી થઇ, અને સાથે આવવા તેઓએ અરજ કરી, આથી સ્વામીજીએ હા પાડી. પછીથી ત્રણે જણાએ આગળ ચાલવા માડ્યું. એકાદ માઇલ દુર ગયા પછી તેઓની નજરે એક ન્હાનું ગામ દેખાવા લાગ્યું. ગામમાં ગયા પછી સોમ અને ભીમને અતિશય ભૂખ લાગતા જ સ્વામીજીને કહેવા લાગ્યા કે અમોને આ જગ્યાએ ખાવા કોણ આપશે ?

સ્વામીજીએ કહ્યું કે શરીરની ચિંતા કરવી નહિ. અંતઃકરણમાં પરમેશ્વરનું સ્મરણ માંડો એટલે તમોને સહેજ સુખામૃતનો લાભ થશે અને જીવને શાંતિ મળશે કે જે શાંતિ અન્ન ખાવાથી પણ મળે નહિ ત્યારે અન્નનું શું કામ છે? જે પરમકૃપાળુ પરમેશ્વરે તમોને દેહ આપ્યો છે, તે જ એનું પાલન કરનાર છે.

આ સાંભળતાં જ બંને જણા કહેવા લાગ્યા કે તમારૂં તત્વજ્ઞાન અમે જાણીએ છીએ, પણ જ્યારે ભૂખથી પ્રાણ વ્યાકુળ થાય છે ત્યારે અન્ન વિના તૃપ્તિ નથી, આ માટે પણ 'પારાશર સ્મૃતમાં' 'અન્ન આધારે પ્રાણ' એમ કહેલું છે. પ્રાણની તૃપ્તિ થવાથી મન

શાંત રહે છે અને તેથી જ ઇશ્વરભક્તિ કરવાનું મન થાય છે.

સ્વામીજીએ કહ્યું કે આટલું બધું જાણો છો છતાં ઇશ્વરને ભૂલીને અન્નને સારૂ શા માટે વલખા મારો છો? આખી દુનીઆનું એ (ઇશ્વર) પોષણ કરે છે એ તમો ખાસ ભૂલતા નહિ.

ભૂખ મનની એક સ્થિતિ છે, મન જે વખતે તેની તરફ ખેંચાય છે, ત્યારેજ ભૂખ લાગી એવી ભાવના થાય છે માટે મનને અટકાવીને, ભક્તિ તરફ ખેંચશો એટલે ભુખ લાગતી બંધ થશે. આ બધું ધ્યાનથીજ સાધવાનું છે, આ સિવાય બીજો એક પણ ઇલાજ નથી. ધ્યાન ધરવાથી પ્રાણ સ્થિર થાય છે અને તેથીજ જઠરાગ્નિ અનુદિપ્ત થઇને ભૂખને શાન્ત કરે છે, જેથી શરીરને આંચ આવતી નથી.

આ સાંભળી બન્નેના મન શાન્ત થયા અને આગળ ચાલવા માંડયું અને થોડા સમય પછી બીજા ગામમા આવી પહોચ્યા, અને એક શીવાલયનો આશ્રય લીધો.

સોમ અને ભીમ ચાલવાના થાકથી એક ખુણામા જઇને સુઇ ગયા.

બીજી તરફ સ્વામીજી, શંકરના સામે આવેલા નંદી ઉપર ચઢીને બેઠા.

આ વખતે ત્હેમનું વય સાત વર્ષનું હોવાથી ત્હેમનુ ન્હાનકડું શરીર, નંદી ઉપર ઘણી સારી શોભા આપતું હતું.

એટલામાં મન્દીરનો પુજારી ત્યા આવી પહોચ્યે ને સ્વામીજી ને નંદી ઉપર બેઠેલા જોઇ એકદમ ક્રોધથી લાલ મુખમુદ્રા કરીને બોલ્યો "નંદી દેવના ઉપર બેસનાર તું કોનો છોકરા છે? ચાલ, નીચે ઉતર, ત્હારી બ્હીક કયા ગઇ છે?

સ્વામીજીએ જવાબ આપ્યો કે "હું ફક્ત એક પરમાત્માથીજ બ્હીઉં છું પરંતુ તું તો પથ્થરથી બ્હીએ છે, આ વચન સાંભળી પુંજારી વિચારમાં પડ્યો, તે જોઇને સ્વામીજી હસવા લાગ્યા.

પુંજારીએ "ત્હારે પ્રાયશ્ચિત કરવું જોઇએ" એમ કહી ગામમાં ગયો, અને ઘણા લોકોને ભેગા કરી લઇને મન્દીરમાં પાછો ફર્યો,

સાથે આવેલા લોકો સિદ્ધાજીને નંદી ઉપર બેઠેલા જોઇ ઘણા ગુસ્સેથી કહેવા લાગ્યા, "કે હવે ત્હને મારીને નીચે પાડવો જોઇએ, આમ કહી બધા લોકો સ્વામીજીની નજદીક ગયા પરંતુ સીદ્ધરાજ તો નંદી ઉપર નીર્ભય હસતા બેઠાજ રહ્યા.

છેવટે એક જણને ઘણોજ ગુસ્સો આવવાથી સ્વામીજીને મારવા સારૂ હાથ ઉગામ્યો, પરંતુ તેના ઉગામેલા હાથમાં એકાએક ખીલો લાગ્યો અને ઘણું લોહી તુટી પડ્યું.

આ જોઇને બધા માણસો પાછા હટયા અને બોલ્યા " ગાંડો બનીને દેવના ઉપર શા માટે બેઠો છું ? ત્હેમનો આવો પ્રશ્ન સભાંળીને સ્વામીજીએ હસ્તે ચહેરે, સામો પ્રશ્ન કર્યો કે " બેસનાર અને વહેનાર. એ બેમાંથી મ્હોટો કોણ ? આનો વિચાર કરીને જવાબ આપો તમોએ ભકતી વગર આવી પુજા કરવાથી એમાનું દૈવીપણું જતું રહ્યું છે અને ફકત એક પત્થરની મુર્તીરૂપે રહ્યું છે, માટે ત્હેની અંદર મ્હેં ફરીથી પ્રાણ આરોપવાની શરૂઆત કરી છે.

હૃદયમાંથી નીકળતી અધિકાર યુક્ત અમૃતતુલ્ય જ્ઞાન વાણી સાંભળીને તે બધા લોકો ચકીત થયા અને એક બીજાની સ્હામે જોઇ, માંહે માંહે કહેવા લાગ્યા કે, " આ કોઇ મહા જ્ઞાની પુરૂષ લાગે છે

એમ બોલી બધા લોકો સ્વામીજીના પગમાં પડયા. આ વખતે સ્વામીજી બોલ્યા, "મૂર્તીના કરતાં મહાત્માની પુજા વધારે શ્રેષ્ઠ છે, કારણ પરમાત્મા મહાત્માના રૂપમા છે. એવું બધા ધર્મો તથા શ્રુતિ અને સ્મૃતિમા પણ કહેલું છે.

જેવી રીતે ગર્ભમાં રહેલા બાળકને, માતાએ અન્ન ખાવાથી પોષણ મળે છે, તેવીજ રીતે મહાત્માની પુજા કરવાથી પરમાત્માને આનંદ થઇ તૃપ્તી થાય છે."

આ પ્રમાણે મહાવાકય સાંભળીને બધા લોકો આનંદ પામ્યા અને મહાત્માની પુજા કરવી જોઇએ એવો વિચાર કરી પોત પોતાને ઘેર ગયા.

બાદ આ બધી ખબર ગામમા ફેલાઇ જવાથી ઘણા લોકો પુજા સામગરી તથા નૈવેદના ટાટો સાથે લઇને પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો આવી પહોચ્યા, અને થોડાક સમયમા મન્દીરમાં માણસોની ભારે મેદની જામી.

નદી ઉપર બીરાજેલા સ્વામીજીની સુંદર મુર્તી જોઇને સર્વ લોકોને ઘણોજ આનંદ થયો, અને સામગરીથી (નૈવેદ) ભરેલાં બધાં ટાટો સ્વામીજીની આગળ ભેટ ધર્યા.

સિદ્ધ સ્વામીજી આગળ આ બધા નૈવેદના ટાટો ભેટમાં મુકાયલા જોઇને સોમ અને ભીમ ત્યાં દોડી આવ્યા. સ્વામીજીએ ત્હેમને કહ્યું, જુઓ આપણે માટે ઇશ્વરે અન્ન મોકલ્યું છે, તો ત્હેમાંથી પરમાત્માનું નામ સ્મરણ કરીને ભૂખની શાન્તિ કરો.

તુરતજ સોમ અને ભીમે જમવાનો આરંભ કર્યો, સ્વામીજી તો બીલકુલ થોડુ જમ્યા, અને પછીથી બોલ્યા.

આ વખતે લોકોનો સંગ જરૂરનો નથી એમ પોતાના મીત્રોને આંખના ઇશારાથી સમજાવી, ભેગા થયલા લોકોની નજર ચુકાવી, સ્વામીજી ત્યાંથી ગુપચુપ છટકી ગયા અને સાંજ પડતા સુધી ધીરે ધીરે આગળ ચાલવા માડયું. રાત પડવાથી સોમ ગભરાયો અને સ્વામીજીને કહેવા લાગ્યો કે 'આટલી રાત્રે અમને આ ઘોર અરણ્યમાં કોની પાસે લઇ જાઓ છો? અહિઆં રસ્તો સુદ્ધા પણ દેખાતો નથી, ત્હેને ભીમે જવાબ આપ્યો કે ભાઇ બ્હીશો નહિ આપણુ રક્ષણુ કરવા સારૂ પરમાત્મા આપણી સાથે છે, તો તેમનું નામ સ્મરણુ કરી, બધો ભરૂસો ઇશ્વર ઉપર રાખી રસ્તે ચાલો, આપણુ રક્ષણુ કરનાર પરમાત્મા મીત્રરૂપે પ્રત્યક્ષ છે.

આ સાંભળીને સોમ જરા સ્વસ્થ થયો. પરંતુ બ્હીતો બ્હીતો ચાલવા લાગ્યો, એટલામાંજ ત્હેના પગમા કાંટો લાગવાથી, તે રસ્તામા બેસી ગયો અને રડતા બોલ્યો "આ લોકોની સાથે આવી નીકળ્યો એ મ્હેં મોટી ભૂલ કરી" હવે જો જીવતો રહીશ, તો ફરીથી આવી સોબતમાં આવીશ નહી.

અથી સ્વામીજી ત્થા ભીમે ત્હેને હાથમાં ઉચકીને ચાલવા માડ્યું, તેટલામા વનપશુઓની મ્હોટી ગર્જનાઓ સાભળવાથી ભીમને પણ રડવું આવ્યું, અને સ્વામીજીને કહેવા લાગ્યો કે હવે આ રસ્તે અમને જવાનું ગમતું નથી માટે આટલામાં જો કોઇ ગામ નજદીક હોય તો તેની તપાસ કરીએ.

સ્વામીજીએ ભીમની આવી નિરાશ સ્થિતિ જોઇ કહ્યું કે ભાઇ "ગુરૂ શોધવાનો માર્ગ તો ઘણોજ મુસ્કેલજ હોય છે, જ્યાં સુધી દેહાભિમાન છૂટે નહિ ત્યા સુધી કાઇ વળે નહીં,

એક જીવના દુઃખ કરતા જન્મમરણનું દુઃખ વધારે છે, પણ પોતાનું સ્વસ્વરૂપ સમજાયા પછી તે છુટી શકે છે, અને સ્વસ્વરૂપનું જ્ઞાન સદ્‌ગુરૂ પાસેથીજ મળી શકે.

શરીરને કષ્ટ આપ્યા સિવાય સદ્‌ગુરૂની સેવા કરવાને તે યોગ્ય બની શકે નહિ. અને સેવા સિવાય ગુરૂની કૃપા થાય નહિ.

ગુરૂની સેવા ઉત્તમ પ્રકારે થાય તોજ ગુરૂની કૃપારૂપી ઉપદેશ મળે છે ને ઉપદેશથી જ્ઞાની થઇ આખરે મોક્ષને પામે છે.

જ્યારે ગુરૂની કૃપાનો સમય નજદીક આવે છે ને ગુરૂજી શિષ્યના અંતઃકરણમાં બીરાજે છે, ત્યારે શિષ્ય લોકોને ગભરાટ થાય છે એટલે ગુરૂજી શિષ્યની પરીક્ષા (કસોટી) માટે જુદા જુદાં સાધનો યોજે છે તેમાં જો પ્રસાર થાય તો પછી એના ઉપર જ્ઞાન પ્રસાદની કૃપા કરે છે, તો આટલા થોડા કષ્ટથી જ ભય પામીને અક્ષય સુખના માર્ગ છોડવા ત્હમો તૈયાર થયા છો તો પછી સદ્‌ગુરૂની કૃપા શી રીતે થશે ?

ઉપર પ્રમાણે સ્વામીજીની વાણી સાભળી તે બંને મિત્રો બોલ્યા આપનું કહેવું બધું યથાર્થ છે પરંતુ અમારી સાધન સંપત્તિ બહુ ઓછી છે, અને આ રીતે ગુરૂજી મેળવવાનો રસ્તો બને નહી, તે ત્હમારા જેવા મહાત્માને માટે જ યોગ્ય છે. માટે અમને ગામનો રસ્તો બતાવો, એટલે સ્વામીજીએ " ડાબા હાથ તરફ દીવો બળતો દેખાય છે તે બતાવી, તે રસ્તે ત્રણે જણાએ આનંદથી ચાલવા લાગ્યા એટલે થોડી વારમાં એક ગામ જણાયું. ગામમા પેસતા જ એક દેવળ દેખાયુ તેમા ગયા અને બધા થાકી ગએલા હોવાથી ત્યાં જ નિદ્રા કરી.

આ દેવળ ઘણું જ જીર્ણ હતું અને વળી વરસાદ પણ પડતો હતો, પવનના ઝપાટા પણ ઘણા જ સખત આવતા હતા, આથી એક બાજુની ભીત જે પડી જાય તેવી હતી, તે એકદમ પડવા લાગી.

આ જોઇને સોમ અને ભીમ ખુબ ગભરાવા અને પોતે સ્વગત કહેવા લાગ્યા કે સિદ્ધાની સોબતમા આવતાં જ, એક પછી એક જોખમો અમારા ઉપર આવવા લાગ્યાં, અને કોણ જાણે કે અમારો જીવ પણ બચશે કે કેમ? તે પણ સવાલ છે. ખરે અમારી દુર્દશાજ આવી લાગી છે.

આ સાંભળીને સ્વામીજી બોલ્યા, સદ્ગુરૂની શોધ કરતાં શરીર પડે, તો પણ ચિન્તા શા માટે કરવી જોઇએ?

ત્હમે ગામમા આવવાની ઇચ્છા કરી તે પૂર્ણ થઇ, તો પણ તમારૂં દુખ જેવું ને તેવું જ રહ્યું, તેવી રીતે "આ જગતમાં એક ઇચ્છા પુરી થતાં બીજી ઇચ્છા થાય છે. અને આ પ્રમાણે એક વિચાર પૂર્ણ થતાં જ બીજો ઉદ્ભવે છે અને એ પ્રમાણે આશાનો અંત આવતો નથી, માટે જ મનુષ્યે મનોનિગ્રહ સાધવો આવશ્યક છે, એટલામાં વરસાદ બંધ થયો, અને સોમ અને ભીમને અતીશય ભુખ લાગેલી હોવાથી, અત્યારે ભીક્ષા લેવા ચાલો એમ કહેવા લાગ્યા.

આ વખતે સ્વામીજીને નીંદ્રા આવવાથી, સોમ અને ભીમ, ભીક્ષા માગવા ગામમા ગયા. તેઓ એક ગૃહસ્થના ઘર અગાડી આવી પહોચ્યા, તે ગૃહસ્થ બહાર આવી અને બોલવા લાગ્યા કે "આજ લોક ચોર છે" પરમ દિવસે મ્હારી ઉત્તમ ભેંસ ચોરી જનાર તમો

જ છો, અને હવે પાછા સાધુનો વેષ ધારણ કરીને આવ્યા છો.

સોમ અને ભીમ કહેવા લાગ્યા, મહારાજ, અમે તો પહેલ વહેલા આજેજ આવ્યા છીએ. અમને ભૂખ લાગવાથી ભીક્ષા માટે નીકળ્યા છીએ, અમે કોઇ ચોર નથી, અમારા ઉપર દયા કરો અને કાંઇ ખાવાને માટે અન્ન આપો.

આ સાભળતાં જ ગૃહસ્થ બોલ્યા, " ઉભા રહો ત્હમોને કપાળમાં ભીક્ષા આપુ છું અથી બને જણા ગભરાયા અને જીવ લઇને એકદમ નાઠા રસ્તામા રાત્રે ચોકીવાળા સીપાઇઓ મળ્યા. તેઓને પકડી ખૂબ ધમકાવી કહ્યું કે અત્યારેને અત્યારે દેવળમાં પાછા જાવ અને સહવાર થતાં જ ગામ છોડી ચાલ્યા જજો, આ પ્રમાણે ધમકી આપી છોડી મૂકયા.

આવી રીતે અતીશય કષ્ટ પામીને, ભીક્ષા મળ્યા વગર, તે બંને જણા દેવળમા પાછા ફર્યા.

અહીઆ સ્વામીજી આનંદથી ઇશ્વર ભજન કરતા બેઠા હતા તેમણે આ બનેને વ્હીલે મોઢે પાછા ફરેલા જોઇને કહ્યું, જુઓ ! ત્હમે ઇ'વર પર શ્રદ્ધા ન રાખતા ભીક્ષા માગવા ગામમા ગયા, પણ હુ તો શિવ પ્રભુનું ધ્યાન ધરતો બેસી રહ્યો. એટલામાં એક પૂજારીએ દેવને માટે નૈવેદ્ય આણેલું તે ધરાવી મ્હારી પાસે મૂકયું–તે આ રહ્યું ત્હમોને ભુખ લાગેલી છે તથા ભીક્ષા મળવાની નથી એમ મ્હને લાગેલું, તેથી જ મ્હેં આ ભોજન સામગ્રી તમારે માટે રાખી મૂકી છે.

આ દયાપૂર્વક શબ્દો સાંભળીને બંને જણા બોલ્યા, "શિવ, શિવ, અમારૂં જીવવું વ્યર્થ છે, ભગવાનને આવી જ રીતે ભુલી

જઇએ છીએ." પછીથી ત્રણે જણાએ બેસી ભોજન કરી ઇશ્વર ધ્યાન ધરી સુઇ ગયા.

સવાર પડતાં જ સોમ અને ભીમ સ્વામીજીને કહેવા લાગ્યા, "હે સીદ્ધાજી અમે તો અજ્ઞાની જીવ છીએ, અને ગુરૂ શોધવાના માર્ગમાં અમારૂં મન સ્થિર થઇ શકે તેમ નથી, કારણ કે એ માર્ગ ઘણો જ કઠણ હોવાથી એમાં સફળતા મળે એમ લાગતું નથી, અને વળી માત પીતાનો પ્રેમ અમારાથી છૂટતો નથી. આવી નીરાશા ભરેલી વાણી સાંભળીને, શ્રી સીદ્ધાજીએ કહ્યું:- ભાઇ, તમોને ઘણું દુઃખ સહન કરવું પડ્યું છે. પરંતુ ગુરૂ માર્ગ તો ઘણો જ કઠણ છે પણ તેની સાથે પવિત્ર પણ છે. દેહાભિમાન રાખવાવાળા મનુષ્યોને એ પ્રાપ્ત થવો ઘણો જ મુશ્કેલ છે.

હવે જો તમારાથી ગુરૂમાર્ગ શોધવાનું ના બની શકતું હોય, તો તમો ઘેર જાઓ! અને પરમાત્માનું ભજન કરતાં સુખેથી સંસાર ચલાવો.

સ્વામીજીનાં આવા વચન સાંભળી બંને જણા, સ્વામીજીના પગમા પડયા, અને આશીર્વાદ લઇ ઘર તરફ બંને જણા પાછા ફર્યા.

ત્યાર બાદ સ્વામીજી, સદ્ગુરૂની શોધમા એકલા જ આગળ ચાલી નીકળ્યા.



શ્રી ગજદંડ ગુરૂ સિદ્ધાઈને બેસાડી પ્રેમથી વાર્તાલાપ કરતા.

Lakshmi Art, Bombay, 8

પ્રકરણ ૩ જું

શ્રી ગજદંડ ગુરૂની ભેટ અને સુબૈયા શાસ્ત્રીનું ગર્વહરણ

દેવતાઓ પણ જે મહાપુરૂષનાં દર્શન કરવા સારૂ તપ આચરવા તત્પર બને છે, ને જેમના પાદકથી આખા જગતનો ઉદ્ધાર થાય છે, એવા શ્રી સિદ્ધાજી જગતની અંદર **શિષ્ય** સંપ્રદાય મહત્તા દેખાડવા સારૂ પોતાને સંપૂર્ણ જ્ઞાન હતું તે છતાં પોતે ગુરૂની શોધમાં ફરવા લાગ્યા, જે જે સ્થળે જાય, તે સ્થળે લોકોને પુછીને સાધુ મહાત્માઓના દર્શનનો લાભ લેવા લાગ્યા.

એમ ફરતાં ફરતાં હૈદ્રાબાદ જીલ્લામાં ગોવળકાંડા પહોંચ્યા, પરંતુ તેમની ઇચ્છા પૂર્ણ ન થતાં તેઓ **તિમર લંકાની** ભવ્ય ગુફામા કેટલોક વખત સુધી સમાધીસ્થ રહ્યા તેથી તેમને એકાગ્રચિત થવાથી ગુરૂનું સ્થાનક આપો આપ દેખાવા લાગ્યું.

દક્ષિણ દીશામાં ઘણા મહંતો રહેતા હતા, તેથી ત્યાં ગુરૂની પ્રાપ્તિ થશે એમ સમજી શ્રી સીદ્ધાજી શૈલ્ય શીખર ઉપર પહોંચ્યા, અને સુર્ય સિંહાસનસ્થ મહાધિકારી સ્વામીને મળ્યા, અને પૂછયું કે જ્ઞાન સાધન અને ચિત્ત સુદ્ધી કઇ રીતે થાય, અને તેને માટે શું ઉપાય યોજવા જોઇએ.

આ વિષય ઉપર બન્ને જણાએ ચર્ચા કરી, બધુ સાંભળી

સૂર્ય ચંદ્રવાળા સ્વામીજીની ખાત્રી થઇ કે આ બાળે કોઇ પૂર્વ જન્મમા યોગ સાધના કરેલી હોય એમ લાગે છે, અગર આ પ્રત્યક્ષ પરમેશ્વરનો અવતાર હોવો જોઇએ, આવો વિચાર તેમના મનમાં દ્દઢ થવાથી, સ્વામીજીની પુજા કરી.

શ્રી સિદ્ધાજીએ પુજાનો સ્વીકાર કરી, આગળ ચાલવાનું શરૂ કર્યું, કારણ કે એમને તો ઉપનીષદ્‌નો સાર સમજાવે એવા વેદાન્ત પારંગત ગુરૂની અપેક્ષા હતી.

છેવટે **રાચોટી** પ્રદેશમા ભદ્રા નદીને કીનારે, નવનદી, વિગેરે વટાવી તેઓ દક્ષિણ દીશામા આગળ વધ્યા.

રસ્તામા ગમે તેટલા દુઃખો પડે તેનો વિચાર ન કરતા અન્ન છોડી, દેહની પણ પરવા ન રાખતાં, બધાં સ્થળો જોતા જોતા, ફક્ત સદ્‌ગુરૂ શોધવાનું ભાન રહ્યું, અને બ્રહ્મજ્ઞાનનો અનુભવ થવા લાગ્યો.

ગુરૂ શોધવાની એટલી બધી લગની લાગી હતી કે, પરમેશ્વરને ઉદ્દેશીને બોલ્યા કે હે, પરમાત્મા ગુરૂના ચરણારવિન્દનું દર્શન આ બાળકને ક્યારે થશે ? કસોટી કેટલી ને કયા સુધી હોય ? હવે તો મને સદ્‌ગુરૂની પ્રાપ્તી સત્વર કરી આપો, એવી પ્રાર્થના કરતા કરતા જમીન ઉપર બેભાન થઇ પડયા.

આ વખતે સદ્‌ગુરુ પોતે અદ્દશ્ય રૂપે પ્રગટ થઇ તેમને ઉચકી લઇને, શાન્ત અને મધુર વાણીથી બોલ્યા, " હે બાળ, ધીરજ ધર ! શાન્તિ રાખ

આ સાંભળી, સ્વામીજીએ તુરતજ આખ ખોલી આજુબાજુ જોયુ તો કોઇ મળે નહી, આથી સ્વામીજી ફરીથી જમીન ઉપર

પડયા, અને સદ્દગુરૂને ઉદ્દેશીને બોલ્યા, " હે પરમાત્મન આપના દર્શનની ઇચ્છા, અનેક દુઃખો સહન કરી, દરેક દેશોમાં ભમતો ભમતો, અહિઆં સુધી આવ્યો અને આપ ખુદની મધુર સુકોમળ વાણી સાંભળી,-પણ દર્શનનો લાભ થયો નહિ, તેથી મ્હારો જીવ ત્હારા શીવાય નીકળી જશે માટે હે પરમાત્મા, હવે માયાનો ભ્રમ દૂરી કરી, દર્શન આપો અને બ્રહ્મમાર્ગ બતાવો.

ત્હારા સિવાય મ્હારે આ દુનીઆમાં કોઇ નથી, આટલું કહેતાંજ સ્વામીજીની આખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યા

આ જોઇ દીનદયાળ પરમાત્માને દયા આવી અને વૃદ્ધ સાધુના વેષમાં સ્વામીજીની પાસે આવી, હાથ ઝાલી ઉઠાડી પુછવા લાગ્યા કે, " હે બાળ ! તું કોણ છે ? આવા ઘોર અરણ્યમા એકલો કયાંથી ? સ્વામીજીએ, ગળગળા અવાજે કહ્યુ હે, દીનબન્ધુ કૃપાળુ હું સદ્દગુરુની શોધમાં ઘણા દીવસોથી ફરૂં છું પરંતુ આજ સુધી કાંઇ પત્તો લાગ્યો નથી મહારાજ ! હું આપના શરણમા આવ્યો છું. આપ મ્હને ગુરૂના દર્શન નહી કરાવો ? હે પિતા તુલ્ય પ્રભુ ! સદ્દગુરૂના દર્શન કરાવો, નહી તો મ્હારો પ્રાણ જશે.

" આ સાંભળી, તે વૃદ્ધ સાધુએ કહ્યું હે ! બાળ ત્હને ધન્ય છે, કારણકે આ દૂનીઆમા પ્રત્યેક મનુષ્ય ધન શોધે છે, પણ તૂં એકલોજ સદ્દગુરૂને શોધે છે "

ત્હેં ત્હારી ગુરૂ ભક્તિથી સદ્દગુરૂને વશ કર્યા છે, અને ટુક સમયમાં ત્હને દર્શન આપશે આની તૂં ખાત્રી રાખજે, હવે તું મલ્લી કાર્જુન તીર્થમાં જા, અને ત્યાં કઠ્ઠમઠના મુખ્ય સ્વામી રહે છે, તે

મોટા કર્મકાંડી અને વેદાન્તી છે ને વળી વિદ્વાન્ અને જ્ઞાની છે એવું બધા લોકો કહે છે, તું ત્હેમની સેવા કરીશ એટલે ત્હને આત્મજ્ઞાનનો સંપુર્ણ બોધ પ્રાપ્ત થશે.

આ પ્રમાણે બોલી, વૃદ્ધ સાધુએ સીદ્ધાજીને સાથે લઇ, પેલા સ્વામીજી (સદ્ગુરૂ) જે ડુંગરા નીચે રહેતા હતા તે સ્થાન બતાવ્યુ અને કહ્યું કે તે સ્થાનનું નામ ગુડગુટી **અમરગુંડ** છે અને સ્વામીજીનુ નામ ગજદંડ ગુરૂ છે.

હવે તું લા જા—આ પ્રમાણે બોલી તે વૃદ્ધ સાધુ અંતર્ધ્યાન થયા.

સિદ્ધ સ્વામીને આ બધું સ્વપ્નવત્ લાગ્યુ અને પોતે મનમાં બોલ્યા, "ખરેખર, મ્હને સદ્ગુરૂની ભેટ થઇ હતી, પણ માયાના મોહમા મ્હને કાઇ સમજાયું નહી, અને ત્હેમને નમસ્કાર પણ કર્યા નહી હશે! હવે તો ગુરૂજીની આજ્ઞા સમજી, જે સ્થાન બતાવ્યું છે તે સ્થાન તરફ જવું જોઇએ, આ પ્રમાણે વિચાર કરી, ચાલવા લાગ્યા, અને ગુડગુટીંના દેવળ આગળ આવી પહોચ્યા અને નમ્રતા પૂર્વક ગુરૂજીની રાહ જોતાં બહાર ઉભા રહ્યા.

ગજદંડ ગુરૂજી જેવા પુજા કરીને બહાર નીકળ્યા, તેવાજ સિદ્ધાજીએ તેમના ચરણમા સાષ્ટાગ નમસ્કાર કરીને નીચે પ્રમાણે સ્તુતિ કરી.

"હે સદ્ગુરૂ, આપ બ્રહ્માનંદ મુર્તી છો, બધાને સુખ આપવાવાળા છો, સર્વત્ર આપની કીર્તી પ્રસરી રહી છે વળી આપ અખંડ જ્ઞાન સ્વરૂપ છો. આકાશ પ્રમાણે આપનું રૂપ તેજસ્વી છે, આપ સત્ય સ્વરૂપ છો, દરેકના અંતઃકરણમાં આપ બીરાજો છો અને સાક્ષી સ્વરૂપે ઇશ્વર રૂપ છો, આપે જડ પ્રાણીઓનો ઉદ્ધાર

માટે સગુણ રૂપે મનુષ્ય દેહ ધારણ કર્યો છે, હું માયામા ફસાએલો છું, આપ સર્વ જીવોના ઉદ્ધારક હોવાથી આપને શરણે છું આપ જો મ્હને નહી તારો, તો મ્હારૂં જીવવુ વ્યર્થ જશે, આપ મ્હને તારવાનો ઉપાય યોજો કે જેથી મરામાથી માયાનો સઘળો પ્રપંચ નાશ પામે.

આ સાભળીને ગજદંડ ગુરૂને દયા આવી પરંતુ ત્હેની મનની પરીક્ષા કરવા માટે બહારથી બેદરકારી દેખાડીને બોલ્યા-" તું પાછો જા, આ સાભળીને સીદ્ધ સ્વામીને બીલકુલ ખેદ થયો નહિ પરંતુ નિરઅભીમાનથી ગુરૂજીના મઠમા ગયા, અને ખરા મનથી ગુરૂજીની સેવામા પ્રવૃત થયા.

દરરોજ સિદ્ધાજી સહવારમા વહેલાં ઉઠી, મઠના ચોકમાં, ઝાડુ મારી સાફ કરવાનું, મઠના ઘોડાઓની લાદ કાઢી તબેલા સાફ કરવાનું, ગુરૂજીના સ્નાન તથા રસોઇ માટે પાણી લાવવાનું, તેમજ જંગલમાથી લાકડા કાપી લાવવાનું વિગેરે કામો આનંદથી કરવા લાગ્યા. એટલુજ નહી પણ આશ્રમમા રહેતા બીજા લોકોની પણ સેવા મનપુર્વક કરતા. ગુરૂજીના આશ્રમનું અન્ન ન લેવાનો નિયમ હોવાથી, ખરે મધ્યાન સમયે આજુબાજુના ગામમાં જઇ પાંચ ઘર ફરી ભીક્ષા લેતા.

શરીર સુખ પ્રત્યે તેમનુ લક્ષ્ય બીલકુલ હતુંજ નહી અન્ન તથા વસ્ત્રની પણ દરકાર રાખતા નહી, કારણ આ બધાનો ત્યાગ પ્રથમથીજ કર્યો હતો, અને જો કોઇ દયા લાવી આપતા તો પણ લેતા નહિ.

ગુરૂજીને જોતાંજ તેઓ સાષ્ટાંગ નમસ્કાર કરી દૂર ખસી

જઇ માન આપતા. મહમા થતું શાસ્ત્ર શ્રવણ એક ચિત્તે સાંભળતા, આ પ્રમાણે તેમનો સમય જતો હતો.

એક દીવસે સુબૈયા નામના મહાન પંડીત કે જેઓ સર્વ શાસ્ત્રમાં પારંગત ગણાતા હતા, તેઓ ગજદંડ ગુરૂની સભામાં આવી બોલવા લાગ્યા કે—

"આ આખી સભામાં "ઉપનિષદ્ શબ્દનો અર્થ કરનાર કોઇ પણ લાગતો નથી, તો ઉપનિષદ્ શાસ્ત્રમાં નીપુણ કોણ હોઇ શકે ?

આવું ગર્વ યુકત ભાષણ સાંભળી, બધા સભાસદો ચકીત થયા, પરંતુ ગુરૂજી તો મનમાં હસતાજ હતા. અને મનમા લાગ્યુ કે આ શાસ્ત્રીજીને ઘણોજ ગર્વ થયો છે, તો તેના અભિમાનનું ખંડન થવું જોઇએ, એટલામા શ્રી સિદ્ધજી સ્વામી ગુરૂજી આગળ આવી, હાથ જોડી નમ્ર વિનંતિ કરી મહારાજ ! આપની આજ્ઞા હોય તો સુબૈયાશાસ્ત્રીના બોલવાનું તત્કાળ ખંડન કરૂં. આ સાંભળી ગુરૂજીએ કહ્યું વારૂ—સિદ્ધસ્વામી, શાસ્ત્રીજીને કહેવા લાગ્યા "ઉપનિષદ્ શબ્દનો અર્થ "એકતા" થાય છે, **પૂર્ણ એકતા** થાય એટલે બ્રહ્મ વિદ્યા કહેવાય, કારણકે ઉપનિષદ્‌ના વાંચનથી મનુષ્યના અંતઃકરણમાં એકતાનું ભાન થાય છે.

આ સાભળી સુબૈયા શાસ્ત્રીએ પ્રશ્ન કર્યો કે ઉપનિષદ્ ને વિદ્યા શા માટે કહેવી ?

સિદ્ધાજીએ જવાબ આપ્યો કે "ઉપનિષદ્ એજ વિદ્યા છે કારણ કે વાસનાવાળા મનુષ્યો ઇન્દ્રિયોનું દમન કરી ગુરૂજીની પાસે જઈ શ્રદ્ધા પુર્વક બની ઉપનિષદ્‌ના વાકયોનું શ્રવણ કરે છે અને તે

યોગથી આત્મજ્ઞાનને મેળવે છે, અને અવિદ્યાનો (માયા) નાશ થયા પછી જીવ ભવસાગરના બંધનમાથી મુકત થાય છે તેથીજ કરીને ઉપનિષદ્દને વિદ્યા એમ કહ્યું છે"

"ઉપનિષદ્ અને જ્ઞાન એ બન્નેનો અર્થ એકજ થાય છે. ઉપનિષદ્દમા સર્વ જીવોને સરખો અધિકાર છે અને બધાં જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે એમા બીલકુલ શકા નથી.

સિદ્ધસ્વામીનુ જ્ઞાનપુર્વક ભાષણ સાભળીને, સુબેયા શાસ્ત્રીજી ઘણાજ ખુશી થયા અને બોલ્યા-આવી ન્હાની વયમા આટલુ **જ્ઞાન** સપાદાન થવું અશકય છે, પણ સિદ્ધાજીએ તો પૂર્વ જન્મમા પ્રાપ્ત કરેલુ હોવુ જોઇએ, અગર તો વિદ્યા દેવીનુ જન્મો જન્મ ધ્યાન ધરેલુ હોવું જોઇએ. ટુંકમાજ તેઓ સાક્ષાત્ વિદ્યાનારાયણ છે, આ પ્રમાણે બોલી શાસ્ત્રીજી ચાલ્યા ગયા.

સીદ્ધાજી, અભીમાન રહીત, પ્રથમ પ્રમાણે પોતાની જગ્યાએ ગુરૂજીને પ્રણામ કરીને બેઠા.

શ્રી સિદ્ધાજીની સાદી રહેણી, અનન્ય ભાવે કરેલી સેવા, નિરભિમાનપણું, તથા શાસ્ત્ર જ્ઞાન સમજાવવાની શૈલી જોઇને સદ્દગુરૂને ઘણોજ આનંદ થયો, અને આ દીવસથી શ્રીગજદંડગુરૂ સીદ્ધાજીને પાસે બેસાડી ઘણાજપ્રેમથી વાર્તાલાપ કરતા હતા એક દીવસે શ્રી સિદ્ધસ્વામીએ ગુરૂજીને વિનતી કરી, મહારાજ ! મ્હને કૃપા કરીને છ શાસ્ત્રોનુ તત્વ તથા સચ્ચિદાનદ સ્વરૂપના લક્ષણો સમજાવો.

ગુરૂજીએ, આનંદથી જવાબ આપ્યો, હે શિષ્ય, સાંભળ- "જે જીવને ષટ શાસ્ત્રનો અભ્યાસ સંપુર્ણ થએલો છે ત્હેનું લક્ષણ

કહું તે સાભળ:—

જીવને બ્રહ્મત્વભાવ પ્રાપ્ત થએલો હોવાથી સ શય અને વિપરીત ભાવનાનો લોપ થાય છે.

સિદ્ધાજી:—

મહારાજ "अहंआत्मा" એ ઉકિતનો દ્વૈત વિદ્યામાં એકતા ભાવ શી રીતે ઘટાવવો તે મ્હને સમજાવો.

ગુરૂજી —

જ્યા સુધી જીવને પોતાનામા આત્મભાવની વાસના રહે છે, ત્યા સુધી દ્વૈતપણું રહે છે. અને જ્યારે પોતાની જાતને સર્વત્ર જુવે છે, ત્યારે દ્વૈતાભાવનો નાશ થઇ એકતાનું જ્ઞાન સહજમાંજ પ્રાપ્ત કરી શકે છે.

સિદ્ધાજી:—

જ્યારે આપણી આખસમક્ષ દુનિઆની સર્વ આધીભૌઉતીક વસ્તુઓ પ્રત્યક્ષ હોય, અને આ વખતે તે બધી નથી એમ કેમ સમજવું ?

ગુરૂજી —

તૂંજ કહેને ? એને ઇન્દ્રિય વ્યાપ્તી ગણવી કે વૃત્તિ વ્યાપ્તી, કે પછી ચૈતન્ય વ્યાપ્તી માનવી. જો ઇન્દ્રિય વ્યાપ્તી કહેશો તો ઇન્દ્રીયો જડરૂપ હોવાથી જડ વસ્તુમા શી રીતે પ્રવેશ કરી શકે ?

વૃત્તીવ્યાપ્તી જો માનીએ તો જ્ઞાન થવું જ અસભવીત છે. જડ વૃત્તીનુ જડ ઘટમા (વાસનામા) પ્રવેશ થાય તો વૃત્તી જડ હોવાને લીધે ત્હેને ઘટનું જ્ઞાન થશે નહિ ને ઘટના ઊપર વસ્ત્ર

ઢાકીએ તો પણ ઘટને ઘટનુ જ્ઞાન થાય નહિ, હવે જો ચૈતન્ય વ્યાપ્તીથી માનીએ તો જીવાત્માને જ્ઞાનનો લાભ દરરોજ થાય, પરંતુ તે આપણા જોવામા હંમેશા આવતું નથી, અને આજ કારણથી આખું જગત પ્રત્યક્ષ છે એમ આપણે કહી શકીએ નહિ.

હવે જો અધ્યાસને લીધે એમ બને છે, એમ કહેશો, તો ખોટી કલ્પનાને આપણે ખરી શી રીતે કહી શકીએ? અધ્યાસ ફક્ત નામનો બ્રહ્મ છે, તેથી આપણે તેને ખરૂ કહી શકીએ નહિ.

સિદ્ધાજી:—

વ્યાપ્તી જો ન હોય તો સામાન્ય સ્વરૂપે જગતને પ્રતીતપૂર્વક (બ્રહ્મમય) હોવું જોઇએ.

ગુરૂજી:—

પ્રત્યક્ષને, પ્રત્યક્ષનો બાધ આવે છે એમ કહી શકાય? કારણ બાળપણમાથા, યૌવન પહેલા બચપણ પ્રત્યક્ષ અનુભવવામા આવે છે જેથી યુવવસ્થા પ્રાપ્ત થાય છે એટલે પૂર્વાવસ્થાનો લોપ થાય છે, આવી જ રીતે પૂર્વની વસ્તુ ખરી હોય, તો પણ ખોટી ભાસે છે.

સિદ્ધાજી:—

કર્મકાડના સિદ્ધાતને ગ્રહણ કરવાથી લીંગદેહનો સ્વીકાર થાય પરંતુ જો જ્ઞાનકાંડ સમજાય તો જ આત્મજ્ઞાનનો લાભ થાય છે તો પછી લીંગદેહથી શું લાભ? આ પ્રમાણે બોલી સિદ્ધાજીએ પોતાના લીંગદેહને આકર્ષી ગુરૂજીના પગમાં મુકયો, તે વખતે ગુરૂજીએ કહ્યું કે "આ તેં શાસ્ત્ર વિરૂદ્ધ કર્યું છે."

સિદ્ધાજી:—

ચિત્તમય દિક્ષા મળ્યા પછી, સર્વ શરીર ચૈતન્ય રૂપ બને છે એવું શાસ્ત્રમા પણ કહેલુ છે આખું જગત લીંગમય છે અને સર્વ જગત લીંગમય સ્વરૂપમા જ રહેલું છે, લીંગમય સ્વરૂપની બહાર કોઇ છે જ નહિ.

હવે જો મોક્ષ જ્ઞાન પ્રાપ્ત થયુ હોય તો પછી કર્મ કરવાનું બનેજ નહી "ઐતરેય આરણ્યકના પહેલા કાંડમા આ વિષય ઉપર જણાવ્યું છે કે, જેને સંપુર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ છે, ત્હેને કર્મની જરૂર નથી. જેણે આત્મજ્ઞાન મેળવ્યુ છે તે તો અનાશ્રમી ગોત્ર અને વર્ણ રહીત છે, તે જીવ અકર્મ રૂપજ બની જાય છે અર્થાત "જડભરત" જેવો લાગે છે.

વળી અદેહી હોય, એટલે કર્મનો ઉદ્‌ભવ થાયજ નહી કારણ —કર્મ કરવાથી દેહાભિમાન થાય છે. કર્મનું ફળ, ત્થા કર્મનો ત્યાગ કરવાનો ભય, આ બધી બાબત જ્ઞાની પુરૂષને નથી, સિદ્ધસ્વામીનું આવું ભાષણ સાંભળીને, સદ્‌ગુરૂને લાગ્યું કે આની વૃતિ નિર્ગુણ સ્વરૂપ મય બની ગઇ છે અને તેથીંજ એને "સિદ્ધારૂઢ" નામ આપવુ ઠીક લાગશે, આ પ્રમાણે મનમા વિચાર કરી ગુરૂજી બોલ્યા, હે સિદ્ધારૂઢ, મ્હારી સમજ પ્રમાણે ત્હમે મ્હારા જેવાજ થયા છો. તમોને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તે મલ્લીકાર્જુનના આશિર્વાદથી સર્વદા કાયમ રહેશે, અને તે યોગથી શરણે આવેલાનો ત્હમે ઉદ્ધાર કરી શકશો.

આ પ્રમાણે બોલી સદ્‌ગુરૂ શ્રી ગજદંડ મહારાજ, આનંદથી

સ્વામીજીને ભેટયા, અને પ્રેમભાવથી પોતાનું મસ્તક ગુરૂજીના ચરણમા ધરી, ગળગળા અવાજે કહ્યું "ગુરૂનાથ આજ મ્હારૂં જીવવું ધન્ય છે કે મ્હારા હૃદયની આશા આજે પરીપૂર્ણ થઇ, અને આપને માટે જે શ્રમ લીધો, ત્હેનું આજે સાર્થક થયું.

આપના પ્રેમ આલીંગનથી મ્હારા અનેક જન્મોના પાપો નાશ થયા છે એમ બોલતાં, સ્વામીજીની આંખમાથી પ્રેમાશ્રુ દડદડ વહેવા લાગ્યા, એટલે ગુરૂજીએ સિદ્ધારૂઢને ફરીથી આલીંગન આપ્યું.

આ પ્રમાણે શ્રી સિદ્ધારૂઢ સ્વામીએ, ગુરૂજીનો સંપુર્ણ આશીર્વાદ મેળવ્યો.

આ રસાળ કથા જે લોકો સાંભળે છે, ત્હેમનો દ્વૈત ભાવ, નાશ પામે છે એટલુંજ નહી પરતુ તેઓને ઉત્તમ જ્ઞાનનો બોધ પ્રાપ્ત થાય છે.

પ્રકરણ ૪ થું

"શ્રી સિદ્ધારૂઢ સ્વામીનું તીર્થાટન, અને ચિન્તામણી આશ્રમમાં વેદાન્તનો બોધ"

જે અનંત શકિત બ્રહ્માડમાં, બધે ઠેકાણે વ્યાપી રહેલી છે અને જે પરમાત્મા સર્વ જીવોના હૃદયમાં બીરાજે છે, અને જેનાથી ઇન્દ્રિઓનું જ્ઞાન થાય છે, તેને મનુષ્ય ઓળખી શકતો નથી. પ્રાણી માત્રના અંતઃકરણમા સાક્ષી રૂપે હોવાથી તેમની સર્વ વૃત્તિઓનો નાશ થએલો છે, અને પોતાના સ્વસ્વરૂપમાં સમાધિસ્થ રહે છે, મુમુક્ષુ જનોનાં ઉધ્ધારને માટેજ, પરમાત્મા સદ્દગુરૂના રૂપમાં આ પૃથ્વી ઉપર અવતાર લઇ વિચરે છે.

શ્રી સિદ્ધારૂઢનો આ પ્રમાણે સંપૂર્ણ અધીકાર જોઇને શ્રીગજદંડ ગુરૂએ ત્હેમનું નામ શ્રી સિદ્ધારૂઢ રંખેલું તે સર્વથા યોગ્યજ હતુ

શ્રી ગજદંડ ગુરૂ, સિદ્ધારૂઢ પ્રત્યે બોલ્યાઃ—

ત્હમારૂં જ્ઞાન હવે પરિપુર્ણ થએલું છે, માટે હવે તીર્થયાત્રાએ ગમન કરો, અને મુમુક્ષુ જનોને વેદાન્તનો બોધ આપી, તેઓની શંકાઓનું નિવારણ કરી પ્રાપ્ત કરેલી વિદ્યાનું સાર્થક કરો.

સ્વામીજીએ જવાબ આપ્યોઃ—સદ્દગુરો ! આપની આજ્ઞા

મ્હને પ્રમાણ રૂપ હોઇ, શિરસાવંદ્ય છે. આ પ્રમાણે ગુરૂજીનો આશિર્વાદ તથા આજ્ઞા લઇ શ્રી સિદ્ધારૂઢસ્વામી તીર્થાટન કરવા નીકળ્યા.

રસ્તામાં ચાલતાં ચાલતાં તેઓ થોડા સમયમા કિષ્કિંધા (વન) માં આવી પહોંચ્યા, અહિંઆં વિરૂપાક્ષને મળી હેમકુટ પર્વત ઉપર ચડયા, ત્યાં આગળ "કરકસ્થ નાગલીગ" નામની એક ગુફા ત્હેમના જોવામાં આવી, આ જોઇને સ્વામીજીને ઘણોજ આનંદ થયો અહીંઆં એક યોગી, એકાન્તમાં સમાધીમાં બીરાજેલા હતા, અને તેમના શરીરના એકેએક અવયવો યોગ સાધનાની સાક્ષી રૂપજ હતા. ત્હેમને પ્રણામ કરી, સ્વામીજી પંપાક્ષેત્રમાં થઇ વસિષ્ઠ આશ્રમે ગયા. સ્વામીજીને ઘણોજ આનંદ થવાથી અહીંઆં ત્રણ દીવસ રહ્યા.

ત્યાર પછીથી સ્વામીજી "ગંધમાદન" પર્વત ઉપર સ્ફાટીક શીલા જોવા ગયા, તથા આ ખરીજ "તપોભૂમી" છે એની પરીક્ષા કરવા સારૂ સ્વામીજીએ નવ દિવસ સુધી ખાવા પીવાનું છોડીને ઉપવાસ શરૂ કર્યા, પરંતુ ત્હેમને બીલકુલ ભુખ કે તરસ લાગી નહી, તથા મનમાંથી સંશય સંભ્રમ વિગેરે ભાવનાઓ નષ્ટ થઇ, આત્માને બ્રહ્માનંદનો સાક્ષાત્કાર થયો તથા આ તપોભુમી છે એવી સંપૂર્ણ ખાત્રી થઇ.

સ્વામીજી પર્વત ઉપરથી નીચે ઉતરી, પંપા સરોવર તરફ ચાલવા માંડયું, સરોવર આવતાંજ સ્નાન કરી શ્રી રામચંદ્રજીના દર્શન કર્યાં, અને ચક્રતીર્થ તથા વાલીનો ભંડાર જોયો.

અહિંઆં ત્હેમને ઘણાજ સાધુસંતોનો મેળાપ થયો. તથા તેઓની સાથે ઘણી જ્ઞાનગોષ્ટી કરી, દરેકની શંકાઓનું નીવારણ કર્યું. છેવટે "**नाभुक्तंक्षीयतेकर्म** (અણભોગવેલા કર્મનો નાશ નથી.)

આ શ્રુતિ વાકય માત્ર અજ્ઞાની લોકોને કર્મ માર્ગમાં પ્રેરવા માટેજ છે. જ્ઞાની પુરૂષોને તેનો બાધ નથી, એવો ઉપદેશ કર્યો.

સ્વામીજીના મુખેથી અમૃત તુલ્ય વાણી સાંભળી, સંતપુરૂષોને ઘણોજ આનંદ થયો, અને "ધન્ય, ધન્ય સિદ્ધારૂઢ એમ કહી, અહીઆં રહેવા આગ્રહ કર્યો અહીઆ એક દીવસ રહી બીજે દીવસે નીરૂપતિ ક્ષેત્રમાં જઇ શ્રી વ્યંકટેશ્વરના દર્શન કરી, સ્વામીજી આગળ ચાલ્યા.

સ્વામીજીને રસ્તામા ગમે તેટલાં સુખદુઃખો પડે તથા શરીરમાં વેદના થાય તે સહન કરી, બ્રહ્મચિન્તનમાં લક્ષ રાખી આગળ વધતા હતા.

શરીર ઉપર, વસ્ત્રમાં ફક્ત નાની શી લંગોટી તથા ભીક્ષામાં હસ્ત તળ.

રાત્રી વખતે સુવાને માટે સાધન મળે યા ન મળે, તો બેસી રહેવું, આવી સ્થિતિમાં સ્વામીજી પોતાના દીવસો ગાળતા હતા.

કેટલાક લોકો સ્વામીજીને ગાંડા સમજી માર મારતા, તથા અશકત સમજી, રોગી માની પાસે બેસવા દેતા નહિ. કેટલાક તો કઇ જાતનો હશે એમ બોલી અડતા પણ નહિ. જ્યારે બીજી બાજુ આ ખરેખરો નિસ્પૃહિ તથા જ્ઞાની પુરૂષ છે એમ કહી તેમની પૂજા કરતા.

આવી રીતે દુનીઆનો ચિત્ર વિચીત્ર અનુભવમાં ધ્યાન નહી આપતાં, ફકત ઇશ્વર ભજનમાંજ દીવસો પ્રસાર કરતા તીર્થાટન કરવા લાગ્યા.

શિવકાન્ચીમાં, શ્રી સદાશિવના દર્શન કરી, વિષ્ણુકાન્ચી જવાનો માર્ગ લીધો, રસ્તામાં ત્હેમને એક વૃદ્ધ બ્રાહ્મણની મુલાકાત થઇ.

સ્વામીજીની સ્થિતિ જોઇને તે બ્રાહ્મણને લાગ્યુ કે આ કોઇ " જડ ભરત જેવા બ્રહ્મવેત્તા " લાગે છે, એમ સમજીને પોતાને ઘેર પુજા કરવા તેડી ગયો. કારણ-સર્વમા મહાત્માનું પુજનનું ફળ વધારે શ્રેષ્ટ છે, તેવું તે બ્રાહ્મણ જાણતો હતો.

સ્વામીજીને ઉત્તમ આસન ઉપર બેસાડી, શ્રદ્ધાપુર્વક ષોડશો પચારથી પુજા કરી હાથ જોડી પ્રાર્થના કરવા માંડી. મહારાજ ! બ્રહ્મવેત્તાના દર્શન તથા પુજનથી એકદમ પુર્ણ ફળની પ્રાપ્તિ થાય છે.

સ્વામીજી—ભાઇ ત્હમે કોણ છો ? તે કહો.

બ્રાહ્મણ—આ દેહ જે દેખાય છે, તેજ હું છું.

સ્વામીજી—દેહ તો પંચભૂતનો બનેલો છે, તેનો નાશ થાય પછી પણ તું (આત્મા) નીર્મળ રહે છે, ત્યારે તું કોણ ?

બ્રાહ્મણ—પ્રાણ અને બુદ્ધિ સહિત અનેક યોનિમા જે (જીવ) ફરે છે તેજ હું છું.

સ્વામીજી—કર્મથી બુદ્ધિનો લોપ થાય છે, ત્યારે તુ કોણ ?

બ્રાહ્મણ—તે હું સમજતો નથી.

સ્વામીજી—તે ત્હમને ખબર છે, માત્ર તમે બોલી શકતા નથી. તે જ્ઞાનરૂપ પરમાત્મા તૂંજ છે, અને તેજ જ્ઞાનથી મહાત્મા રૂપ ઓળખી શક્યા.

બ્રાહ્મણ—મહાત્માના દર્શન ફળ માટે, હું આપને શરણે છું. સ્વામીજીએ આર્શીવાદ આપી, " વરદરાજના " દર્શન કરી ચીંદમ્બરી પહોંચ્યા, અને ત્યા રહસ્ય સ્થાનો વિગેરે જોયાં

વરસાદ પડવાથી, શરીર પાણીથી ભીંજાતું, તે સૂર્ય કીરણથીજ

સુકાતું, પણ પોતે કોઇ ઇલાજ કરતા નહી. અન્નને માટે કાળજી રાખતા નહી. લોકો અન્ન આપે તોજ ખાતા, કોઇ પુજા કરે કે માર મારે, તે બધુ સ્વામીજીને મન સરખુંજ હતું. સુખદુઃખની ભાવનાઓ ત્હેમના મનમાં બીલકુલ રહીજ ન હતી.

" કુંતી કોણુ " માં શ્રી કુન્તેશ્વર, ને તાંજોરમાં શ્રી તજેશ્વરનાં દર્શન કરી, સ્વામીજી રંગક્ષેત્ર જોવા ગયા.

રસ્તામાં, એક ખેડુત માળ્યો ને સ્વામીજીને પૂછયું:-" તમે શવની માફક અશક્ત દેખાવ છો, પણ પવન જેવા વેગથી જલદી દોડી શકો છો, જો ત્હમે સશકત અને બળવાન હોત તો શું કરત ?

સ્વામીજી—ઘણું અન્ન ખાવાથી શકિત આવતી નથી, પણ હંમેશા " બ્રહ્મમય વૃત્તી " રાખવી એજ એનું કારણ છે.

શ્રીરંગ પ્રભુજીના દર્શન કરી, સ્વામીજી જંબુકેશ્વર ક્ષેત્રમાં ગયા, અને ત્યાંથી મીનાક્ષી દેવીના દર્શન નીમીત્તે મદુરા તરફ પ્રયાણુ કર્યું.

દેવળની સમીપ આવતાંજ, દેવળના પુજારીઓએ સ્વામીજીને કહ્યું. તું ચંડાળ છે, તેથી તને મંદીરમાં પ્રવેશ નહી કરવા દેવામાં આવે, એમ કહી તેમને રોકયા

સ્વામીજી—" મ્હને તમારા પોતાનામાંજ ક્રોધરૂપી ચંડાલત્વ, પૈસા મેળવવાની આશા, તે આશા ફળીભુત ન થવી, અને તેથી ઉત્પન્ન થતી નિરાશા, આવી રીતનાં ત્રણુ પ્રકારનાં સંકલિત ચંડાલત્વ ભાસે છે."

આ સાંભળી પુજારી બ્રાહ્મણુ આભો બની જઇ બોલ્યો. મહારાજ! (રાજસી) કર્માચરણુથી મને ક્રોધ ઉત્તર સુજતો નથી.

સ્વામીજી—કર્મભ્રષ્ટ ચંડાળ તમારા દેહમાં હવે પ્રવેશ કરશે. આથી બ્રાહ્મણને ઘણો સંતાપ થયો અને શિવ ! શિવ ! એનો ઉચ્ચાર કરી, સ્વામીજીને સાષ્ટાંગ નમસ્કાર કરી, પોતાને ઘેર ગયો.

સ્વામીજી દેવળમાં જઇ મીનાક્ષી દેવીની પુજાક રી કાવેરી નદી ઉપર સમાધીમાં બેઠા. પેલો બ્રાહ્મણ પુજારી ઘેર ગયા પછી, સ્વામીજીને યાદ આવતાંજ શોધતો શોધતો કાવેરી નદી તરફ ગયો. સ્વામીજીને જોતાંજ, આનંદીત થઇ ભીક્ષા લેવા માટે પધારવા આમંત્રણ કર્યું.

ત્હેની આદરપૂર્વક પ્રાર્થના સાંભળી, સ્વામીજી સ્મીત કરી બોલ્યા, તમો મ્હને ચલાવી તમારે ઘેર ભોજન માટે લઇ જશો તો અલ્પ ફળ મળશે, પરંતુ નૈવેદ અહીંઆં લાવો તો દસ ઘણું ફળ પ્રાપ્ત થશે.

સ્વામીજીનાં આવા વચન સાંભળતાંજ, બ્રાહ્મણ ઘેર જઇ, ભોજન લાવી અને સ્વામીજીને આનંદપૂર્વક જમાડયા. સ્વામીજી જમ્યા પછી બ્રાહ્મણને આર્શીવાદ આપી ઘર તરફ રવાના કર્યા અને પોતે બ્રહ્મતત્વનો વિચાર કરતા કરતા ત્યાંજ ઉંઘી ગયા.

સ્વામીજી ત્યાંથી રામેશ્વર ક્ષેત્રમાં ગયા, ને શ્રી રામેશ્વરના દર્શન કરી, રામઝુલામાં એક યોગીની ભેટ થઇ, યોગી આસન વાળી બેઠેલા હોવાથી સ્વામીજીએ પુછયું–મહારાજ આ કયા પ્રકારની યોગ સાધના કહેવાય ?" યોગી–મ્હને એક આસન યોગજ આવડે છે, કે જેનાથી મ્હને પૂર્ણ આરોગ્યતા પ્રાપ્ત થઇ છે. આ સાંભળી સ્વામીજીને સંતોષ થયો અને ત્યાંથી ધનુષ્યકોટીતીર્થમાં ગયા. અહીંઆં એક મનુષ્ય સ્નાન કરતો હતો તેને સ્વામીજીએ પૂછયું-દેહને સ્વચ્છ સમજીને સ્નાન કરો છો કે પછી અસ્વચ્છ જાણી ધુઓ છો ? તે માણસે

જવાબ આપ્યો કે દેહનો હંમેશાં અસ્વચ્છ હોય છે.

સ્વામીજી—તે માટે પ્રમાણ શું ?

માણુસ—જન્મના કારણથી જ હું દેહને અસ્વચ્છ ગણું છું.

સ્વામીજીએ ત્હેને સમજાવી ત્યાંથી આગળ ચાલવાનું શરૂ કર્યું.

સ્વામીજી ત્રિનવેલી ક્ષેત્રમાં આવી પહોચ્યા અને ત્રિનલ સ્વામીના દર્શન કરી, આજુબાજુ જોતાં એક યોગીને ઉપાસનામા ધ્યાનસ્થ બેઠેલા જોયા અને પૃછ્યું-" આપ જ્ઞાન ઉપાસના કરો છો કે અજ્ઞાન ઉપાસના ? જ્ઞાન ઉપાસના હોય તો તે દ્વૈત ઉપાસના કહેવાય અને જો ધ્યાતૃ અને ધ્યેયનું ઐકતા હોય તો પછી ધ્યાન શી રીતે થાય ?

જો અજ્ઞાન ઉપાસના કહો તો ધ્યાતૃ સ્થિતિનો બોધ થતો નથી. જો **ધ્યાતા** ને ધ્યેયનો બોધ ન થાય તો ધ્યાન શી રીતે થઇ શકે ?

યોગી—જ્ઞાતા અપરોક્ષ છે (અપ્રત્યક્ષ) અને શાસ્ત્રમાં પણ જ્ઞાતાને અપરોક્ષ વર્ણવ્યો છે ફક્ત શ્રદ્ધા એજ પરમ સાધન છે.

સ્વામીજી—એમ કેમ ?

યોગી—શાસ્ત્રીય દેવતા શ્રદ્ધાહીન હોવાથી તુરત નજરે પડે નહી, તેથી મ્હેં શ્રદ્ધાપુર્વક ધ્યાનનો આરંભ કર્યો છે આ પ્રમાણે કોઇકજ કરે છે, ત્યાર પછી સ્વામીજી તોતાદ્રી ક્ષેત્રમા ગયા, ને ત્યાં શ્રી નારાયણ મુર્તીના દર્શન કરી આગળ ચાલવા લાગ્યા.

સ્વામીજી તીરકરી ક્ષેત્રમાં આવી શ્રી લક્ષ્મીનારાયણનાં દર્શન કર્યાં, અને નવ દીવસ રહેવાનો નિશ્ચય કર્યો.

એક દીવસે, એક શાસ્ત્રીજી આવી સ્વામીજીને પૂછયું:–" તમે ખટકર્મ શા માટે કરતા નથી?

સ્વામીજી:—કર્મ કરવાથી ચિત્તને બે પ્રકરાનું બંધન થાય છે. જો વિધી પુર્વક કર્મ કરો, તો જીવને ઉત્તમ લોકની પ્રાપ્તી થાય નીકર પુણ્યનો ક્ષય થાય છે, એટલે વળી પાછુ મૃત્યુલોકમાં કર્માચરણ માટેજ આવવું પડે છે, આવી રીતે અનેક વખત થવાથી, જીવને કંટાળો આવે છે, ને આખરે કર્મનો ત્યાગ કરે છે. એટલે કર્મ બંધનમાંથી છુટે છે, બાદ જ્ઞાન સંપાદન કરી મોક્ષ પદને પામે છે. જ્યાં સુધી કર્મના જીવનો કંટાળો નથી આવતો ત્યાં સુધી શ્રુતિમા કર્મ કરવા જણાવ્યું છે, પણ જ્યારે ચિત્તમાં વૈરાગ્યનો અગ્ની પ્રજળીત થાય ત્યારે શ્રુતિએ નિવૃતી માર્ગ બતાવ્યો છે.

હવે જો મુમુક્ષુ દશામા જે (સીદ્ધાજી) જીવ આવ્યો હોત, તો તેને માટે પ્રશ્ન કરવો અસ્થાને છે. આથી શાસ્ત્રીજીને સંતોષ થયો, અને સાષ્ટાગ નમસ્કાર કર્યા. સ્વામીજી જ્યાં જ્યાં ગયા ત્યાં દરેક લોકોને વેદાંન્તનો ઉપદેશ કર્યો. તથા સદ્ગુરૂની ભેટ થવાથી જીવનો કર્મ બંધનમાંથી છુટકો થાય છે એ ઉકિતનો પ્રત્યક્ષ આચરણમા સાક્ષાત્કાર બતાવી જીવને ઉત્તમ માર્ગે વાળી, દુ:ખમય વાસનાઓનો નાશ કર્યો.

સ્વામીજીએ કેટલાક દીવસો ચિન્તાંમણી આશ્રમમાં વ્યતીત કર્યા, અહીંઆં ઘણા મુમુક્ષુ જનો, સ્વામીજીની મુલાકાતે આવતા ને પોતાની શંકાઓનું નીવારણ કરતા. " બીજે દીવસે એક શાસ્ત્રીજીએ સ્વામીજીને પ્રશ્ન કર્યો:–મુમુક્ષુતા એ ગુણ છે કે ધર્મ છે?

સ્વામીજી:—તે ધર્મ નથી પણ જીવની નીત્ય સ્થિતી છે,

દાખલા તરીકે જેવી રીતે અગ્નિમાની ઉષ્ણતા–"મુમુક્ષુતા" જો ધર્મ હોય તો અભ્યાસથી તેનું પરીવર્તન થાય નહી, માટેજ અભ્યાસને સંજનીય (નીપજેલો) મુમુક્ષુતા ભાવ સમજવો. હવે જો એમ પુછશો કે આ ભાવ ક્યાં સુધી રહે છે, તો તેના જવાબમાં.–જ્યાં સુધી ગુરૂ શરણ તથા મહાવાક્યનો અર્થ ગુરૂજી પાસે સમજ્યા નથી ત્યા સુધીજ. મુમુક્ષુ દશા, પછીની દશા ફેરવાય છે, એટલેજ "**अहं ब्रह्मास्मी**" આ ભાવના ચિત્તમાં ઉત્પન્ન થાય છે, અને તેનેજ અપરોક્ષ સ્થિતિ કહે છે આ સ્થિતીમાં દેહ ભાવનો વિલય થાય છે, અને જીવ તથા બ્રહ્માંન્ડ ઐક્ય થાય છે. કે જેવી રીતેઃ–"સમુદ્રમાં એક ન્હાનો પરપોટો"

શાસ્ત્રીજીનું શંકાનું નીવારણ થતાંજ, સ્વામીજીને આનંદથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

ત્રીજે દીવસે, ચીંચડયા નામના એક શાસ્ત્રીજીએ આવી સ્વામીજીને પ્રશ્ન કર્યો કેઃ–"પૃથ્વીનો આધાર" (આ વિષય ઉપર) એટલે પૃથ્વીને શાનો શાનો આશ્રય છે તે કૃપા કરીને સમજાવો.

સ્વામીજીઃ—આને માટે પારાશર શ્રુતીમાં જણાવ્યું છે કે "**तद्दाप्यः पृथ्वी**" (પાણીમાંથી પૃથ્વી) પાણીનો આધાર અગ્નિ **अग्नेरापाः** આવી શ્રુતી છે અગ્ની વાયુમાંથી ઉત્પન્ન થયો. **वायोरग्नीः** અને **आकाशाद्वायु**, આકાશમાથી વાયુની ઉતપત્તિ એમ વેદાન્ત કહે છે અને જ્ઞાની લોકોને તેજ આકાશનો શ્વાસ છે, આકાશનો મુખ્ય આધાર પરમાત્મા છે એમ નિશ્ચય સમજો. કારણ શ્રુતિમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે **तस्माद्व एतस्मादात्मनः आकाशः सम्भूतः** તે પરમાત્માથી અગર આત્મામાંથી આકાશની ઉત્પત્તિ છે, આ સર્વ

સાંભળી શાસ્ત્રીજીને ઘણોજ આનંદ થયો ને નમસ્કાર કરી પોતાને ઘેર જઇ શ્રી સિદ્ધારૂઢ સ્વામી માટે નૈવદ તૈયાર કરાવી સ્વામીજીને ગ્રહણ કરાવ્યું.

ચોથે દીવસે, એક મનુષ્યે આવી સ્વામીજીને પુછયું:-મહારાજ! મનને હમેશાં ઘણુ ચંચળ શા માટે કહેલું છે?

સ્વામીજી:—પ્રથમ વાયુ ને બીજો રજોગુણ. આ બન્નેએ મળી મનને ઘણુંજ ચંચળ બનાવ્યું છે. "મન" અર્ધાભાગ વાયુથી બનેલું છે ને તેથી કરીને દરેક વિષય ઉપર ઝપાટામાં ફરે છે, એક-ક્ષણ ભર પણ સ્થિર રહી શકતુ નથી કારણ એ વાયુનો સ્વભાવ છે અને તેથીજ મનને ચંચળત્વ કહેલું છે.

હવે જો રજોગુણથી મનમાં સંકલ્પ વિકલ્પ થાય છે, તે વિષે પતંજલી શાસ્ત્રમાં પ્રાણાયામનો ઉપાય બતાવ્યો છે, હવે જો અનિશ્ચિત રૂપથી મનને આટલો વિકલ્પ (શંકા) થાય છે તેને માટે આત્મા અને અનાત્માના વિચારમાં પ્રેરવુ એટલે વીવેક બુદ્ધિ તરફ ખેચવું.

હવે કહેશોકે વિવેક બુદ્ધિ શી રીતે મળે? હેના જવાબમા:- સદ્ગુરૂની સેવાથીજ.

મનુષ્ય:—આજ મ્હારૂં એહોભાગ્ય કે આપના જેવા સદ્-ગુરૂની ભેટ થઇ, તો આપ મ્હારા ઉપર સદ્ગુરૂ રૂપે કૃપા કરો. ત્યારપછીથી સ્વામીજીએ હેની બીજી બધી શંકાઓનું નીવારણ કર્યું.

મનુષ્ય:—(મન્મથનાથ નામનો બ્રાહ્મણ) મહારાજ! તમારી અમૃત તુલ્ય વાણીથી અને તમારા દર્શનથીજ મ્હારો અને મ્હારા પિતૃઓનો ઉદ્ધાર થયો છે એમ હું માનું છું આટલું કહી પ્રણામ કરી આશીર્વાદ લીધો.

ચિન્તામણી આશ્રમમાં પાંચમે દીવસે રામભટ નામના શાસ્ત્રીજી સ્વામીજીને દર્શને આવી પુછયું કે મહારાજ! " દુનીઆ રૂપી પ્રપંચ કયા પ્રકાશમાં આવેલો છે. તે મ્હને સમજાવો.

સ્વામીજી:—દિવસના સૂર્ય, રાત્રે ચન્દ્રમા અગર તારાઓ રહે છે તે શાથી પ્રકાશમાન થાય છે?

રામભટજી—આ બધું નજરે દેખાય છે.

સ્વામીજી—આંખ બંધ કર્યા પછી શાથી?

રામભટજી—બુદ્ધિથી–પણ બુદ્ધિ શાથી વિકાસ પામે છે તે મ્હને સમજાવો.

સ્વામીજી—સમાધિના અભ્યાસથી ચીદભાસયુક્ત અહંકારનો લય થાય છે, તેથી આત્મા એકલો રહે છે, તે જ આત્મા હુંપદ શિવાયનો સ્વપ્રકાશીત હોવાથી પરબ્રહ્મ પરમેશ્વર જ છે એમ સમજ અને ત્હારૂ સ્વરૂપ પણ એ જ છે. આ સાભળી શાસ્ત્રીજીનું મન શાંત થયું ને સાષ્ટાંગ પ્રણામ કરી ચાલતા થયા.

છઠે દીવસે ચીંદબર દિક્ષીતે આવી સ્વામીજીને પૂછયું ' તત્વમસી ' એટલે શું? " તું પોતે બ્રહ્મ છે " એવું સ્વામીજીએ કહ્યું.

દિક્ષીત—આ અર્થ ખોટો છે પણ તેનો ખરો અર્થ હું તમોને કહું તે સાભળો:-

કર્માચરણવાળાનો આત્મા દેવલોકમાં શુદ્ધિ પામે છે, તે વખતે ઉપલું વાકય તેની સ્તુતી માટે યોજવામા આવેલું છે. એમ હું ધારૂં છું.

સ્વામીજી—જ્ઞાન વાકય, સ્તુતી વાકય થાય નહિ કારણ–જે જીવને કર્મ, દ્રવ્ય, ગુણ, જાત, ધર્મ, આશ્રમ આટલાથી જ શાંતી

થાય છે. પણ જે જીવ નીરાવલંબી અને મુમુક્ષા અવસ્થામાં નિર્વી-શેષ હોય છે, તેને આ વાકય સ્તુતી ઉપર નથી પણ ઉપદેશ ઉપરજ છે.

જ્યારે કર્મને મુખ્ય કર્તવ્ય ગણવામાં આવે, અને મહાવાકયને સ્તુતી ગણવામાં આવે, તો જ્ઞાનીપુરૂષ જીંદગી સુધી તેનું જ આચરણ કરત પરંતુ એવો દાખલો હજુ જોવામાં આવતો નથી.

ચિદંબર—ત્યારે આ વાકય ઉપાસના ઉપર હોવું જોઇએ.

સ્વામીજી—તે ઉપાસના તમો કઇ ગણો છો? અહંગૃહ કે બીજી કોઇ? જ્ઞાની માણસને આ બંને અયોગ્ય છે કારણ-શાસ્ત્ર પણ એમ જ કહે છે અને શ્રુતિનો આધાર નીચે પ્રમાણે છે.

"न कर्मणा न प्रजया न धनेन त्यागे ।
नैकना मृतत्व मानशुः ॥

એટલે કે, એકલા ત્યાગથી જ અમૃત્વ પ્રાપ્ત થાય છે, નહિ કે કર્મ, દ્રવ્ય, અને પ્રજાના આચરણથી. હવે તું કહેશે કે આ ત્યાગ ઉપર શ્રુતિ છે, તો તે સાંભળ, એટલે ત્હારો સંશય દૂર થશે. **ज्ञानादेवतु कैवल्यंनान्यः पंचायनाम विद्यते ।** એટલે જ્ઞાનથીજ કૈવલ્ય પદ પ્રાપ્ત થાય છે, આ ઉપર કહેલું મહાવાકય જ્ઞાન ઉપર છે-કર્મ ઉપર નથી. કર્મ ઉપર હોત, તો અજ્ઞાન દૂર થાત નહિ. અને તેને મહાવાકય પણ કહેવામા આવત નહિ. આ સાભળી દિક્ષીત ખુશ થઇ દંડવત પ્રણામ કરી ચાલતો થયો.

સાતમે દીવસે ત્રીકમ ભટ્ટજી આવ્યા, અને પોતાની શંકાઓ સ્વામીજી આગળ રજુ કરી. સ્વામીજીએ વેદના આધારથી તેમની શંકાનું નિવારણ કર્યું.

આઠમે દીવસે, સ્વામીજી દેવાલયમાં બીરાજેલા હતા, ત્યાં

અયાચીત નૈવેદ્ય મળ્યું, તેનું ગ્રહણ કરી, જળ લીધું. આ જોઇ ગોવીંદભટ્ટજી એ (નામનો માણસ) સ્વામીજીને પૂછ્યુંઃ મહારાજ, તમારા આચરણ પરથી મ્હને એમ લાગે છે કે જ્ઞાની પુરૂષને પણ ભુખ, તરસ, સુખ, દુઃખ, વિગેરે વિના ચાલતું નથી. વળી બ્રહ્માકાર વૃત્તિ થયા પછી, દુઃખનો નાશ, અને અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે, એમ જે મનાય છે, તે બધું તમારા આચરણથી મ્હને ખોટું લાગે છે.

સ્વામીજી—" તું આત્મ ચૈતન્ય નીહાળે છે કે દેહનેજ તું જ્ઞાન સમજે છે? આત્મ ચૈતન્યને દુઃખ હોયજ નહી કારણ-આત્મા ધર્મી વગરનો છે ને આત્મજ્ઞાન દેહનો ધર્મ નથી. હવે દેહને જોઇ એજ પ્રશ્ન કર્યો હોય તો દેહ પ્રારબ્ધને આધીન છે, અને તેના સુખ કે દુઃખ સાથે ચૈતન્યનું કંઇ લાગતું વળગતું નથી. હું જ્યારે મુમુક્ષાવસ્થામાં હતો, ત્યારથીજ આ વાતનો તીરસ્કાર કરેલો છે. વસ્તુરથીજ એમ છતાં, આત્મજ્ઞાન પ્રાપ્ત થએલા જ્ઞાની પુરૂષોને પણ દેહદુઃખ ભોગવવું પડે છે, એમ તું શા ઉપરથી કહે છે?

ગોવિંદ ભટ્ટજી—મહારાજ! મ્હને વેદનું જ્ઞાન નથી અને તેની સાથે વિચાર કરવાની શક્તિ પણ મ્હારામાં નથી. આટલું કહી સ્વામીજીનો આશીર્વાદ લઈ, ચાલતા થયા. નવમે દીવસે, અચાનક એક બાઇ આવી સ્વામીજીને પૂછ્યું-મહારાજ મ્હારો ઉદ્ધાર થાય એવો ઉત્તમ માર્ગ બતાવો?

સ્વામીજી—" સૂર્યોદય થતાંજ સ્નાન કરી, અંગન્યાસ, કરન્યાસ તથા ભસ્મ તથા રૂદ્રાક્ષ ધારણ કરી એકાગ્ર ચીત્તથી પંચાક્ષરી મંત્રનો જપ કરવામાં તમારો ઉદ્ધાર રહેલો છે; આટલું કરવાથી તમો

મુક્તી પ્રાપ્તી.

આવીરીતે નવ દીવસો પુરા કરી સ્વામીજીએ તીર્થાટન માટે તૈયારી કરી. તેથી ગામના લોકોએ સ્વામીજીનો વરઘોડો કઢી તથા આનંદ પૂર્વક પુજા કરી તેમની વિદાયગીરીનો ઉત્સવ ઉજવ્યો.

આગળ ચાલતાં સ્વામીજી એક સુંદર દેવાલયમાં આવી પહોંચ્યા, અહીંઆં "છોટાનારાયણ" નાં દર્શન કરી "દસ્કરામસ્કરા વિગેરે સુંદર સ્થળો જોઇ તીરવંટામાં કૃષ્ણમુર્તીનું દર્શન કરી પદ્મ-નાભપુરીમાં આવ્યા. અહીંઆં અનંતશાયી નારાયણની પુજા કરી અને ત્યાં બ્રહ્મભોજન ચાલતું હતું ત્યાં જઇ બેઠા. એટલે બ્રાહ્મણોએ આવીને કહ્યું કે "ત્હારામાં શુદ્ર ચીન્હ દેખાય છે છતાં તમે બ્રાહ્મણની પંક્તીમાં આવીને કેમ બેઠા?

સ્વામીજી—"બ્રહ્મચિન્હ તમોને જ દેખાતાં નથી."

બ્રાહ્મણો—જો તમે એમ કહો છો કે હું બ્રાહ્મણ છું તો તમારૂં જનોઇ તથા શીખા ક્યાં છે?

સ્વામીજી એ બ્રાહ્મણોને શ્રુતિ વચનમાંજ જવાબ આપ્યો કે: "**अशिखा अयज्ञोपवीतं यति याऽक्ष्छिको भवेत्** ॥ એટલે. જનોઇ અને શીખા વગરના યતીએ ઇચ્છા વગરના રહેવું જોઇએ

બ્રાહ્મણો:— દંડ વિગેરે યતી ચિન્હો પણ દેખાતાં નથી.

સ્વામીજી:—"જ્ઞાન એજ મ્હારો દંડ છે, સમતા કંથા છે. વૈરાગ્ય મ્હારૂ ભસ્મ છે, અને તત્વ વિવેચન કરવું એજ મ્હારૂં કમંડલું છે આ સાંભળી બ્રાહ્મણો આશ્ચર્ય પામી ને કહેવા લાગ્યા કે "આ કોઇ પૂર્ણ બ્રહ્મજ્ઞાની" દેખાય છે, માટે તેમનો આદર-સત્કાર કરવો જોઇએ, કારણકે યતિથી વૈશ્વાનર રૂપમાં છે અને

ત્હેને તૃપ્તિ કીધાથી ગૃહસ્થના સર્વ મનોરથ પૂર્ણ થાય છે, પણ જો તેમનો અનાદર થાય તો સંપતીનો નાશ થવા સંભવ છે. અહીંઆં સ્વામીજીએ બ્રાહ્મણો સાથે ભોજન કર્યું. અને ત્યાંથી જનાર્દન સ્વામી ક્ષેત્ર માટે નીકળ્યા.

રસ્તામાં પર્વતના શીખર ઉપર "સ્વામીવર્યનું" આચમન મુદ્રાસ્થળ આવ્યું, તે જોઇને, સ્વામીજી બોલ્યા કે જ્ઞાની માણસને આખી દુનીઆ ચુગલપ્રાય લાગે છે. ત્યાંથી કૃષ્ણ મહારાજની મુર્તી જોવા ઉડુપ્પી ક્ષેત્રમા ગયા ને કહ્યું "આ ભગવાન દરેક સ્થળે છે, અને સૃષ્ટિ જ્ઞાન આકર્શક હોવાથી બ્રહ્મરૂપ છે, આમ કહી થોડોક સમય સમાધી સ્થિતિમાં કૃષ્ણ મહારાજની મુર્તી સ્હામે બેઠા, અને પછી આનંદ પામી આગળ વધવા લાગ્યા.

પ્રકરણ ૫ મું

" મહાત્મા રૂપે પરમેશ્વર "

આ પ્રમાણે સિદ્ધસ્વામીની લીલા અદ્‌ભુત છે અને સ્વસ્થ મનથી ચિંન્તવન કર્યાથી મન શુદ્ધ થાય છે અને ચિન્તવન કરનારને હૃદયમાં સ્વામીજીની મૂર્તિ ઝટ પ્રગટ થાય છે અને અજ્ઞાનનો નાશ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

પ્રવાસમાં તેઓ આગળ વધતા વધતાં ગૌકર્ણ મહાબળેશ્વરમાં આવ્યા, કોટીતીર્થમા જઇ પગ ધોઇ મહાબળેશ્વરનાં દર્શન કીધાં અને મનેમાં વિચાર કરીને બોલ્યા. ગૌ=એટલે ઇન્દ્રીય અને તેમાં શ્રેષ્ટ ઇન્દ્રીય એજ કર્ણ, કારણકે મુમુક્ષુ અવસ્થામાં મહાવાકયનો અર્થ કાનથી સાંભળવાથી મુક્તિ થાય છે એવો આ ક્ષેત્રનો અર્થ છે, આમ વિચાર કરતાં કરતાં સ્વામીજી મંદિરની બહાર જેવા નીકળ્યા કે તુરતજ ત્હેમને એક જટાધારી સાધુ મળ્યા. તેમનો હાથ ઝાલી બન્ને જણા સમુદ્ર કિનારે જવા લાગ્યા. રસ્તામાં:-

જટાધારી:—મ્હને બહુજ ઠંડી લાગે છે અને તે સહન પણ થઇ શકતી નથી.

સ્વામીજી:—આજુબાજુ તપાસ કરતાં એક ફાટેલી તૂટેલી સાદડી ત્હેમના જોવામાં આવી, તે લઇને જટાધારીના ગળામાં નાખી ને કહ્યું કે કેવી મઝાની સાલ છે?

સમુદ્ર કિનારે ગયા પછી, થોડીક છીપો ભેગી કરી, તેની માળા બનાવી જટાધારીને પહેરાવી; શહેરમાં દુકાનો તરફ આવી થોડું કંકુ માગીને જટાધારીના મોંઢા ઉપર લગાડયું. એક હાથમાં ભાંગેલું માંટલું તથા બીજા હાથમાં ઝાડુ આપી કહ્યું, બહુજ સરસ ભૈરવ વેષ દેખાય છે, હવે તો એક ઢોલીની જરૂર છે, એટલામાંજ એક ઢોલી ત્યાંથી જતો હતો ત્હેને સ્વામીજીએ બોલાવી વગાડવા કહ્યું, અને દરેક દુકાને ફરી, ખેલ કરી બતાવી પૈસા ઉઘરાવતાં ઉઘરાવતા એક શિવાલય પાસે આવી પહોંચ્યા.

અહીંયાં એક પુરાણી "જ્ઞાનેશ્વરી" વાંચતો હતો; આ સાંભળવા માટે ઘણા લોકોની ઠઠ જામી હતી આ જોઇને સ્વામીજીએ પુરાણીને કહ્યું "મહારાજ" આપતો દરરોજ પુરાણ વાંચો છો પણ આજનો દીવસ "ઉર્ધ્વમૂળ" આ શ્લોક ઉપર, આ બધા ભેગા થએલા માણસોને અર્થ કહી સંભળાવવાનો મ્હારો વિચાર છે. સ્વામીજીની ભવ્ય કાન્તિ તથા અલૌકિક તેજ જોઇને પુરાણીએ સ્વામીજીની માગણીનો સ્વીકાર કર્યો, અને પોતે ઉઠી બીજા લોક જેમ સાંભળવા બેઠા હતા તેમ બાજુ ઉપર જઇ બેઠા. સ્વામીજીએ, પોતાની રસાળ વાણીમાં "ઉર્ધ્વમૂળ" ની પહેલેથી શરૂઆત કરી વૈરાગ્ય સુધી આવીને, સાંભળનારના મન ઉપર અસર થાય એવી રીતે ઉપદેશ કર્યો. આ ઉપદેશનો શ્રોતાઓએ પણ સ્વીકાર કર્યો અને છેવટે આરતી ઉતારી, તેમા દરરોજના કરતાં ચાર ઘણાપૈસા મળ્યા તેથી પુરાણીને ઘણોજ આનંદ થયો, પણ જટાધારી જે વખતે પૈસા ઉઘરાવતો હતો, તે જોઇને પુરાણીને ઘણો ગુસ્સો આવ્યો ને જટાધારીને પૈસા એકઠા કરતાં અટકાવી, અને ઉઘરાવેલા પૈસા ઝુંટવી

લેવા તૈયાર થયો; આ જોઇ એકઠા થએલા માણુસોએ કહ્યું કે આજનું વ્યાખ્યાન સ્વામીજીનું હતું તેથી ભલે અર્ધા પૈસા તેમની પાસે જાય, આ જોતાં જ સ્વામીજીએ પુરાણીને કહ્યું "શું તમે પૈસા માટે જ વ્યાખ્યાન કરો છો?" આમ કહી સ્વામીજીએ પોતાની ઝોળીમાં હાથ નાખી કેટલીક સોનામહોરો કાઢીને આપી. આ જોતાં જ બધા માણુસો આશ્ચર્ય પામ્યા અને પુરાણી સ્વામીજીને પગે પડયો, સ્વામીજી આશીર્વાદ આપી આગળ વધ્યા.

એક બ્રાહ્મણ નૈવેદ્ય લઇને મહાબળેશ્વરના મંદીર તરફ જતો હતો, તે સ્વામીજીને મળ્યો, આ જોતાં જ સ્વામીજીએ પૂછયું "આ નૈવેદ્ય કયાં લઇ જાઓ છો?"

બ્રાહ્મણ:—આ નૈવદ મહાબળેશ્વરને ધરાવવા સારૂ લઇ જાઉં છું.

સ્વામીજી:—તે મહાબળેશ્વર હું પોતેજ છું; જો ત્હને સાચું ન લાગતું હોય, તો મ્હને કારણ સમજાવ, અને ત્યાર પછીથી તે નૈવદ મન્દીરમાં લઇ જા.

બ્રાહ્મણ:—તૂં તો આશા રાખનારો મનુષ્ય છે ત્હને કોણ પરમેશ્વર કહી શકે?

એટલામાંજ જટાધારીએ બ્રાહ્મણ પાસેથી નૈવદ ઝુંટાવ્યું, આથી બ્રાહ્મણ બૂમો મારવા લાગ્યો; એટલે ઘણા માણુસો એકઠા થઇ ગયા અને જટાધારીને માર મારવા સારૂ તૈયાર પણ થયા. આ જોઇને સ્વામીજીએ બધાઓને કહ્યું:—"કોઇ પણ વિચાર કર્યા વિના આ બાપડાને કેમ મારવા દોડો છો?" શું મહાબળેશ્વર સર્વ વ્યાપી નથી? પત્થરની મૂર્તિ આગળ નૈવેદ ધરવાથી સાચા પરમે-

શ્વરની તૃપ્તિ કદાપિ થવાની નથી; પણ સાધુરૂપે મહાત્માઓને નૈવેદ ધરાવાથી ત્હેને સંતોષ થાય છે, જો વળી ભુખ્યાને અન્ન આપ્યું હોય તો ઘણુંજ પુન્ય છે; ગીતાજીમા પણ એમજ કહ્યું છે:-**अहं वैश्वा नरोभूत्वा प्राणीनाम् देहमाश्रित:** ॥ ભગવાન કહે છે કે "હું પોતે દરેક પ્રાણીમાત્રના અંદર ભુખરૂપથી (**वैश्वान्तर**) રહેલો છું. આ વિવેચન બધાને ખાત્રીરૂપ નીવડયું અને કહેવા લાગ્યા કે "અમે જ્ઞાનહીન હોવાથી ક્ષમા કરજો" આમ કહી નૈવેદ જટાધારીને આનંદથી આપ્યું, અને બધા માણસોએ કહ્યું કે તમારી તૃપ્તી થવાથી, અમારો ઉદ્ધાર થવાનો છે એવી અમારી ખાત્રી છે.

પછી ઢોલી, જટાધારી અને સ્વામીજી એ ત્રણેએ ભોજન આરોગ્યું, અને જમા કરેલા પૈસા ઢોલીવાળાને આપી ત્હેને જવા કહ્યું પછીથી બન્ને જણાએ નાગતીર્થમા જઇ સ્નાન કર્યું.

અહીઆં સ્વામીજી, એકલાજ ચાર દીવસ રહ્યા અને દરેકની શંકાઓનું નિવારણ કરી, ત્યાથી ઉડળી ગામમાં સમાધીસ્થાનો જોવા આવ્યા. પછીથી હુબળી શહેર ઉપરથી કલ્યાણ થઇ પંઢરપુર આવી વિઠ્ઠલ મૂર્તિનું દર્શન કરી નાશીક આવ્યા ત્યાં ગોદાવરીમાં સ્નાન કરી, પંચવટીમાં ગુપ્ત ગુહામા (ગુફામાં) ઉતરીને કાળ નારાયણનું દર્શન કીધું પછીથી ત્ર્મ્બકેશ્વરમાં આવ્યા, અહીઆં દ્વારકાધીશ શ્રીકૃષ્ણ પોતે જે ત્ર્મ્બકેશ્વરના દર્શનાર્થ આવેલા તેમને સ્વામીજીએ જોયા. ત્હેમના ઘણાજ આનદથી દર્શન કર્યા. પછીથી સ્વામીજી ઉજ્જૈન તરફ ગયા ને ત્યા મહાકાળેશ્વરના દર્શન કરી કહ્યું:-આશા અંશે આ મ્હારી શક્તિ છે. ત્યારપછી ઑમ્કારેશ્વર તળાવ ઉપર

આવી. જેમાં એક યુગમાં કોટિલિંગ તૈયાર થાય છે; એમ શ્રદ્ધાળુ લોકોને કહેવામાં આવે છે, અને આની ખાત્રી માટે બાજુમાં એવેલું પક્ષીતીર્થ એટલે પંખીઓ દરરોજ ન્હાવા આવે છે તે પ્રત્યક્ષ દેખાડે છે, આ ઉપરથી અજ્ઞાન લોકોની ભકતી દઢ થાય અને ક્ષેત્રનો મહીમા વધે; માટેજ જ્ઞાની લોકોએ આવા સ્થળો બનાવેલાં કે " ઇશ્વર ભકિતથી પરમેશ્વર સંતુષ્ટ પામે અને બધાઓનો ઉદ્ધાર થાય.

આ પ્રમાણે બોલી ઓમ્‌કારેશ્વરનો સ્પર્શ કરી ન્હાવા માટે તીર્થમા ઉતર્યા. અહીંઆ ભાવી લોકો માછલીને ખાવા માટે અન્ન નાંખતા જોયા તેથી સ્વામીજીએ કહ્યું કે " પરમેશ્વરે પ્રાણીઓને માટે અન્નની ગોઠવણ સ્થળે, સ્થળે આવીજ રીતે કરેલી છે માટે અન્ન માટે પ્રયત્ન કરવો એ અયોગ્ય છે. આમ કહી સ્વામીજી સ્વસ્થ બેઠા. થોડીક વારમા એક ભકત ફળાહારનું નૈવેદ લઇને ત્યા આવ્યો, અને સ્વામીજીને બ્રહ્મજ્ઞાની ધારી ફળાહાર કરવા વિનંતી કરી. સ્વામીજીએ તેનો સ્વીકાર કરી ત્હેને આશિર્વાદ આપ્યો કે જેથી તે માણસ આનંદ પામી ચાલતો થયો.

સ્વામીજી, થોડીક વાર વીસામો લઇ, મથુરાં તરફ ચાલ્યા, મથુરાંમાં આવી શ્રીકૃષ્ણ મૂર્તિનું દર્શન કર્યું, તથા શ્રીકૃષ્ણના બચપણના ક્રીડા સ્થળો ગોકુળ, વૃદાવન જોયા પછી કાશ્મીર તરફ ગયા, ત્યાં એક જ્યોતિષી મળ્યો, તેની શંકાઓનું નીવારણ સ્વામીજીએ કરી આપ્યું.

આગળ વધતાં, રસ્તામાં ચરકમુનીના અનુયાયી મળ્યો, તેને યોગ્ય ઉપદેશ કરી સ્વામીજી અમૃતસર તરફ ગયા; તે જોઇને કહ્યું કે આ પણ પુષ્કર તીર્થ જેવું લાગે છે.

સ્વામીજીને આગળ ચાલતાં, ત્હેમને નાનકપંથી લોક મળ્યા, અને ૐકારનો માર્ગ એ લોકોનો છે એવું તેઓને સમજાવી, સ્વામીજી કુરૂક્ષેત્રમાં જઇ, હરીદ્વાર (હરદ્વાર) આવી પહોંચ્યાં, અને બદ્રીકા આશ્રમમા શ્રી નારાયણના દર્શન કરી, કેદારેશ્વરમાં આવ્યા. જ્ઞાનવલ્લીમાં (એક જગ્યાનું નામ) ત્યાં થોડો વિસામો લીધો અને નિર્વિકલ્પ સમાધી સ્થિતિમાં, અજગરના જેવું શરીર ભોંય ઉપર, નાખી સુઇ ગયા.

શિવાનંદ નામના એક યોગી ત્યાંથી જતા હતા, તેમણે જમીન ઉપર નિશ્ચેષ્ટ સ્થિતિમાં પડેલા જોઇ મનમાં વિચાર કરવા લાગ્યા કે આ કોઇ મહાન યોગી લાગે છે, અને કોઇ સાધના માટે સબાસન માડેલું છે. અગર બ્રહ્મનિષ્ટ હોય, તો સાધારણ સ્થિતિમાં હોવા જોઇએ, આમ વિચાર કરી સ્વામીજીના અંગને સ્પર્શ કીધો, કે તરતજ આંખો ઉગાડી.

શીવાનંદ—"આ કયું આસન છે?"

સ્વામીજી—માતાના ગર્ભાશયથી ઉત્પન્ન થયા પછી હુંજનું અભીમાન હોય છે; તેનેજ આસનની મહત્તા લાગે છે. પરંતુ જે હમેશા-બ્રહ્મસ્થિતિએ પહોચેલો છે, ત્હેને આસનની કંઇ મહત્તા નથી.

શિવાનંદ—બિંબ, પ્રતિબિંબ, સંસર્ગ ભેદ અભેદ છે કે નહિ?

સ્વામીજી—ઉપાધીને લીધે ભેદ લાગે છે તેજ અનુભવથી જોયા હોય તો અભેદ લાગે છે.

શિવાનંદ—આ કેમ થાય છે?

સ્વામીજી—આયનામાં જે મુખાકૃતિ ઉત્તર તરફથી જોઇએ તો પણ દક્ષિણ દિશામા દેખાય છે, અને આ ફેરફાર એકદમ ધ્યાનમાં આવે છે તોપણ અનુભવમાં ભેદ લાગતો નથી કારણકે જે પ્રતિબિમ્બ આપણે જોયું તેજ ખરૂ માનીએ છીએ.

શિવાનંદ આ સાંભળી ખુશ થયા અને પોતાનું ભિક્ષાન્ન કાઢયું અને બન્ને જણા પ્રેમથી જમવા બેઠા, ત્યારપછીથી શિવાનંદ આશિર્વાદ લઈ પોતાના આશ્રમ તરફ ગયા.

સ્વામીજી દુણ્ડપાણીલીંગ દર્શને ગયા, અહીંઆ એક બ્રાહ્મણ ત્રણ વર્ષથી સખ્ત તાવથી પીડાતો હતો, તેનું નિવારણ કરી પંચાક્ષરી મંત્રનો બોધ કરી સ્વામીજી આગળ વધ્યા.

સ્વામીજી–પાપનું નિવારણ, અને ગરીબોનો ઉદ્ધાર કરવા માટે તીર્થાટનના વેષમાં ભકતોને માટે બહાર પડેલા છે.



પ્રકરણ ૬ ઠું

" સ્વામીજી કાશીમાં "

સ્વામીજી, બ્રાહ્મણને તાવમાંથી મુક્ત કરી, કેદારઘાટ આવી કેદારેશ્વરનાં દર્શન કરી, જંગમવાડીએ મણિકર્ણિકા દેવાલયમા થઇ, અન્નપૂર્ણા દેવીનું દર્શન કરી, સુરાભાણ્ડલીંગ જોઇને બ્રહ્મઘાટથી ગંગાજીમાં આવી, આચમન કરી દશાશ્વમેધઘાટ ઉપર આવ્યા.

બ્રહ્મદેવે દશ હજાર અશ્વમેધ કરેલા, તેથી આ જગ્યાનું નામ દશાશ્વમેધ ધાટ એવું રાખેલું છે. " બ્રહ્મદેવ મ્હારાથી કંઇ જુદો નથી એ અને હું એકજ " આમ કહી સ્વસ્થ બેઠા હતા, એટલામા મહાદેવ શાસ્ત્રીજી પોતાના (૫૬) છપન્ન શીષ્યો સાથે આવી, સુત્રો શીખવવા લાગ્યા. વળી એટલામાં જગન્નાથ ભટ્ટજી એમનાં ૭૨ શીષ્યો સાથે આવ્યા, પણ મહાદેવ શાસ્ત્રીના શિખવવામા જગન્નાથજીએ ભુલ કાઢી, જેથી બંને વચ્ચે વાદવિવાદ શરૂ થયો.

સ્વામીજીએ થોડોક સમય વાદવિવાદ સાંભળ્યા પછી વિચાર કર્યો કે આ લોકને લઢવા દેવું એ સારૂ નહી કારણકે આમ થવાથી સાચી વસ્તુનો લાભ એમને થવાનો નથી, પછીથી બંનેને પોતાની પાસે બોલાવી શાસ્ત્રના આધારથી **एकमेव** શ્રુતિના વચનનું ભાન કરાવી **ज्ञाना देवतु कैवल्यम्**નો અર્થ સમજાવી કહ્યું કે ફકત જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તી થાય છે. સ્વામીજીનાં આવા વચન સાંભળી

તેમનું બ્રહ્મજ્ઞાન સાચું માની, પોતાની ભુલ કબુલ કરી, સ્વામીજીને ચરણે પડી કહ્યું કે મહારાજ, કૃપા કરી અમોને કોઇ સારો બોધ આપો.

સ્વામીજી—આ સ્થાન તારકોપદેશક છે તેથી શાસ્ત્રીઓએ વેદમાં પોતાની બુદ્ધિથી જરાએ ભેદ પાડવો નહી, અને જેમ હોય, તેમ અર્થ કરી શીષ્યોને શીખવવું, વેદ શિવના (શંકરના) છે. અને તેમાં એવુંજ કહ્યું છે. આ સાંભળી, નમસ્કાર કરી બધાઓ ચાલતા થયા. થોડાક સમય પછી ઉપરમાનાં ત્રણ શીષ્યોએ પાછા આવી કહ્યું કે, આપે કરેલો ઉપદેશ અમને ભુલ ભરેલો લાગે છે; કારણકે અપ્રત્યક્ષ અને નહી સાભળેલાં વાકયોથી, મનની અંદર ભાવ ઉત્પન્ન થતો નથી.

સ્વામીજીને આથી દયા આવી ને પુછ્યું કે "મન અને જ્ઞાન આ એમાંથી લય કોનો થાય છે? આમ જુઓ! જ્ઞાનનો લય કદાપી થતો નથી. તમારા નકામા ઝગડાથી જ્ઞાનની અસર થતી નથી, પણ નિર્વિવાદ અને ભક્તિપૂર્વક શ્રદ્ધા રાખવાથી એનું ખરૂ ફળ પ્રાપ્ત થાય છે.

શિષ્યો—તમારા કહેવાનો અર્થ "**ભીખારી કહે છે કે હું રાજા**" એવો થાય છે.

સ્વામીજી—તમારૂં કહેવું તેમજ છે! કારણકે રોગથી પીડાતો રાજા કહે છે કે "**હુંજ તરવાર છું**" એવી તહમારી સ્થિતિ છે.

શિષ્યો—ત્યારે શું તમારી અને અમારી દશા જુદીજ છે?

સ્વામીજી—બન્નેમાં કોઇને દશાજ નથી, કારણ આત્મા હમેશાં નિર્મળ છે. ભલે અંધારૂં હોય કે પ્રકાશ હોય પરંતુ આકાશ ઉપર તેની કંઇપણ અસર થતીજ નથી. જે પ્રમાણે અજવાળા, અંધારાથી આકાશ નિર્મળ છે તેજ પ્રમાણે **આત્માનું** છે.

શિષ્યો—ત્યારે વિદ્યા શીખવાથી તમારા જેવો અનુભવ અમને કેમ મળતો નથી.

સ્વામીજી—વિદ્યા પાંડિત્ય એજ ગર્વનું ધામ છે અને તેનું કારણ અભિમાન છે અને પુનર્જન્મમાં આવા લોકો બ્રહ્મ રાક્ષસ થવા જોઇએ.

આવાં કઠોર વચન સાંભળી શિષ્યો ગભરાયા અને કહેવા લાગ્યા. " અમો ત્હમારે શરણે છીએ અને બ્રહ્મજ્ઞાનનો સારો લાભ થાય એવો સારો આશિર્વાદ આપો.

સ્વામીજી—તમે જે કહો છો, તેની સાથે તમારા અંતઃકરણની નિર્મળતા હોય, તો તમારી વાછના ઇશ્વર જ પુર્ણ કરશે. પછીથી ત્રણે શિષ્યો આનંદથી વિદાય થયા. સ્વામીજી પણ અહલ્યા ઘાટ ઉપર પહોચ્યા. ત્યાથી નારદ ઘાટ ઉપર થઇ એવા ચોસટ ઘાટ ફરી પડયા ઘાટ ઉપર શંકરનું દર્શન કરી, યક્ષઘાટ ઉપર આવી વિશામો લીધો. ત્યાર પછીથી નાગા ઘાટ ઉપર આવ્યા, અહીઆં એક નાગાએ સ્વામીજીને પ્રશ્ન કીધો કે " ત્હમે તો સાધુ દેખાવ છો, અને વસ્ત્ર પહેરનારને હંમેશાં દુઃખ થાય છે, ત્યારે ત્હમે શા માટે આ વસ્ત્ર પીડા વહોરો છો ?

સ્વામીજી—ત્હમને વસ્ત્ર વિના ઇન્દ્રિયસંયોગથી સુખદુખ થાય છે કે નહી તે કહો ?

નાગા—પ્રારબ્ધ યોગથી જ શરીરને સુખદુઃખ ભોગવવું પડે છે અને તે બધું સહનશીલતાથી ખમી શકીએ છીએ.

સ્વામીજી—સહનશીલતા તો સાધન થયું, ત્યાં પછી વસ્ત્રનો

સવાલ જ નથી વસ્ત્ર હોય કે ન હોય તે સરખું જ છે, કારણ કે એ સુખદુખનું સાધન થઇ પડતુ નથી. આ સાભળી નાગાએ કહ્યું કે "આ તો બહારથી ગાંડો છે પણ અંદરથી મહાજ્ઞાની દેખાય છે આમ કહી નાગો ચાલતો થયો.

સ્વામીજી રામનગર થઇ વ્યાસકાશીમાં આવી તળાવ ઉપર થોડોક વખત બેસી ગીરજાદેવી મંદીરમાં ગયા, ત્યાં પુજારીની નજર સ્વામીજી ઉપર પડવાથી તે બોલ્યો કે આ માણસ ભૃખતરસથી સુકાઇ ગયેલો દેખાય છે.

સિદ્ધાજી પુજારીનો ભાવ સમજી જઇ બોલ્યા કે-પ્રાચીન કાળમાં વ્યાસ મુનીને કાશીમાં આવાજ ઉપવાસ પડેલા હોવાથી કાશી ક્ષેત્રને તુચ્છ માન્યું તેથી કાશીવિશ્વેશ્વર ગુસ્સે થઇ મુનીને ક્ષેત્ર છોડવાનો શ્રાપ આપ્યો " મારી પણ સ્થિતિ તેવી જ છે કારણ કે મને ત્રણ દિવસ થયા ઉપવાસ થયા છે અને આજે બહાર નીકળતાં જ ઉપવાસ છૂટે તેમ લાગે છે.

સિદ્ધાજીનો આનંદીત ચ્હેરો જોઇ પૂજારી પૃછે છે કે મહારાજ આપ કોણ છો ?

સિદ્ધાજી—તું **જેને દરરોજ ઓળખે છે તેજ હું છું.**

પૂજારી—મહારાજ મારે ત્યાં જમવાને પધારો.

સિદ્ધાજી—મને ભોજનને વાસ્તે ઘેર બોલાવી જવાથી ત્હને જે પૂન્ય થશે તે કરતાં અત્રે મને ભોજન આપવાથી ત્હને અધિક પૂન્ય થશે. આથી પૂજારીએ ઘેરથી ઉત્તમ પ્રકારની સામગ્રી આણી સ્વામીજીની સાથે ભોજન લઇ બંને તૃપ્ત થયા.

પછીથી પંચક્રોશી કરવા સારૂ સ્વામીજી ત્યાંથી નીકળ્યા. (પ્રથમ) જનક રાજાએ સ્થાપેલું કરદમેશ સ્થાન ગયા. (બીજે) ભીમચન્ડી દેવીનું દર્શન કરી ગાધર્વસેન લીંગને પશ્ચિમે સાધી જોયુ. (ત્રીજું) ક્ષેત્ર અયોધ્યાપતિ (ચોથું) પાંડવમૂર્તિ (પાંચમે) કપીલ ધારા ક્ષેત્રમા સ્નાન કરી શીવરાન લીંગ, નીર્વાષ્યા સુંદરી, બુદ્ધિ, સ્વધા, સ્વાહા, અને મહાનીદ્ર વિગેરે ગાયોનું દર્શન કરી પંચકોશીની યાત્રા સંપૂર્ણ કરી એકાંત સ્થાનમાં શ્રમ વ્યતિત કરવા બેઠા. તેવામા ત્યા કોઇ દહીનો દડીઓ લઇ તથા બીજો સન્તુ લઇ ત્યાં મહારાજને પ્રસાદ ધરાવવા આવ્યા તેમણે બંને ભેગું કરી આધાર લઇ લીધો. અને કહેવા લાગ્યા કે સાભળો—આ દરેક ક્ષેત્રનું નામ ભગવાનનુંજ છે અને જેનામાં ક્ષેત્ર કરવાની તાકાત ન હોય તેને ફક્ત ક્ષેત્રનું નામ ભક્તિપૂર્વક ઉચ્ચારવાથી પુણ્ય મળશે.

સ્વામીજી પછીથી કીલ્લાની અંદર જઇ શંગમનાથનાં દર્શન કરી અક્ષયવટનું મૂળ જોઇ મોગલસરાઇ ચાલ્યા. ચાલતા રસ્તામા વરસાદ પડવાથી કોઈ એકના મકાનમા ઘુસી ગયા.

એકાએક બાવાને કોઇ શાહુકારના ઘરમાં પેસતો જોઇ ચોકી-દારે બુમ મારી કયા ભરાઇ જાય છે ?

સ્વામીજી—ધર્મશાળામા જાઉં છું.

ચોકીદાર—અરે મુર્ખ–આ તો કોઇ શાહુકારનું મકાન છે. ધર્મશાળા નથી માટે ચાલ્યો જા. આમ તકરાર ચાલે છે એવામાં મકાનનો માલીક આવી પહોચ્યો અને પૂછવા લાગ્યો કે શું છે ? " ધર્મશાળા " કહીને તકરાર કેમ કરો છો ?

સ્વામીજી—અહીંઆ કોણ રહે છે?

શાહુકાર—હું રહું છું.

સ્વામીજી—તારા પહેલા કોણ રહેતું હતું?

શાહુકાર—મારો બાપ.

સ્વા—એના પહેલાં?

શા—મારો દાદો.

સ્વા—આ મકાન ઘણું જ જુનું લાગે છે અને ઘણા માણસો રહેલા હોવા જોઇએ તેથી આ મકાન ધર્મશાળા રૂપે છે.

શાહુકારને આવી વિદ્વત્તાભરી વાણી સાંભળીને લાગ્યું કે આ કોઇ મહાત્મા છે માટે ચાલો તેમને ઘરમા તેડી જઇ આસન આપીયે. પછી સ્વામીજીને અંદર લઈ જઇ શાહુકારે સહકુટુંબ તેમની પૂજા કરી નીરાંતે બેસાડયા પછી શાહુકાર હાથ જોડી સ્વામીજીને કહેવા લાગ્યા કે–મહારાજ! મ્હારાં માતુશ્રી ભારે માંદગીથી ત્રણ માસથી પીડાય છે તો આપ કૃપા કરી આશીર્વાદ આપો જેથી આરામ થાય.

સ્વામીજી જ્યાં શાહુકારના માતુશ્રી પથારીવશ હતાં ત્યાં ગયા અને જોઇ કહેવા લાગ્યા કે આ ડોશીને દુઃખ તો પૂર્વજન્મનું છે અને શિવનામ સ્મરણ તથા માનસપૂજા કરવાથી અગર કોઇ મહાત્માનું ચરણતીર્થ લેવાથી પાપનું ક્ષાલન થઇ વ્યાધી રહિત થશે.

શાહુકાર કહે મહારાજ, આપજ અમારા મહાત્મા અને આપનુંજ ચરણતીર્થ કરવાથી આરામ થશે એવી મને શ્રદ્ધા છે. આમ કહી સ્વામીજીના પગ પ્રક્ષાલન કરી ડોશીને ચરણામૃત પાયું કે તરત ડોશીને આરામ થયો.

શાહુકારે મહારાજને મિષ્ટાન ભોજન કરાવીને પંક્તિ લાભ લીધો ને સ્વામીજીને સુવાને નરમ બીછાનું તૈયાર કરાવ્યું ત્યારે સ્વામીજી કહે કે આ બધી ઉપાધી શા માટે-મને તો ભીક્ષા માગી જમવું અને જમીન ઉપર સુવું એ જ વધારે સારૂં લાગે છે. કારણ કે સુખ અને દુખ બંને મને સમાન છે અને એ ભાવનાથી હું હંમેશાં સુખી રહું છું.

પ્રાતઃકાળે ઉઠીને કોઇને ખબર આપ્યા વગર સ્વામીજીએ ગયાજી તરફ ચાલવા માંડયું. જ્યાં દેવસ્થાન આવતાં ત્યાં બેસતા.

શ્રી સિદ્ધારુઢજી મહારાજની આ પ્રમાણે અલૌકીક લીલા છે અને તેનું મનપૂર્વક સ્મરણ કરવાથી પાપનો નાશ થઇ આનંદ થાય છે.

પ્રકરણ ૭ મું

"સ્વામીજી ગયાજીમાં"

મહારાજ મંદીરમાં બેઠા પછી થોડાક સમયમાં ભૈરવી ગાયનની શરૂઆત થઇ. સ્વામીજીએ ગાનારને કહ્યું "શંકરની પુંજાનો વખત હોવાથી શંકરભરણ રાગની શરૂઆત કર ગાનારે કહ્યું શા માટે ? સ્વામીજીએ નીચે પ્રમાણે સ્ફોટ પાડયો.

હૃદય કુણ્ડલી નાગથી અચ્છાદિત થાય છે ત્યારે શંકરાભરણ રાગ કહેવાય છે. એટલે નાભિસ્થાન ઝટ છોડી એ કુણ્ડળી ઉપર મોઢું કરી બ્રહ્મરન્ધ્રમાં જતાં જ એનુ પુર્ણ ફળ મળે છે. આ નીરૂપણ સાભળી ગાનારો સમજી ગયો અને નમ્રતાપૂર્વક નમસ્કાર કરી કહ્યું કે બધા રાગની ઉત્પત્તિ ક્યાથી થાય છે તે અમને સમજાવો. સ્વામીજીએ સપ્ત સ્વરનાં ઉત્પત્તિ સ્થાનો સમજાવ્યાં અને કહ્યું જો કોઇ આ સપ્ત સ્વર ઉત્પત્તિ સ્થાનમાં લાવીને ત્યાં જ આલાપ લગાવે તો ઇશ્વર કૃપાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય. સ્વર છે તે ઇશ્વરપ્રીતી અર્થે જ ગાવા જોઇએ. મનુષ્ય મનરંજન માટે નથી માટે પરમેશ્વરનું ભજન હંમેશાં કરવું. આ સાંભળી ગાનારા ખુશ થયા અને નમન કરી ચાલતા થયા.

પછીથી સ્વામીજી ગયાજી ગયા અને ત્યાં વિષ્ણુપદ જોયું અને પછી વૈજનાથ ક્ષેત્રમાં આવ્યા અને ત્યાં શંકરનો અભિષેક થતો જોઇ

મનમાં કહ્યું કે સૂર્યને નમસ્કાર, વાયુને ગંધ, ગણુપતિને દુર્વા તેમજ શંકરને પાણી પ્રિય છે અને તેથીજ અભિષેક કરવાની રૂઢી પડેલી છે અને અભિષેક કરવાથી અભિષેક કરવાવાળાનું મન શિલા ઉપરથી દેવ ઉપર જાય છે. મનુષ્ય દેહ બુદ્ધિનો નાશ થયા પછી આત્મબુદ્ધિ એકલી રહે છે અને એજ તત્વના ઉપર શાસ્ત્રકારોએ આ રૂઢિ પાડેલી હોવી જોઇએ. આમ વિચાર કરી ત્યાંથી અરૂણાન્ચળ ક્ષેત્રમાં આવ્યા અને મારો આત્મા એજ અરૂણાન્ચળ છે. અને ધ્યાનથી કરેલી પુંજાજ યોગ્ય છે પરમાત્માનું સ્મરણુ કરવાથીજ મોક્ષની પ્રાપ્તી થાય છે. આ શાસ્ત્ર આધારે સ્વામીજીએ ધ્યાન કર્યું. પછી પર્વત નીચે આવ્યા જ્યા ગંગાજીના સાત મુખ આગળ આવી અને આચમન કીધું પછીથી બોલ્યા "શંકરના શિર ઉપર રહેનારી આ ગંગા ભગીરથ રાજાના તપાચરણથી આ લોકમા આવી છે. પછી કલકત્તે આવી મહાકાળીનું દર્શન કર્યું અને જગન્નાથપુરી આવ્યા. અહિયા નીલચક્રનું દર્શન કર્યું. વળી એકના ઉપર એક એવાં સાત વાસણ મુકી, અન્ન તૈયાર થતું હતું તે જોયું. અન્નનું નૈવેદ ધરાવ્યા પછી, નૈવદને બ્રહ્મ કરી બધાઓ પ્રસાદ લે છે, પુજારીએ સ્વામીજીને પણ પ્રસાદ આપ્યો. પ્રસાદ વહેચ્યાં પછી બે વાસણો બાકી રહ્યા એટલામાં એક બ્રાહ્મણે આવીને વેચાતાં લઇ, સિદ્ધસ્વામીને સાથે લઇ ભોજન કર્યું. ત્યારપછીથી સ્વામીજી, સમુદ્ર કીનારે આવેલા કબીરદાસના મન્દીરમાં આવી, સંતલોકોની મુલાકાત લઇ ત્યાંજ રહ્યા.

અહીઆ સંત લોકો "**રામ**" નામનો જપ કરતા હતા તે જોઇને, રામનો મહીમા સમજાવવો એમ ધારી સંતોને કહ્યું કે સાંભળો.

વાલ્મીક રૂષીએ રામાયણ રચ્યું તે વખતે ઇશ્વરને ત્રણ ભાગમાં

ત્રણે લોકમાં વહેંચી દીધા ત્યારે "રામ" આ બે અક્ષરો બાકી રહ્યા. આનો એકી વખતે ઉચ્ચાર કરવાથી ભુક્તિ તથા મુક્તિ મળે છે. બે વખત રામ નામ જપવાથી નામ શક્તિરૂપ લાઘવરૂપ થાય છે, વળી શાન્તપણુથી ઉચ્ચાર કરવાથી આત્માનો સાક્ષાત્કાર થઇ દેહભાન ઉપર આવવું પડે છે. ત્યારપછીથી સંતોએ સ્વામીજીની પુજા કરી, આશીર્વાદ લીધો. સ્વામીજી નદી ઉપર આવ્યા, અને વહાણુ વાળાને બીજે કાંઠે લઇ જવા કહ્યું.

વહાણુવાળો—તહમે સાધુ લોકો અજ્ઞાન લોકોને ભવસાગર ઉતારી પાર કરો છો. પરંતુ ભક્તિરૂપ નાણુ તે લોકો પાસેથી પહેલાંજ વસુલ કરો છો. જે કોઇ ભક્તિ ન કરે તો તારતા નથી. ત્હમારા સાધુ લોકોની આવી રીત હોવાથી-હું પણ તમોને પૈસા લીધા વગર સ્હામે કાંઠે લઇ જનાર નથી.

સ્વામીજી—બહાદુર, સાભળ, જે કોઇ ઉપાધીને મુકીને મ્હારી પાસે આવે છે ત્હેની પાસેથી કાંઇપણ લીધા વગર; આ ભવસાગરમાથી તારૂં છું. હું કોઇ પણ જાતની ઉપાધી રાખતો નથી. ફક્ત આ લંગોટી માત્ર છે. જો તે ત્હારી નજરમાં આવતી હોય તો, ત્હેનો પણુ ત્યાગ કરૂં છું. આમ કહી લંગોટી ફેંકી દીધી. આથી વહાણુવાળો શરમાયો, અને કહેવા લાગ્યો, મહારાજ, જો એમજ હોય તો હું પણુ પૈસા વગર બીજે કાંઠે લઇ જઇશ. આમ કહી સ્વામીજીને વહાણુમાં બેસાડયા. દરરોજનાં કરતાં ત્હેને આજે ચારઘણા પૈસાનો લાભ થયો આ જોઇ મનમા વિચાર કર્યો કે મહારાજની જ કૃપા. સ્હામે કાંઠે ગયા પછીથી વહાણુવાળાએ એક નવું લુગડું લાવી મહારાજને અર્પણ કર્યું તેમાંથી ફકત એક લંગોટી જેવડું વસ્ત્ર લઇ બાકીનું પાછું આપી

દીધું આ વૈરાગ્ય જોઇ બધાઓને આશ્ચર્ય લાગ્યું

સ્વામીજી વધતાં ઔડ દેશમાં આવ્યા. આ દેશ ગરીબ સ્થિતીનો હોવાથી, લોક દરીદ્રાવસ્થા ભોગવે છે. આથીજ તેઓના ચિત્ત હંમેશાં ભ્રમ થએલા લાગે છે, અને જો કોઇ અણધાર્યો અન્ન માટે બારણે આવી પહોંચ્યો તો ચોર કહી હાંકી કાઢે છે. આથી આ રસ્તો છોડી દઇ અરણ્ય માર્ગ લીધો.

રસ્તામાં અન્ન મળે યા ન મળે તેની પરવા નહી કરતાં, તાપ, ટાઢ વિગેરે સહન કરતા, કરતા, દીવસો પ્રસાર કરતા ચાલતા હતા. એક દીવસ ચાલતાં, રસ્તામાં એક વૈરાગી મળ્યો અને સ્વામીજીને કહ્યું: આ રસ્તે આગળ છત્રીસ વડવાળી જગ્યા આવે છે ત્યાં વાનરોનો ભારે ત્રાસ છે. માટે વિચારીને જજો.

સ્વામીજીએ કહ્યું:—આ નાશ થનાર શરીરનો ભય શા માટે રાખવો ? શરીરમા, આત્મા પરમેશ્વર રૂપ છે, અને ત્હેને સમજાવી બધાં દુઃખોનો નાશ થાય છે. હૃદયરૂપી અરીસા આગળ નાશવંત જોયું હોય તો ભય દેખાશે પરન્તુ એના આગળ આત્માને જોયો હોય તો અભયનું પ્રતિબીમ્બ દેખાશે.

જ્ઞાનથીજ દષ્ટી લાંબે પહોચે છે અને આત્માથી પ્રચિતી આપીને જમરાજથી પણ બ્હીતો નથી તો વાંદરોની શી વાત ? આમ કહી સ્વામીજી આગળ ચાલ્યા અને અસંખ્ય વાંદર સમુદાય જોયો.

સ્વામીજીને જોતાજ, બધા વાદરો વડ ઉપરથી નીચે ઉતરી ઘેરી લીધા.

સ્વામીજી પાસે ખાવાનું ન હોવાથી કાંઇ પણ ઇજા કર્યા વગર પાછા ફરી ગયા.

સ્વામીજી સિંહાચળ ઉપર આવેલાં નરસીંહનાં દેવાલયમાં આવી પહોચ્યા. ત્યાંનો પુજારી ગંન્ધથી (ચદન) પુજા કરતો હતો. તે જોઇ સ્વામીજીએ કહ્યું-સ્મૃતિમા તો બ્રહ્મચિન્હ એજ છે. કારણુ-મન શુદ્ધ કરીને દેવનું દર્શન કર્યું હોય તોજ ભગવાન દેખાય.- આમ કહી સ્વામીજી ગૌમુખી તીર્થ પાસે આવેલા ઝાડના નીચે જઇ બેઠા.

થોડોક સમય વીત્યા પછી. સ્વામીજીના કાન ઉપર ગોધાટના શબ્દો અથડાયા; ત્યારે બાજુમા બેઠલા માણસોને પૂછ્યું આ ગરબડ શાની છે ?

તે માણસે કહ્યું:-એક માર્વાડી ગૃહસ્થ ઘણા દીવસોથી મહા-રોગથી પીડાય છે. તે ઘણા ઇલાજો કરી ચુકયો પણ તેને ફાયદો ન થવાથી, વ્યાધીથી કંટાળી, આ સ્હામે આવેલા ડુંગર ઉપર જઇ નીચે કુદકો મારી જીવ આપવા તૈયાર થયો છે. ત્હેને અટકાવવા આ બધી ગરબડ સંભળાય છે.

સ્વામીજી:—ભાઇ, ત્હમે જો તે મારવાડીને લઇઆવો તો ત્હેનો ભ્રમ હમણાજ દુર કરૂં. આથી તે લોકો ત્યા જઇ, મારવાડીને સમજાવી સ્વામીજી પાસે લાવ્યા સ્વામીજીએ મારવાડીને જોઇને કહ્યું: "અરે આ ગૌમુખી તીર્થમા-પાવન શકિત છે તે શું તૂં જાણતો નથી ? આ તીર્થમાં સ્નાન કર્યાથીજ ત્હારો રોગ દૂર થશે, આટલું કહી સ્વામીજીએ મારવાડીના હાથ પકડી તીર્થના કાંઠે બેસાડી, પોતે હાથની અંદર પાણી લઇ **ओम् नारसिंह** ઉચ્ચાર કરી, ત્હેના શરીર ઉપર છાંટયું આથી ત્હેને ઝટ શાન્તી થઇ. પછી મારવાડી પોતે તેજ નામનો જપ કરતો પોતાની મેળે સ્નાન કરવા લાગ્યો. પછીથી જુએ છે તો અંગ ઉપર કંઇપણ પીડા રહેલી ન દીઠી ત્યારે બોલી ઉઠયો આપ

પોતે જ નરસિંહ છો અને મારો ઉદ્ધાર કરવા સારૂ આવ્યા છો આમ કહી આનંદથી સ્વામીજીનો હાથ પકડી પોતાને ઘેર તેડી ગયો.

મારવાડીએ ભકિતભાવથી ઉત્તમ આસન ઉપર બેસાડી ષોડશો ઉપચારે પુજા કરી, હાથ જોડી સામે ઉભો રહી કહ્યું; મહારાજ, મનોભાવથી આજ હું આ મારૂં શરીર તથા ઘરબાર, પૈસો ટકો વિગેરે જે કોઇ મારૂ છે તે બધું તમોને અર્પણ કરૂં છું-અને તેના બદલામા ભક્તિરૂપી આશિર્વાદ આપો.

જો આ મારાં વચનમા આપને જરાક પણ શંકા આવે તો મારો ગયેલો રોગ મને પાછો આવે.

મારવાડીનો આવો દૃઢ નિશ્ચય જોઇ સ્વામીજીએ કહ્યું હું કહું છું તેમ કર. હમણા તારી પાસે જે કંઇ રોકડ હોય તેના બે ભાગ કરી એક ભાગ ગરીબોને વહેચી દે, અને બીજો ભાગ તારા કુટુંબ માટે રાખ, અને આ ઘરબાર મારૂ જ છે એમ સમજી શંકરનું સ્મરણ કરતો રહેજે.

આ વાત મારવાડીએ કબુલ રાખી. પછીથી સ્વામીજીએ આશીર્વાદ આપી વિજયનગરમાં આવ્યા અને પ્રતાપસિંહજીની ગાદી જોઇ સમુદ્ર કિનારે જઇ બેઠા.

અહીઆ કેટલાક વૈરાગીઓ સદાવૃતમાથી અન્ન લાવી ભોજન તૈયાર કરતા હતા. રસોઇ તૈયાર થયા પછી એક જણે સ્વામીજીને ભોજન કરવા બોલાવ્યા અને સાથે લઇને બેઠા ત્યારે સ્વામીજીએ કહ્યું પ્રાણના રસ્તે પેટમા ગએલા અન્નનું શું થાય છે ?

વૈરાગી—અન્નમાથી વીર્ય ઉત્પન્ન થાય છે, બીજું શું થાય છે તે અમો જાણતા નથી.

સ્વામીજી—શ્રુતિમા કહ્યું છે કે-**अन्नमयंहि सोम्य मन ॥**

આ વચનથી પેટમાંના અન્નનું પુરિષ્ઠ, સ્વવિષ્ઠ, આણીષ્ઠ આ પ્રમાણે ત્રણ ભાગ થાય છે. પહેલો ભાગ કચરો (વિષ્ટા) બીજો ભાગ વીર્ય છે અને **ત્રીજો ભાગ જે રહ્યો તે મનની શાન્તી કરે છે તેથી જ યોગસાધનવાળાનું ધ્યાન ઇશ્વરરૂપમાં તલ્લીન થાય છે અને આથી જ અન્ન આપનારનો ઉધ્ધાર થાય છે.** અન્નના આવા પ્રકાર છે અને તે સમજ્યા વગર જે કોઇ અન્ન ખાય તે ભ્રષ્ટ થાય છે આટલું જ નહિ પણ અધોગતીએ પહોચે છે. આ સાભળી વૈરાગીઓ દીંગ થઇ ગયા અને પરમાત્માનું નામ લઇ ભજન કરવા લાગ્યા.

સ્વામીજીએ ત્યાથી પ્રયાણ કરી ભદ્રાચર પર્વત ઉપર આવી, જુનાં મંદિરોનું સમારકામ **રામદાસ** નામના ભકતે કરેલું તે જોયું ને પ્રસન્ન થઇ બોલ્યા, ભકતો ઇશ્વરકૃપાથી કેવા મોટાં કામો કરી શકયા છે. ત્યાથી ગોદાવરી તીરે આવી **રામદાસ**ના ઓટલા ઉપર નિર્વિકાસ સ્થિતિમા બેઠા. એટલામા કેટલાક બ્રાહ્મણો આવી સ્વામીજીને પૂછવા લાગ્યા "મહારાજ આપને કયાં રહેવું' "સ્થિતિ અને ગતિ" એટલે શું.

સ્વામીજી—જેને દેશ, કાળ અને વસ્તુ આ બધામાં એક જ ભાવ લાગે છે એવા આત્માને કયો દેશ કહેવો? આખી દુનીઆ એને આત્મરૂપ દેખાય છે અને સર્વવ્યાપી છે, એના જ આધારથી આખી પૃથ્વીનો વહેવાર ચાલે છે એટલે એની કઇ સ્થિતિ કહેવી? હવે તો ફકત તેને જ્ઞાન જ કહેવાય. બ્રાહ્મણો જ્ઞાની હોવાથી તુરત જ સમજ્યા અને ચાલતા થયા. સ્વામીજી દરેક સ્થળો જોતાં કર્ણાટક

દેશમાં આવ્યા અને બેઝવાડા નજદીક કૃષ્ણા નદીના તીરે બેઠા.

આ ઠેકાણે સ્વામીજી ત્રણ વર્ષ રહ્યા. નદી કીનારે ચરવા આવતા બકરાનું દૂધ અને કોઇકવાર નદીમાંનો નરમ કાદવ ખાઇને જ દીવસો ગુજારતા.

ત્યાંથી સ્વામીજી મંગળગીરીએ ગયા અને ભગવાનનો પ્રસાદ લઇ, માથા ઉપર સૂર્યના કીરણો પડે એવી જગ્યાએ ઉભા રહી "ભગવાન તારો પૂર્ણ જય થાઓ" આવો આશિર્વાદ ભગવાનને આપ્યો. આ બનાવ જોઇ, પુજારીને અચંબો લાગ્યો અને બોલી ઉઠ્યો કે 'તું તો ભગવાનને આશિર્વાદ દે છે" મને તો નવાઇ લાગે છે.

સ્વામીજી—સગુણ બ્રહ્મના ઠેકાણે બધા દેવ છે અને બ્રહ્મનું મુળ ઠેકાણું નિર્ગુણ છે અને પોતે શરીરભાન ભૂલીને જ્ઞાની પોતે નિર્ગુણ બ્રહ્મ બનેલો હોય છે અને તેથી જ ભગવાનને એના જ આશિર્વાદની આવશ્યકતા લાગે છે. જ્ઞાની લોકોના લીધે જ ભગવાનના દેવાલયોનાં જીર્ણોદ્ધાર થાય છે. આ સાભળી પુજારીને વિવેક ઉત્પન્ન થયો.

સ્વામીજી મંગળગિરિ ઉતરતાજ એક ગુફામા સોમેશ્વર નામનો બ્રાહ્મણ, વશીકરણ વિદ્યાનો અધ્યયન કરતો હતો, આવી રીતનાં આચરણ જોઇને સ્વામીજીને દયા આવી અને પુછયું ત્હમે આ શું કરો છો? બ્રાહ્મણ કુળમા જન્મ લઇ આપણો ધર્મ ત્યાગ કરી, આવા શુદ્ર આચરણથી ભ્રષ્ટ કેમ થાવ છો. શાસ્ત્રમા કહ્યુ છે કે પૂર્વ પૂણ્ય ગાંઠમા હોય તોજ સિદ્ધિ પામે. આના લીધે માણસો પાપકર્મ આચરતા અટકે છે. આ બધુ જાણી છતાં આપ આવા પાપકર્મ આચરો છો? સારા આચરણથી જન્મમરણ ટળતું નથી તો પછી આ ત્હારા શુદ્ર કર્મથી સુખની પ્રાપ્તિ કયાથી થાય; તું

નર્કનોજ અધિકારી થશે. આ સાભળી બ્રાહ્મણે વિચાર કરીને કહ્યું મહારાજ ! હુ બુદ્ધિ વગરનો મૂર્ખ છું. મ્હને આ વિદ્યા જેણે શીખવી તેનું ફળ આવું પ્રાપ્ત થશે એવું શીખવાડયું નથી.

સ્વામીજીઃ—ગુરૂની કસોટી કર્યા વર્ગ તૂં એના શરણે કેમ ગયો.

બ્રાહ્મણઃ—મહારાજ, કૃપા કરી આ દોષનું નિવારણ થાય એવો રસ્તો બતાવો.

સ્વામીજી—દરરોજ ૨૪ હજાર ગાયત્રી મંત્રનો જપ કરશો એટલે મનની શુદ્ધિ થશે અને મુક્તિ પદને પામશો. આથી તે બ્રાહ્મણ મહારાજના બોલ માથે ચઢાવી ઘેર ગયો. સ્વામીજી ઘણા પ્રદેશો જોતા જોતા, બાળકોળ નામના મથક ઉપર જ્યા ઘણા સંત લોકો રહેતા હતા ત્યા આવી પહોચ્યા, એક દીવસે એક શિષ્યે પ્રશ્ન કીધો આ દેહને "હું" એવુ કહેવાય છે તો પણ એ દેહ પ્રત્યક્ષ આત્મા નથી તો આત્મા કોને કહેવો ? એ મ્હને સમજાવો.

સ્વામીજી નીચે પ્રમાણે શ્લોક બોલી પંચતત્વનો ફોડ કરી શરીરના ભાગો પંચતત્વની સાથે સરખાવી તથા ચૈતન્ય રૂપની ઓળખાણ કરી આપી.

पंचात्मकं पंच सुवर्तमानं पडाश्रयं पड्गूण योग युक्तं ॥

त सत्यधातु त्रिमलं त्रियोनि चतुर्विधाहार मयं शरीरं ॥ १॥

આ સાભળી સંતોષ પામી, શીષ્ય આશીર્વાદ મેળવી પોતાને સ્થાને ગયો અહીઆજ એક માણસ બહુ લાંબા વખતથી કુષ્ઠ રોગથી પીડાતો હતો, ને સ્વામીજી આગળ આવી પ્રણામ કરી બોલ્યો મહારાજ પેલા શિષ્યનો આપે હમણાજ માનસિક રોગ નિવારણ

કર્યો, તેવીજ રીતે મ્હારા ઉપર પણ કૃપા કરી, મ્હારા દુઃખનું પણ નિવારણ કરો. આવી રીતે કહી, પગે પડ્યો.

સ્વામીજીએ પંચાક્ષરી મંત્રનો ઉપદેશ કર્યો અને પોતાના ચરણતીર્થ લઇ, ત્હેને નવડાવ્યો કે તુરતજ એનુ અંગ સંતેજ થઇ વ્યાધીથી દૂર થયું, આ ચમત્કારથી અહીઆ ઘણા લોકોની ગડદી થવા લાગી તેથી સ્વામીજી અહીઆથી છટકી ગયા.

દરેક સ્થળો જોતા સ્વામીજી વિજાપુરમા આવી પહોચ્યા, ત્યાં કોઇ એક બાગીના ઘર આગાડી અચાનક ઉભા રહી ગયા, એટલામા બાગી વિચાર કરતો બહાર આવ્યો એટલે ત્હેની નજર સ્વામીજી ઉપર પડી કે તુરતજ આ માણસ કામમા લાગશે એમ ધારી ઘરમાં જઇ રોટલી લાવી આપીને કહ્યું. કે આ છાણનો ઢગલો પડેલો છે. તે સાફ કરી નાખ, આથી સ્વામીજીએ તે સાફ કરી, બીજાના ઘર તરફ આવ્યા, તેણે પણ એવીજ રીતે ધારી અડધો રોટલો આપી કાદવ સાફ કરાવ્યો, તે પણ સ્વામીજીએ સાફ કર્યો અને રાત્રી પડવાનો સમય હોવાથી **તાસ** નામના કુવાની નજદીક આવી વિસામો લીધો. રાત્રી પડયા પછી એક માણસે આવી પૂછ્યું કેમ બાવાજી જમ્યા કે કેમ? સ્વામીજીએ ઇસારાથી ના પાડી, આથી તે માણસ પોતાને ઘેર તેડી જઇ ટાઢું વધેલુ અન્ન આપ્યું, ખાધા પછી કહેવા લાગ્યો કે આજે જુમામસજીદ તરફ નાટક થવાનું છે તે જોવા મ્હારી સાથે ચાલ, એમ કહી તે જગ્યાએ સ્વામીજીને લઇ ગયો અને એક મશાલ લાવી સ્વામીજીના હાથમાં આપી ઉભા રહેવાનુ કહ્યુ, સ્વામીજીએ ત્હેના કહેવા મુજબ કર્યું અને મનમાં બોલ્યા, "હુ પોતેજ શ્રેષ્ટ છું કારણકે મ્હારાજ પ્રતાપથી (પ્રકાશ)

આખી દુનીઆના ખેલો ભજવાય છે. સ્વામીજીને નિદ્રા આવતાં મશાલ નીચે પડી ગઇ, આથી પેલો માણસ દોડી આવી સ્વામીજીને તમાચા મારી, પછી મસાલ હાથમાં આપી, બરાબર ઉભા રહેવા કહ્યું આજુબાજુના માણસોએ ધાર્યું કે આ માણસ મુર્ખ લાગે છે.

સ્વામીજીએ મનમા વિચાર્યું કે આ ઠીક થયું. મ્હારા આત્માને જગતરૂપી નાટકનો પ્રકાશ કરવા માટે, ઉંઘમાથી મ્હને જગાડ્યો, આ માણસે મ્હને માર્યો નથી પણ-પૂજન કરી છે આથી સ્વામીજીને ઘણોજ આનંદ થયો.

નાટક ખલાસ થયા પછી સ્વામીજી આ જગ્યા સ્વચ્છ છે એમ ધારી અહીંઆજ સુઇ ગયા. આ જગ્યાએ ઘણા દીવસો પ્રસાર કર્યા પણ કોઇ દયાવંત માણસો લાગ્યા નહી તેથી મનુષ્ય ત્યાગ કરી "બીનચીપ" નામની મસજીદની પછવાડેના ભાગમાં આવેલી ખુલ્લી જગ્યામા રહેવા લાગ્યા. આજુબાજુ સીતાફળીઓ ઘણી હોવાથી સીતાફળનો અહાર કરતા અને જમીન ઉપર નીંદ્રા લેતા. અન્નવસ્ત્રની અગર કોઇપણ જાતની ઉપાધી રાખતા નહી. તેથી એમના મનમાં એકાગ્રતા ઉત્પન્ન થઇ, પૂર્ણ વૈરાગથી ચિત્તને શાન્તિ મળી.

દુનીઆ બેરંગી હોવાથી ફાવે તેમ સ્વામીજી વાસ્તે બોલવા લાગી. કોઇ ચંડાળ કહેતા, રાજર્ષિ ગુણવાળા એમને ગાંડા ધારતા; કેટલીક સ્ત્રીઓ માહેમાહે વાતો કરતી કે "કર્મની ગતિ ન્યારી છે" પ્રારબ્ધથી અન્ન, પાણી, તથા મનુષ્ય ત્યાગ, વરસાદ, તાપ, ઠંડી વિગરે કષ્ટો આ બીચારો સહન કરે છે એનું કાંઇ કારણ સમજાતું નથી.

સ્ત્રીઓએ વાપરેલા "**પ્રારબ્ધ**" શબ્દથી સ્વામીજીને પૂર્વ સ્થિતિનું ભાન થયું. તેથી પોતે પૂર્વ દીશામાં આવેલા "બદવેલી"

નામના ગામમાં જઇ દેવાલયમા જવા વિચાર કર્યો, પણ ગામમાં પેસતાજ ચોકીદારે "તું કોણ છે" એવો સવાલ કર્યો પરંતુ સ્વામીજીએ ન બોલવાનો નીયમ લીધાથી હેને જવાબ આપ્યો નહી આથી ચોકીદારને ક્રોધ આવતાજ તમાચા તથા લાતો મારી નીચે પાડી ભોય ઉપર ખેચતો કોટવાળ પાસે કચેરીમા લઇ ગયો.

કોટવાળને તે દીવસે અગત્યનુ કામ હોવાથી વગર તપાસે કોટડીમા પુરવા હુકમ કર્યો. ત્રીજે દીવસે કોટવાળ પાછો ફર્યો, અને સીપાઇઓએ યાદ આપ્યું ત્યારે સ્વામીજીને બહાર લાવી પૂછયું. તુ કોણ છે? અને કયાથી આવે છે; તોપણ સ્વામીજીએ ઉત્તર આપ્યો નહીં, આથી કોટવાળને પણ ગુસ્સો આવ્યો અને હુકમ કર્યો ને કહ્યું કે આ માણસ ચરબીથી ભરેલો લાગે છે માટે શીક્ષા કરવી જોઇએ. હુકમ મળતાજ સીપાઇઓએ માર તથા તમાચા મારવાનું કામ શરૂ કર્યું.

સ્વામીજી "**शिवार्पणमस्तु**" સિવાય બીજું કશુ બોલ્યા નહી, અગ્યાર તમાચા પુરા થયા કે તરતજ એક બ્રાહ્મણ આવી પહોચ્યો અને કહ્યું કે આ કોઇ મહા પુરૂષ દેખાય છે માટે એમને છોડી દો, હૂં મ્હારે ઘેર તેડી જાઉ છુ. આથી કોટવાળે સ્વામીજીને છોડી દીધી—પછી પેલો બ્રાહ્મણ સ્વામીજી સાથે ઘેર ગયો. અને સ્વામીજીના આખા શરીરે તેલ મશળી, ગરમ પાણી થીસ્નાન કરાવી. ભોજન આપી તૃપ્ત કયા, આવી રીતે પંદર દીવસો પ્રસાર કર્યા

પ્રકરણ ૮ મું

" જંગમનો ભ્રમ નિવારણ "

સ્વામીજીને ઘણા દુષ્ટ લોકો તરફથી ઘણું દુઃખ સહન કરવું પડતું હતુ, પરંતુ શરીરને જે દુઃખ પડે તેમા આનંદ માનતા આ દેહ આખી દૂનીઆને તારવાને વાસ્તેજ સરજાએલું છે.

સ્વામીજી પોતાના દીવસો પ્રસાર કરતા હતા એટલામા મહોરમનો દીવસ આવી પહોચ્યો. તે દીવસે પૂંડ લોકોએ સ્વામીજીને એક પાટીઆ ઉપર બેસાડી, ખાંધ ઉપર લઇ આખા ગામમાં પૈસા ઉઘરાવવા સારૂ ફેરવ્યા. અને સ્વામીજી જરાક પણ વાકાચુકા થતા તો મારતા પણ થયુ તેમજ, છેવટે સ્વામીજીને ખુબ માર મારી છોડી મૂકયા.

સ્વામીજી માર પડવાથી અશક્ત થવાથી પોતે જમીન ઉપર ગસડાતા મહા મુશીબતે એક મસજીદમા આવી પડયા. અને કહેવા લાગ્યા; " ભગવાને મ્હારા ઉપર કૃપા કરી છે. એમ હું માનું છું " દેહ જો ભટકતો રહે તો મનને વિક્ષેપ થાય છે, પણ જો એકજ જગ્યાએ રહે તો નિર્વિકલ્પ સ્થિતિને ઝટ પામે છે, આમ કહી તેઓએ અહીંઆ ઘણા દીવસો ઇશ્વર આધારે પ્રસાર કર્યા.

સ્વામીજીનો આનંદિત સ્વભાવ હોવાથી બાળકો પણ ત્હેમની સાથે ખેલવા આવવા લાગ્યા. તુરજાપ્પા નામનો ભક્ત અહીંઆ રહેતો હતો, તેણે બાળકોને મ્હોઢેથી સ્વામીજીની ઘણી વાતો સાભળી, તેથી સ્વામીજીને પોતાને ઘેર તેડી લાવવા એવો મનમા વિચાર કર્યો. અને બાળકોને કહ્યું કે તમો જો સ્વામીજીને મ્હારે ઘેર તેડી લાવો તો તમોને ગોળ તથા ચણા આપીશ. આથી બાળકો ખુશીમાં આવી સ્વામીજી પાસે જઇ, ત્હેમને ગેડી રમાડતા તે માણસના ઘર તરફ લઇ આવ્યા.

સ્વામીજીને પોતાના બારણા અગાડી આવેલા જોઇ તુરજાપ્પાએ નમસ્કાર કરી, હાથ પકડી સ્વામીજીને ઘરમાં લઇ આવી પલંગ પર બેસાડયા.

બાળકોની કબુલાત પ્રમાણે ગોળ ચણા વેહચ્યા. સ્વામીજીની પ્રેમથી હજામત કરાવી, ગરમ પાણીથી સ્નાન કરાવ્યું, ઉત્તમ રીતે પ્રેમથી પુજા કરી, ભોજન કરાવ્યું. અને આ દીવસ ઉત્સવ તરીકે ઉજવ્યો.

સ્વામીજીની ખ્યાતિ પ્રસરવા લાગી, ઘણા દૂરના માણસો દર્શને આવવા લાગ્યા થોડાક દીવસો પ્રસાર કર્યા પછી સ્વામીજીએ તુરજાપ્પાને કહ્યું:—જેવી રીતે સ્વચ્છંદ ઉડનાર પંખીને, ઉત્તમ પાંજરામા બંધ કરવું, તેવીજ મ્હારી સ્થિતિ છે, માટે મ્હને મ્હારી પૂર્વ જગ્યાએ લઇ જાઓ. આથી તે ભકતે આજ્ઞા માથે ચઢાવી સ્વામીજીને પૂર્વ જગ્યાએ (મસજીદમા) લઇ જવામાં આવ્યા. સ્વામીજી મસજીદમાં આવ્યા તો પણ ઘણા લોકો આજુબાજુના દૂરના ગામોથી પણ દર્શને આવતા. સ્વામીજીને જેઓએ ઘણું દુઃખ આપેલું હતું, તે બધા લોકો પણ ત્યા આવતા, અને સ્વામીજીના મુખેથી વેદાંન્ત

શ્રવણ કરતા. પોતાને ત્યાં કોઇ આદમી બીમાર થતું તો સ્વામીજીને દર્શને લાવતા ને આશીર્વાદ લેતા કે તરતજ આરામ થઇ જતો. આવા ચમત્કારથી ઘણા ભકતોની ભકિત દૃઢ થઇ અને પ્રકાશમા આવ્યા.

એક દીવસે, સ્વામીજી જ્યાં બેઠા હતા, તેની આગળના ખુલ્લા ભાગમાં અસંખ્ય માણસો એકઠા થયા હતા અને પોત પોતની ધર્મ શ્રેષ્ટ કહી લઢવા લાગ્યા. આખરે સ્વામીજી પાસે આવી ઇન્સાફ માગ્યો.

સ્વામીજી:—"ઇશ્વર એકજ છે." પરન્તુ એને મેળવવાના રસ્તાઓ જુદા જુદા છે. જેવી રીતે કે એક ગામમાં જવું હોય તો તેના જુદા જુદા રસ્તેથી જવાય છે પણ ગામ તો એકજ હોય છે-તેવીજ રીતે આ છે. બધા જીવોથી પરમેશ્વરની કૃપા સાધ્ય છે, આ માત્ર નિર્વિવાદ છે. આથી દરેકને સંતોષ થયો અને શાન્તીથી પોતપોતાને ઘેર ગયા.

આવી રીતે થોડોક સમય વિજાપુરમા પ્રસાર કરી આગળ ચાલવા નીકળ્યા, તેથી ભકતોએ સ્વામીજીને કહ્યું કે અમોને મુકી આપ જાઓ છો તો અમારૂ કોણ ? ત્હમારા દર્શનમાજ અમારૂં કલ્યાણ છે.

સ્વામીજીએ કહ્યુ:—તમોએ જે જ્ઞાનનુ બીજ હૃદયમાં રોપ્યું છે અને હવે અંકુર ફુટવાના તૈયારીમા છે, તેને સારા વર્તનથી, ભકિતપૂર્વક રક્ષણ કરવામા આવશે એટલે બ્રહ્મમાર્ગ સુલભ થઇ ઉત્તમ ગતીએ પામશો.

ત્હમારા જેવા બીજા ભકતો, આ મ્હારા શરીરની રાહ જોયા કરે છે, માટે તેઓને બોધ કરવા સારૂં હુ જાઉ છું, મ્હારા ઉપર જેમ લોભ રાખ્યો છે તેવીજ રીતે બીજા બધા સધુસંત ઉપર રાખશો, અને આની અંદર ત્હમારૂ કલ્યાણ છે આ સાભળતાજ દરેકની આંખમાં-

થી પ્રેમાશ્રુ આવ્યાં. આથી સ્વામીજીને દયા આવી ને બોલ્યા કે થોડાક સમયમાં નજદીકમા કાયમનો રહીશ. આમ કહી ત્યાથી દક્ષિણ દીશા તરફ અરણ્ય માર્ગે ચાલવાનું શરૂ કર્યું, છેવટે સિદ્ધાપુર ગામમા આવ્યા, અહીંઆ કંઇ નવીનજ દેખાવ નજરે પડ્યો, એક માણસ હાથ ભોય ઉપર રુકી, પગ ઉંચા કરી ઉંધે મસ્તકે પડી રહ્યો હતો.

સ્વામીજીએ તેની નજદીક જઇ પૂછ્યુ કે આમ શા માટે કર્યું છે ત્યારે તે બોલ્યો, " આ ગામના લોકો એક હજાર જંગમોની પુજા કરી, ભોજન આપશે તોજ હું નીચે ઉતરીશ, એવો મ્હે નીયમ લીધો છે.

આ ગામના લોકોને સ્વામીજીએ ચિન્તામા પડેલા જોયા. કારણ કે તે માણસ ભુખ્યો રહેતો હતો. એટલે ભાવીક લોકોએ પણ અન્ન નહોતું લીધુ.

સ્વામીજીઃ—તમે ત્હેને કહી દો કે અમો એક હજાર જંગમની પુજા કરીએ છીએ, એમ કહી એને નીચે ઉતારો, પછીથી હું એને સમજ પાડીશ. આ સાભળી બધા લોકો, પેલા માણસ પાસે જઇ ઉપર પ્રમાણે કહી નીચે ઉતાર્યો.

થોડીવાર પછી સ્વામીજી ત્હેની નજદીક ગયા અને કહ્યુંઃ- કે આ દુનીઆ બધી જંગમોથી ભરપુર છે, માટે તમે કયા જંગમની પુજા કરવા કહો છો ? તૂ જો કહેશે કે જંગમ એ એક જાત છે તો એ **ષડર્મી** સહીત કે રહીત ? ષડર્મી સહીત જો હોય તો એ પુજા કરવાને અયોગ્ય છે અને જો રહીત કહેશો તો એ સદાનો તૃપ્ત છે એટલે એને નૈવેદય ધરાવવાની કાઇ પણ જરૂર નથી. શાસ્ત્ર આધારે થતી વાતચીત સાભળી પેલો માણસ નિરૂત્તર

બની ગયો, પછીથી સ્વામીજીએ તેને દૂર લઇ જઇ કાનમાં કહ્યું કે " આ ઢોંગ કરવાનું છોડી દો, અને જો આ લોકોને આ બધું ખબર પડશે તો ત્હારૂં અપમાન થશે. પછીથી સ્વામીજીએ બધા માણસો બોલાવી કહ્યું કે થોડુ દૂધ તથા સાકર લાવી આ માણસને આપો એટલે આખી દુનીઆના જંગમને તૃપ્તી થનાર છે, આવી રીતે જંગમના ભ્રમનો નિવારણ કર્યો. "

સ્વામીજી આગળ ચાલતા યાદવાડા ગામમા આવ્યા અને એક ઘર અગાડી ભીક્ષા માગવા ઉભા રહ્યા, એક બાઇએ શાક અને એક રોટલો આપ્યો સ્વામીજીએ રોટલા ઉપર મૂકેલું શાક જોઇ કહ્યું જેવડો મ્હોટો રોટલો છે તેટલું શાક નથી ત્યારે તે ભલી બાઇએ હાથ રોટલા ઉપર ફેરવી રોટલા જેવડું કરી દીધું.

સ્વામીજીએ કહ્યુ —હવે ભાંગવું ક્યાથી ?

બાઇએ કહ્યું.—આ કોઇ ગાડોબાડો છે કે શું ?

સ્વામીજીએ બ્રહ્માનંદમા મગ્ન થઇ હાથ ઉપર રોટલો લઇ ચાલવા માડયુ, આગળ જતા અલમૈયા પુરાણી પોતાના ઘરમા બેસી પુરાણ કહેતો હતો આ જોઈ સ્વામીજી એના ઘરમાં ઘુસ્યા સ્વામીજીની આવી વર્તણુક તથા રોટલો જોઇ, એમને બહાર કાઢી મુકવા પુરાણીને કહ્યુ, પરન્તુ સ્વામીજી કોઇનું પણ કહ્યું ન માનતા ત્યાજ બેસી રહ્યા. ચન્નબસવ પુરાણમાથી કથા ચાલતી હતી અને તેમાં અલંકારોમા નીચેનુ વાકય આવ્યું:—હાથી જેવું આમ્ર ઝાડ હતું અને એની સ્હામે શ્રી શંકરજી તપ કરતા હતા અને તે ઝાડ ઉપર મધુમીત્ર પંખીઓ વાતો કરતાં હતાં. વળી " વિધુલેખા " શબ્દ વ્યાપર્યો ત્યારે સ્વામીજીએ પ્રશ્ન કર્યો કે આનો સંબધ ઝાડ તરફ ગણવો કે હાથી તરફ ?

આથી પુરાણી મુઝાઇ ગયો અને કાંઇ પણ જવાબ આપી શકયો નહિ-આથી સ્વામીજી બોલ્યા વૃક્ષને આ શબ્દ લગાડયો હોય તો સ્થાવર સ્થિતિની વિરૂદ્ધ જાય છે. અને જો હાથી તરફ લગાડીએ તો? આવો પ્રશ્ન સાંભળી પુરાણીએ વિચાર્યું કે આ કંઇ ગાંડો નથી પણ વિદ્વાન લાગે છે. તેથી પુરાણીએ કહ્યું "મહાત્માજી આનો અર્થ આપ જ મને કહી સભળાવો. કારણ કે મને કંઇ એમા સમજણ પડતી નથી.

સ્વામીજીએ કહ્યું કીડીથી તો હાથી સુધી આખું ચરમાં ગણાય છે અને એમની બુદ્ધિની અંદર ચિદ્દભાસ પ્રતિબિમ્બ હોવાથી જ તેને આ ઉપમા યોગ્ય લાગે છે કારણ કે મેઘમાંથી વિદ્યુલ્લતા બહાર આવે છે કે ઝટ બધી વસ્તુઓને પ્રકાશીત કરે છે પણ ફરીથી મેઘના અંદર ઐકય થઇ કે પાછું અંધારૂ થાય છે અને તેવી જ રીતે એનો સંબંધ અહીઆ પ્રત્યક્ષ છે, આટલું કહી પેલો રોટલો પુરાણ ઉપર મુકયો.

પુરાણીએ આગ્રહથી ઉચકી મહાન પ્રસાદ ગણી લીધો અને **पापो हं पुनः पुनः** આમ કહી સ્વામીજીને પગે લાગ્યો અને કહ્યુ આપ પૂર્ણ બ્રહ્મનિષ્ટ છો. આથી મારા તમે સદ્દગુરૂ છો. મારો કાશીએ જવા વિચાર છે તો આપ મને ગુરૂ તરીકે આજ્ઞા આપો.

સ્વામીજી—કાશીમાં શું કામ છે? ત્યા ગયા પછી તારાથી પાછું આવી શકાશે નહિ.

પુરાણી—મારો જવાનો નિશ્ચય થયો છે.

સ્વામીજી—ત્યારે તને ત્યાં જ મુક્તી થશે.

જ્યારે પુરાણી કાશીએ ગયા ત્યારે એમ જ બન્યું.

હવે સ્વામીજી ગામ છોડી કીલ્લામાં થઇ બહાર આવ્યા. એટલામાં રાત્રી થવાથી ઘોર અંધારૂં થઇ ગયુ અને આ વખતે ચોરના તપાસ માટે ફોજદાર સીપાઇઓ સાથે બહાર નીકળી પડયા. અને સ્વામીજીને દેખતાંજ ફોજદારે પૃછ્યું " તૂં કોણ છે " સ્વામીજીનો જવાબ નહિ મળવાથી ફોજદાર ગુસ્સામા આવી સીપાઇને હુકમ કર્યો કે આ માણુને માર મારી ગામની બ્હાર કાઢી મુકો.

સ્વામીજીને ગામ બહાર કાઢી મુકવામા આવ્યા પછી તેઓ દેવળમાં જઇ રહ્યા. જ્યારે આ વાતની પુરાણીને ખબર પડી ત્યારે તપાસ કરી સ્વામીજી ને શોધી કાઢ્યા અને ગામમાં લઇ જવા કહ્યું સ્વામીજીએ પાછું જવા ના પાડી. ત્યારે પુરાણીએ ઘેર જઇ નૈવેદ લાવી સ્વામીજીને જમાડયા, પછીથી કહ્યું મહારાજ પ્રારબ્ધને લીધે તમારા શરીરના હાલ જોઇ મ્હને રડવું આવે છે. મહારાજે કહ્યું આ તે શું છે ? પણ મ્હને યાદ આવે છે કે બહારી ગામમા એક ગૃહસ્થના બારણા આગળ ઉભો હતો ત્યારે ચોકીદારે પુછ્યું કે બાવાજી તમે કોણ છો ? આ સવાલનો જવાબ નહી આપતાં ચોકીદાર બોલ્યો કે શેઠને ત્યાં એકવાર ધાડ પાડી અને વળી પાછા આવ્યા છો ? આમ કહી મ્હારા ઉપર મ્હોટો પત્થરો નાંખી મ્હને માર માર્યો આમ કહી તે જખમો સ્વામીજીએ દેખાડયા.

સ્વામીજીએ કહ્યું એકલા રહેવામા સુખ છે એટલું જન સંગમાં નથી.

પુરાણીએ રાત્રી ત્યાંજ ગાળી અને સ્હવારે સ્વામીજી ઉઠયા અને આગળ ચાલવાની તૈયારી કરી નીકળ્યા અને પુરાણી આશિર્વાદ લઇ ઘેર ગયો.

પ્રકરણ ૯ મું

સ્વામીજી-હુબળીમાં

સ્વામીજી, ભક્તોના ઉદ્ધાર માટે પૃથ્વી ઉપર ફરી, દરેકનાં દુઃખોનું નિવારણ કરતા હતા. આવી રીતે ફરતા તેઓ ગોકાવી નદી ઉપર આવી પહોચ્યા. આ નદી કીનારે એક વહાણ એવી કાદવવાળી જગ્યાએ ચોંટી ગએલું હતું કે કોઇથી પણ હટસેલાતું નહતું એટલામા સ્વામીજી ત્યા આવી પહોંચ્યા, એટલે વહાણવાળાએ કહ્યું કે " મહારાજ જો આપને પેલી પાર જવું હોય તો આ દોરડું ખેંચી વહાણુ કીનારે લાવો " એટલે તમોને પેલીપાર લઇ જાઉ. આથી સ્વામીજીએ દોરડું હાથમા લઇ વહાણને સહેલાઇથી કીનારે આણ્યું.

આ જોઇને સ્વામીજીને મહાત્માજી બધાએએ માન્યા. ને સ્વામીજીને પેલી પાર ઉતાર્યા. સ્વામીજી હુબળીમા આવી ત્યાથી **તોરવીવાવી** જગ્યાએ ગયા અને ત્યાજ પડી રહ્યા. આ જગ્યા કાદવકીચડથી અને જંતુઓથી ભરપુર હતી તે છતા અહીઆ રહેવાનું પસંદ કર્યું કારણ કે જીવજંતુઓને લીધે શરીર તથા મનની જાગૃતી રહે.

આજુબાજુનાં બાળકો કાદવમા પતંગીઆ પકડવા સારૂં ત્યાં રમવા આવવા લાગ્યા. સ્વામીજી પણ તેઓની સાથે આનંદથી રમતા હતા. આ વાતની " **મદલેટપ્પા** " નામના વૈષ્ણવ ગૃહસ્થને ખબર

ખબર પડી ત્યારે તે અહીંઆં આવી સ્વામીજીને આગ્રહથી પોતાને ઘેર તેડી ગયા અને વસ્ત્ર તથા ભોજન કરાવ્યું.

સ્વામીજીએ આ બધાનો ત્યાગ કરેલો હોવાથી પાછા જ્યાં હતા ત્યાં આવીને પડયા. પેલા વૈષ્ણવ ભક્ત આ રીત જોઇ દીંગ જ થઇ ચુપચુપ બેસી રહ્યા.

આ જગ્યાએ કેટલાક ભક્તો સ્વામીજીને દર્શને આવતા અને પોતાની શંકાઓનું નીવારણ કરતા હતા.

એક દીવસે "**બસવન્ના**" નામનો ભક્ત સ્વામીજી પાસે આવી હાથ જોડી દીન વાણીથી કહ્યું "મહારાજ અમારી ઇચ્છા તમારે મોઢે **વશિષ્ઠ પુરાણ** સાંભળવાની થઇ છે તો તે ઇચ્છા પુર્ણ કરશો.

સ્વામીજીએ મનમાં વિચાર કર્યો કે મારી યોગ સાધના પરિપૂર્ણ થઇ છે અને જે કાંઇ બાકી છે તે આ અજ્ઞાન લોકોનો ઉદ્ધાર કરવામાં જ ગાળું, એ ઠીક છે એમ ધારી સ્વામીજીએ હા પાડી. સ્વામીજી દરરોજ રાતના ચાર કલાક સુધી વશિષ્ઠ પુરાણ કહેતા હતા. એક દીવસે ગુરૂલિંગ નામનો યોગી ત્યા આવી પહોચ્યો અને પૂછયું કે "તમે કહો છો કે દેહની અંદર આત્મા છે તો અમોને કેમ દેખાતો નથી ?"

સ્વામીજી—"કોઇ વસ્તુ આંખેથી દેખાય છે તો બીજી સ્પર્શ જ્ઞાનથી દેખાય છે તેથી જ એકને જે દેખાય છે તે બીજાને દેખાતું નથી પણ આત્મજ્ઞાનીને ખબર પડે છે નહિ કે અજ્ઞાનીને" હવે એ જ્ઞાન કયું તે સાંભળઃ—

આરંભમાં વિવેક. પછી " **अहं ब्रह्मास्मि** " આ જ્ઞાન થયું કે બુદ્ધિ જે અનાત્માકાર હોય છે તે બ્રહ્માકાર બને છે, અને તેથી જ નિર્વિકલ્પ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેનાથી જ આત્મા દેખાય છે."

હવે જો એમ કહેશો કે આત્મા કેવી રીતે દેખાય: તો નિવૃત્ત થએલી બુદ્ધિના અનુભવથી થાય છે પણ ઇન્દ્રિય જ્ઞાનથી નહિ તારૂ ફક્ત શબ્દ જ્ઞાન છે અને અનુભવ ન હોવાથી તને આત્મા દેખાતો નથી.

આ સાંભળી ગુરૂલિંગ સ્વામીજીને પગે પડી આશિર્વાદ લઇ ચાલતો થયો. આવી રીતે ઘણા લોક સ્વામીજીને દર્શને આવતા. તેથી જ સ્વામીજી આ સ્થળ ત્યાગી કુંભગીરીમા આવ્યા, અહીઆ તેઓ એક ચોતરા ઉપર બેસી રહેતા, ત્યા નાનાં ભરવાડના બાળકો સાથે સ્વામીજી ખેલતા. એક દીવસે એવું બન્યુ કે, સ્વામીજી બાળકો માટે ફણસની ચોરી કરતા પકડાઇ ગયા. ફણસવાળાએ પૂછ્યું "આ કોને માટે તું લઈ જાય છે ? " સ્વામીજીએ કહ્યું " બધાને સારૂ. " આમ કહી ફણસ છોકરાઓ તરફ ફેંકયુ એટલે છોકરાઓ એ ફણસને ઉપાડી દુર દોડી ગયા. આ જોઇને સ્વામીજીને, ફણસવાળાએ બે તમાચા લગાવી છોકરાંઓ પાછળ દોડયો.

સ્વામીજીએ વિચાર્યું કે " કૃષ્ણાવતારમાં પણ કૃષ્ણ ભગવાનને માથે મણી ચોરવાનો આરોપ આવ્યો હતો તો મારી શી વાત. ભગવાને તો એના લીધે જાબુવતી સાથ લગ્ન કરી સંસારી બનવું પડ્યું હતું, પણ મને તો કાઇ એમ નથી. આમ કહી ત્યાથી નાઠા.

કર્મપાશમાથી આવી જ રીતે મુક્તિ થાય છે એમ સમજી પોતે ઉંચી જગ્યામા સમાધિમા બેઠા.

સ્વામીજીના ઘણા લિંગાયતો ચેલા બન્યા હતા, આ બધાની

વિરૂદ્ધમાં એક લિંગાયત હતો, તે સ્વામીજી પાસે આવી બોલ્યો 'આ મોટો સાધુડો બન્યો છે, તારા પોતાના જ ગળામાં લિંગ તો નથી છતાં તું લિંગાયત પાસેથી નમસ્કાર પૂજા વિગેરે સ્વીકારે છે ? તેનો બદલો હુ તને આજે ચખાડું છું એમ કહી સ્વામીજીને સમાધિ સ્થિતિમા બેઠેલા ઉચકી એકદમ નીચે ઉડાણમા શિલાઓ ઉપર ફેંકી દીધા અને વળી તે ઉપરાત માર મારવા જતો હતો એટલામાં ગેબી અવાજ સાભળવાથી તે ગભરાઇને જીવ લઇ નાઠો.

સ્વામીજીના ગુંટણો ઉપર તથા શરીરના બીજા ભાગો ઉપર ઘણું વાગ્યું અને લોહી પણ નીકળવા લાગ્યું. પણ જાણે કાંઇ થયું નથી એમ બ્રહ્માનંદમા પોતાનું મન લગાડી એક દેવળમા આવીને રહ્યા. બીજે દીવસે હરનેહુ મઠના જે મુખ્ય હતા, તેઓ સ્વામીજીનાં દર્શને આવ્યા, અને શરીર ઉપરના ઘા જોવાથી, સ્વામીજીને પૂછ્યું કે તમોને કોણે માર્યા ?

સ્વામીજી—કોઇ એક જણે પ્રારબ્ધનો ભોગ આપી પોતાનો અંત નજદીક લાવ્યો છે ને કૈવલ્ય પાસે લાવી મને મદદ કરી છે. આ સાંભળતા સ્વામીજીને પોતાના મઠમાં લઇ ગયા, અને નાના પ્રકારના ઉપચાર કરી સ્વામીજીને સારા કર્યા.

સ્વામીજીની ખ્યાતિ એકદમ પ્રસરવા લાગી, અને દેશો દેશ તથા ગામો ગામના લોકો અહીઆ દર્શને આવવા લાગ્યા –આથી કેટલાક મુર્ખ લોકોથી જોવાયું નહી, વળી કેટલાકે તો સ્વામીજીને ઠાર કરવાનો નિશ્ચય કરી–એક અવડ કુવામા પણ ફેકી દેવામાં આવ્યા હતા, કે જેમાં ઘણા સર્પો તથા પત્થરોથી ભરપુર હતો, તે છતા સ્વામીજીને ઇજા થઇ નહતી. પણ સ્વામીજીને ઉલટી વધારે શાન્તિ મળતી–અરે

આવું દુષ્ટ કૃત્ય કરનારાઓને વધારે ગભરામણ થતી.

બીજી વખત સ્વામીજીને એક ઘરમાં ત્રણ દીવસ સુધી પુરવામાં આવ્યા હતા, કે જે ઘર ઘણુંજ અગવડ તથા મચ્છર. માંકડ વિગેરેથી ભરપુર હતું, સ્વામીજીને ઘણો ત્રાસ પડયો હતો. પણ શાન્તીથી સહન કરી આનંદથીજ અંદર પડી રહ્યા, આ જોઇ ચોથે દીવસે ભગવાને પ્રત્યક્ષ રૂપે દર્શન આપી અને કહ્યું, " ઉઠ હું પોતેજ આવ્યો છું. " આમ કરી સ્વામીજીના શરીર ઉપર હાથ ફેરવી બધું દુઃખ નાશ કર્યું.

સ્વામીજી દેહ સંરક્ષણ માટે ભગવાનને કદી પ્રાર્થના કરતા નહી. છતા ભગવાન પોતે, તેમની સંભાળ લેતા હતા. કેટલાક ઇર્ષાખોર લિંગાયતોએ સભા ભરી ઠરાવ કર્યો કે સ્વામીજીની પાસે જઇ કોઇએ પણ નમસ્કાર કરવા નહી. છતા પણ લિંગાયતો સ્વામીજીનાં દર્શને આવતાજ. એક હદૈયા નામના લિંગાયતથી આ જોવાયું નહી તેથી પરોઢીએ વહેલો, તાડી પીને સ્વામીજી પાસે આવી, તેમના માથા ઉપર પોતાનો જોડો મુકી કહ્યું કે " જો આ પડશે તો, તને મરતા સુધી માર મારીશ " સ્વામીજી સ્થિર કેટલોક વખત રહ્યા પણ અચાનક જોડો નીચે પડયો. આથી તે લીંગાયત સ્વામીજીને લાકડી લઇ મારવા લાગ્યો. અને નીશામાં કહેવા લાગ્યો કે " તુ પોતાને આરૂઢ કહે છે, તો દારૂ કેમ પીતો નથી, એથી તુ ભેદ વગરનો થશે. "

સ્વામીજીએ કહ્યું—" અત્યાર સુધીનું કામ નિર્વિઘ્ને પાર પાડયુ છે. હવે ભક્ત લોકો આવશે, તને મારશે! તે હું જોઇ શકવાનો નથી માટે તૂં અહીઆથી ચાલ્યો જા-" હદૈયો નાશી ગયો થોડા વખત પછી ભક્ત મંડળ આવ્યું. સ્વામીજીને થએલી

ઇજા જોઇ અને કહ્યું "તે દુષ્ટનું નામ અમને આપો" એને હમણાંજ પકડી લાવી શિક્ષા કરીએ સ્વામીજી હસ્યા અને કહ્યું:- "જે થનાર હતું તે થયું, તમે બીલકુલ દુઃખ લાવશો નહી. પ્રારબ્ધથી સુખ, દુઃખ પ્રાપ્ત થાય છે, અને એનાથીજ કર્મનો નાશ થાય છે; પરંતુ એ મટાડવાનો પ્રયત્ન કર્યો હોય તો એ સંચીત બને છે, અને વળી તેના લીધે પાછો જન્મ લેવો પડે છે તેથીજ મોક્ષના અધિકારીએ, બીજાએ "સુખ કે દુઃખ આપ્યું હોય તે મનમાં લાવવું નહિ." આ સાંભળતાજ ભકત લોકોની આંખમાં પ્રેમાશ્રુ આવ્યાં. થોડા વખત પછી વેદાન્ત શ્રવણ કરી ભકત મંડળ વીખેરાઇ ગયું.

× × ×

એક દીવસે હંગેરી નામના ચોતરા ઉપર સ્વામીજી બેઠા હતા. એટલામા એક લિંગાયત માથા ઉપર અન્ન ભરેલું વાસણ, અને હાથમાં બળતું છાણું લઇ જતો હતો, રસ્તામા સ્વામીજીને બેઠેલા જોવાથી તે બોલ્યો-"આ ઢોગ કરીને મોટો સાધુડો બન્યો છે" અને બધાંઓને પોતાની પછવાડે ભમાવે છે. લાવ, તારી હમણાજ પરીક્ષા કરૂં છું. આમ કહી તે બળતું છાણું. સ્વામીજીના માથા ઉપર મુકી દૂર જઇ ઉભો રહયો.

સ્વામીજી મનમાં બોલ્યા, "હું જ્યારે નાનો હતો ત્યારે મારા શીર ઉપર નાગ ફણ કરી બેઠો હતો. તેથી મેં કહ્યું હતું કે એ ભગવાનનું શિરોભૂષણ છે અને ઘણુ જ શોભે છે-તેવીજ રીતે આ ભગવાનનું ત્રીજુ નેત્ર માનું છું એટલામા એક રસ્તે જનાર માણસની દૃષ્ટિ સ્વામીજી ઉપર પડતાંજ, તે બળતું છાણું શિર

ઉપરથી ખપેડી લીધું. અને છાણું મુકનારને ઘણી ગાળ આપી બોલ્યો. આવા સાધુ પુરૂષોને જે લોકો દુઃખ આપે છે તેનેજ માટે ઇશ્વરે નર્કની વૈતરણીની નદી બનાવેલી છે.

ભીમપ્પા ઉજનવર નામનો એક ભકત કે જેણે ઘણાં પુન્ય દાન કીધા હતા પણ તેનું ફળ નહી મળવાથી તે સ્વામીજી પાસે આવ્યો અને ભક્તિ ભાવથી સેવા કરવા લાગ્યો. કેટલાક દીવસો વીત્યા પછી તે ભકતે સ્વામીજીને વિનતી કરી કહ્યું " મહારાજ મને પુત્રની ઇચ્છા છે તો તે પૂર્ણ કરવા કૃપા કરશો.

સ્વામીજીઃ—તારે કેવો પુત્ર જોઇએ છીએ? "બન્ને કુળનો" ઉદ્ધાર કરનાર જ્ઞાની કે કુળનો વધારો કરનાર સંસારી.

ભક્તઃ—" મહારાજ જ્ઞાની આપો "

સ્વામીજીઃ—મનેજ પુત્ર તરીકે ગણ કે જેથી તને અક્ષય સુખની પ્રાપ્તિ થશે. અને બીજો પુત્ર પાળવાથી તે અક્ષય સુખ મળશે નહી.

આ સાંભળતાજ તે ભક્તને આનંદ થયો અને સ્વામીજીને તેડી પોતાને ઘેર ગયો.

આ ભક્ત દંપતી પોતાના દીવસો સુખથી ગાળવા લાગ્યા પરંતુ તેની જાતના માણસો નિંદા કરવા લાગ્યા આટલુંજ નહી પણ તેને ન્યાત બહાર મૂક્યો.

સ્વામીજીનુ ખરૂ જ્ઞાન, આ ભક્ત દંપતીએ અનુભવ્યાથી કોઇની પણ દરકાર કર્યા વગર, શાન્તિથી ઇશ્વર ભજનમાંજ ગાળવા લાગ્યા.

પ્રકરણ ૯ મુ

" હુબળીમાં પહેલો ઉત્સવ "

ભીમપ્પાના પુત્ર તરીકે રહ્યા પછી, સ્વામીજી એક દીવસ બગીરી નામના ચબુતરા ઉપર બેઠા હતા; ત્યાં કેટલાક ભકતોએ આવી નમ્ર વિનતિથી કહ્યું કે " મહારાજ આજે ગૌરી ઉત્સવનો દીવસ છે અને તેને માટે નવ કળશ વાળો નવો રથ તૈયાર કરવામા આવ્યો છે, પરતુ પ્રથમ કોને બેસાડવા, તેની ચર્ચા અત્યાર સુધી ચાલતી હતી ગામ લોકો તરફથી, નક્કી કરવામા આવ્યું છે કે "સંત પુરૂષ દેવતા લોક કરતાં પણ વધારે શ્રેષ્ટ મનાય છે" તેથી આપ કૃપા કરી ભકતોને સંતોષ આપશો.

સ્વામીજી બોલ્યા–"પ્રારબ્ધની ગતિ ન્યારી છે" આમ કહી સ્વામીજી ભકત મંડળ સાથે જ્યા રથ શણગારી તૈયાર કરવામા આવ્યો હતો ત્યા આવી પહોચ્યા.

સ્વામીજીની અહીંઆ ષોડશોપચારથી પૂજા કરી, ઉત્તમ પોશાક ધારણ કરાવી; સ્વામીજીના નામનો જય ઘોષ કરી રથમાં બેસાડયા.

સ્વામીજીએ "**कल्याण मस्तु**" કહી દરેકને આશિર્વાદ આપ્યો. સ્વામીજીને રથમાં બિરાજેલા જોઇ, દરેકને આનંદ થવા લાગ્યો, પણ

ભીમપ્પાના આનંદનો પારજ રહયો નહિ; તે નાચવા કુદવા લાગ્યો અને આનંદથી પોતાને ઘેર જઇ, સુવર્ણ વેચી પૈસા લાવી, દરેક ભકતોને માટે ભોજન તૈયાર કરાવ્યું; અને દરેકને પોતાને ત્યાં બોલાવી જમાડયા સ્વામીજીએ આશિર્વાદ આપ્યા પછી બોલ્યા "બોતેર નાડી રૂપી રથ ગણવો; આત્મા બધી વૃત્તિઓને અનુમોદન આપે છે, તે સદાનો આનંદીતજ હોય છે આ પ્રમાણે રથયાત્રા પૂર્ણ થતાં, સ્વામીજી પોતાની જગ્યાએ ગયા આજથી સ્વામીજીની પુજા કરવાનું તથા ભોજન અને પુન્યદાન કરવાનું-એવી રીતની શરૂઆત થઇ.

કારણીમલ્લપ્પના અને શીરગુપ્પીહોમ્બના નામના બે માનીતા ભકતોએ, બે ઉત્તમ ધર્મશાળાઓ બંધાવી તથા પાણીને વાસ્તે કુવાઓ પણ ખોદાવ્યા, આવી રીતે સ્વામીજીના સુંદર મઠની શરૂઆત થઇ.

થોડાક વર્ષો વીત્યા બાદ દુષ્કાળ પડયો, અને આથી ગરીબ લોકોને અન્ન મળવાનું દુઃખ પડવા લાગ્યું આ જોઇને સ્વામીજી પોતાના શિષ્યો સાથે રસોઇ તૈયાર કરાવી દરેકને ભોજન કરાવતા. આ જોઇ "હોમ્બપ્પા" નામના શાહુકારે કાર્તક સુદ પુર્ણીમાને દીવસે ઘણો પૈસો ખર્ચ કરી ગરીબોને જમાડી પુન્યદાન કીધુ હતું; આથી સ્વામીજીએ તેને સારો આશિર્વાદ આપ્યો

આ તિથિ સ્વામીજીના ઉત્સવ તરીકે ગણવી તથા બનતી મદદ કરવી એવું દરેક ભકતોએ નક્કી કર્યું આ પ્રમાણે થોડાક વખત ચાલ્યું. પછીથી મહાશિવરાત્રિનો દીવસ શંકરનો હોવાથી તે પવિત્ર મનાય છે આથી આ દીવસે ઉત્સવ રાખવો એવું નક્કી કર્યું આજે પણ આ દીવસ ઉત્સવ તરીકે ઉજવાય છે. આ ઉત્સવ સાત દીવસ

સુધી ઉજવવામાં આવે છે અને તે જોવા સારૂ દૂરના ગામોન હજારો માણસો ભેગા થાય છે. આ સાતે દીવસોમાં ભજન અં પંચાક્ષરી મંત્રનો ઘોષ ચાલે છે. સદ્‌ગુરૂનાથ (સ્વામીજી) સહુથા વહેલા ઉઠી ઉચ્ચ સ્થાન ઉપર બીરાજી વેદાન્ત શ્રવણ કરાવે છે ચ વખતે-સ્વામીજીની રસાળ વાણી આગળ અમૃતનો સ્વાદ પણ નકામે છે. પછીથી ભોજનની શરૂઆત થાય છે અને તેની અંદર દરે વર્ણના લોકોને તૃપ્ત કરવામા આવે છે અને ખાસ કરીને ગરીબોન વધારે સંભાળ લેવામાં આવે છે બપોર પછી હરિકીર્તન તથા સંગી ચાલે છે, ત્યાર પછી વ્યાખ્યાન અપાય છે અને સંધ્યા સમયે ભક્ત લોકો સ્વામીજીની પૂજા કરે છે. આવું હંમેશા ચાલે છે.

સાતમે દીવસે સ્વામીજીને રથમાં બેસાડી આખા ગામમ ફેરવે છે, આ વખતની શોભાનું વર્ણન કરી શકાતું નથી. " ? પુન્યશાળી હોય તેજ આ વખતના દર્શનનો લાભ મેળવી શકે ! જેવી રીતે નદીઓ મહાસાગરમાં પ્રવેશ કરે છે, તેવીજ રીતે દૂ ગામના મનુષ્યો આવી આ ઉત્સવમા આનંદથી ભાગ લે છે અ શાન્તિ મેળવે છે.

સ્વામીજી હંમેશા શાંન્ત અને સચ્ચિદાનંદ સ્વરૂપથી પોતાન આશ્રમમા બેઠેલા હોય છે આવી રીતે સ્વામીજી બેઠેલા હ તેવામાજ એક સંસારથી કંટાળેલો યુવક. ઘણાં ગામોમાં ફ કોઇના કહેવાથી સ્વામીજીને શોધતો શોધતો આશ્રમમાં આવી પહે આ. અને દૂરથી પ્રણામ કરી જરા નજદીક આવી હાથ જોડી સ્તુ કરીને કહ્યું મહારાજ "તમો શંકરના અ તાર છો, અને મા ત્રણ્ય તાપ મટાડવાને સમર્થવાન છો,' તેથી મારા ઉપર દયા કરો

આ સાંભળી તેનું ચિત્ત જોવા સારૂ, સ્વામીજીએ ઉદાસીનતા બતાવી– તો પણ તે યુવકે મનમાં વિચાર્યું કે "સ્વરૂપ જોવાને જેમ આખની જરૂર છે, તેવીજ રીતે ગુરૂ કૃપા મેળવવાને ગુરૂ સેવા ની ખાસ જરૂર છે, આમ કહી નિરભિમાનથી સેવા કરવા લાગ્યો.

સ્વામીજી એની પરીક્ષા માટે કોઇ કોઇ વખત અન્ન વગર રાખતા–તો પણ ગુરૂ સેવામા તત્પરજ રહેતો, આથી સ્વામીજી એક દીવસ પોતાની પાસે બોલાવી તેના ધૈર્યની કસોટી કરી, તેનું કબીર-દાસ નામ આપ્યુ–પણ તેની દઢતાની પરીક્ષા માટે કહ્યું "મોક્ષ પ્રાપ્તિને, જ્ઞાનની જરૂર પડે છે પણ બીજા સાધનો માટે વિવેક પૂરતો છે. તો મુમુક્ષોએ વધારે ખટપટો કરવાની શી જરૂર છે?

કબીરદાસ (યુવક):—વૈરાગ્ય ન હોય તો વિવેક રહેજ નહી.

સ્વામીજીઃ—આ બન્ને બસ છે (વૈરાગ્ય અને વિવેક)

કબીરદાસઃ—ક્ષમાદી સાધન સિવાય વૈરાગ્ય ટકેજ નહી અને ઇન્દ્રિય નિગ્રહથી મનનો જય થાય છે. આવીજ રીતે એકનો આધાર બીજા ઉપર રહેલો છે. માટેજ બધા સાધનોની જરૂર છે.

સ્વામીજીએ વિચાર્યું કે આ બોલે છે તે ખરા મનથી કહે છે કે કેમ તેની પરીક્ષા કરવી જોઇએ, એમ ધારી બોલ્યા હે શિષ્ય આ બધા સાધનોથી જીવનું મરણ થાય છે માટે તુ આ બધું છોડી દે અને સુખ પ્રાપ્તિ માટે વશીકરણ આકર્ષણ વિગેરે વિદ્યાઓ છે, તે બધુ હું તને શીખવાડીશ જો તું આ બધુ શીખશે તો તને શાન્તિ મળશે અને તેમા તારો નિભાવ પણ ચાલશે.

કબીરદાસ—તમે જે કહો છો તેથી મને સુખની પ્રાપ્તી થાય

પણ આખરે નર્કનો અધિકારી બનવું પડે છે.

સ્વામીજી—અક્ષય સુખને માટે તૂં ઉપવાસ યા યોગ સાધના કર, કે જેથી તું ઉત્તમ ગતિને પામશે.

કબીરદાસ—ગુરૂજી ! શ્રુતિમા કહેલું છે કે કર્મનો ક્ષય થયા પછી ફરીથી જન્મ લેવો પડે છે તેથી મને એ માર્ગ પસંદ નથી.

સ્વામીજી—બીજા મનુષ્યો વિષય સુખ ભોગવે છે તેમ તૂં પણ ભોગવ ?

કબીરદાસ—શ્રુતિમાં કહેલુ છે તેજ મને કબુલ છે કર્મ, પ્રજા યા ધન, આ બધાનો ત્યાગ કર્યા વગર અમૃત તત્વ મળવાનું નથી.

આ સાભળી સ્વામીજીની ખાત્રી થઇ કે આ જ્ઞાનનો અધિકારી છે પછીથી સ્વામીજીએ કહ્યું કે તારા મનની અંદર શી આશાઓ છે તે મને જણાવ ?

કબીરદાસ—તમારા દર્શનથી આનંદ ભોગવું છું પણ એક શંકા છે તેનું નિવારણ કરો; તે નીચે પ્રમાણે: " ઇશા વાસ્યોપનિષદ " કરીને છે તે કર્મ ઉપર છે કે જ્ઞાન આપનારૂં છે ?

સ્વામીજી—જ્ઞાન આપનારૂ છે આમ કહી આખા ઉપનિષદનો અર્થ સમજાવ્યો. આથી કબીરદાસ આનંદમા આવી કહેવા લાગ્યા કે હુ ખરેખર ભાગ્યશાળી કે મારા પૂર્વ ના પુન્યથી આજે તમારા જેવાને હું પ્રાપ્ત કરી શકયો છું; તથા ગુરૂ દક્ષિણામા તમારૂં ચરિત્ર આખી પૃથ્વી ઉપર કીર્તિવંત થાય તેવી રીતે પ્રગટ કરી શકું અને આ કામમા ફત્તેમંદ થાઉ તેવો આશિર્વાદ આપો.

આથી સ્વામીજીએ તેની પીઠ ઉપર હાથ ફેરવ્યો. આ વખતે બન્નેને હર્ષાશ્રુ આવ્યાં અને સ્વામીજીએ કહ્યું કે તારી આશા હું પૂર્ણ પાડીશ, એવો આશિર્વાદ આપ્યો.

નોંધ—અત્યાર સુધીનું જે ચરીત્ર વાંચી ગયા તે કબીરદાસના હાથથી કાનડી ભાષામા રચાએલું છે. સ્વામીજી જ્યારથી હુબળીમાં કાયમ । રહેવા લાગ્યા ત્યાર પછીનું ચરિત્ર કે જેમાં હજારો ભકતોનો સ્વામીજીએ ઉદ્ધાર કર્યો છે. આ બધુ જાણવાથી સ્વામીજીનો કેવો મોટો અધિકાર છે તેની પૂર્ણ ખાત્રી થશે



સ્વામીજીએ વાઘને કહ્યું—"જરાથોભ"

Lakshmi Art, Bombay, 8

પ્રકરણ ૧૦ મું

" હરીહર સરસ્વતિનો વાઘથી બચાવ "

કુમઠા ગામમાં હરીહર નામનો એક માણસ રહેતો હતો તે ઘણો હોશીઆર હતો પરંતુ ગરીબાઇની સ્થિતિથી કાયર થએલો હોવા છતા તેની સ્ત્રી સરસ્વતી સાથે અંતઃકરણથી શ્રી કૃષ્ણભગવાનની ભક્તિ કરતો હતો. આથી આ દંપતી થોડાક દીવસમા વૈરાગી બની ગયા અને સંસાર ઉપર તિરસ્કાર લાવી કહેવા લાગ્યા કે હવે પરમેશ્વર આ સંસારરૂપી ખાડામાથી બચાવે તો સારૂં. એટલામાં કોઇના કહેવાથી તેઓને ખબર પડી કે " હુબળી ગામમાં સાક્ષાત ભગવાન રૂપે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી છે, તેમની પાસે જો જશો, તો તમારા મનની બધી આશાઓ પૂર્ણ કરશે.

આ ખબર પડતાંજ તેઓ સંસારરૂપી બોજો ત્યાંજ રહેવા દઇ હુબળી તરફ ચાલી નીકળ્યાં. હુબળીમાં આવી તપાસ કરી સિદ્ધારૂઢના આશ્રમમાં આવી પહોંચ્યા. આશ્રમમા પેસતાંજ તેમનાં પાપોનો ક્ષય થયો છે તેમ તેઓને માલુમ પડ્યું. પછીથી સ્વામીજી પાસે આવી, તેમના ચરણે મસ્તક નમાવ્યું–આ વખતે દંપતીની આંખોમાં ભક્તિરૂપી પ્રેમાશ્રુ ઉભરાઇ આવ્યાં. સ્વામીજીએ ધીરજ આપી કહ્યું

"તમે ક્યાંથી આવો છો?" અને તમારી શું ઇચ્છા છે?

હરીહર—મહારાજ! અમે સંસારથી કંટાળી, તમારી કીર્તિ સાંભળી, મોક્ષ માટે આવ્યા છીએ, માટે અમો ગરીબ ઉપર દયા લાવી કૃપા કરો.

સ્વામીજી—ગભરાશો નહી, તમારી બધી આશાઓ હું પૂર્ણ કરીશ. આમ કહી ધીરજ આપી. આથી બંનેને આનંદ થયો અને સ્વામીજીની સેવામા રહેવા લાગ્યા. આ દંપતી હમેશા વેદાન્ત શ્રવણ કરતાં અને ભીક્ષા માગી પોતાનું પોષણ કરતાં હતાં. આ પ્રેમી જોડાને જોઇ દરેક મનુષ્ય ધન્યવાદ આપતા. આવી રીતે એક વર્ષ પસાર થયા પછી કંઇ જરૂરી કામ માટે તઓને કુમઠા જવાનું થયું. આથી બંને જણાં સ્વામીજી પાસે આવી, આજ્ઞા લઇ સ્વામીજીને હર્ષાશ્રુ આંખે કહ્યું કે "અમોને પાછા વહેલાં બોલાવજો."

સ્વામીજી—મને યાદ કરશો એટલે કંઇ પણ દુઃખ પડવાનું નથી.

સ્વામીજીનો ઉપદેશ લઈ પ્રણામ કરી રસ્તે ચાલવાનું શરૂ કર્યું. થોડેક ચાલ્યા પછી ઘોર જંગલની અંદર બીહામણો એવો રસ્તો આવ્યો કે દીવસ હોવા છતાં પણ અંધકાર લાગે. થોડીક થોડીક વારે વાઘવરૂ વીગેરેના પહાડી અવાજો કાન પર આવવા લાગ્યા, તો પણ હીંમતથી સ્વામીજીના નામનું રટણ કરતાં આગળ વધવા લાગ્યાં.

ચાલતાં ચાલતાં કંઇ કામ પ્રસંગે હરિહર પાછળ પડી ગયો, અને સિદ્ધારૂઢ સ્વામીના નામમાં મગ્ન થએલી સરસ્વતી થોડેક દૂર આગળ વધી ગઇ, એટલામાં જ એક વાઘે મોટી ગર્જના કરી કે જેથી આખુ જંગલ ગાજી ઉઠ્યું ના હોય? તે જ વાઘે સરસ્વતીને

જોતાં જ તરાપ મારી તેના શરીર ઉપર ધસી આવ્યો, આ જોતાં જ સરસ્વતીના મુખમાથી "સ્વામીજી દોડો વાઘથી બચાવો" આવા શબ્દો નીકળ્યા કે તુરત જ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી પોતે ત્યાં પ્રગટ થયા અને પોતાનો એક હાથ સરસ્વતીના ખભા ઉપર મુકી બ્હીક રહિત થવા કહ્યું અને બીજા હાથે સ્વામીજીએ વાઘને કહ્યું—જરા થોભ.

સ્વામીજીની દિવ્ય મૂર્તિ જોઇ વાઘ તો ત્યાજ લાબો થઇ એક કુતરાની માફક દૂર બેસી ગયો. એવામા હરિહર ત્યા આવી પહોચ્યો અને કહ્યું "સંકટ સમયે તમે અમોને ખરી મદદ કરી છે." પછીથી સરસ્વતીને મુર્છિત અવસ્થામાથી જાગૃત કરી. જ્યારે તેણીને ભાન આવ્યું ત્યારે કહ્યું " આ દેહની પણ તમારા આગળ કાંઇ કિંમતજ નથી, તમારા ઉપકાર આગળ આ મૃત દેહ પણ નકામો છે. " અમો તમોને હુબળીમા છોડીને આવ્યાં, તે છતાં તમે સંકટ સમયે પણ અહી સુધી આવ્યા છો.


સ્વામીજી—" તમે આજ્ઞા લઈ નીકળ્યા, ત્યારેજ તમોને કહેલું હું તમારી પાસે જ છું જે જે લકનો મારૂ નામ ભકિતભાવથી સ્મરણ કરે છે, તેઓની સાથે જ હું સદા રહી સંભાળ રાખું છુ. તમે હવે જરા પણ ગભરાશો નહિ.

પછીથી લાંબો થએલો વાઘ સ્વામીજી તરફ આવવા લાગ્યો. આથી પ્રેમી યુગલ સ્વામીજીની પીઠ પાછળ ભરાવા લાગ્યું. આ જોઇ સ્વામીજી થોડાક આગળ વધીને વાઘની પીઠ થાબડી. વાઘ એક સાદા સચોટ પામેલા કુતરા જેવો બની જઇ સ્વામીજીના ચરણે મસ્તક નમાવ્યું, પછી સ્વામીજીએ વાઘના કાનમા કઇ કહ્યું કે તુરત જ આકાશ ફાડી નાખે એવી ગર્જના કરી જંગલમા ઘુસી ગયો.

સ્વામીજીએ ફરીથી પણ રક્ષણ કરવાનું વચન આપી આગળ ચાલવાનું શરૂ કર્યું. સ્વામીજી થોડેક દૂર જઇ અદ્દશ્ય થયા. બંને જણાં કુમઠા પહોંચ્યાં અને પોતાનું કામ પરવારી પાછા આ રસ્તે નીકળ્યાં, રસ્તામા તેજ જગ્યાએ ફરીથી પેલો વાઘ આવ્યો પણ આ વખતે વાઘની મુખમુદ્રા શાંત હતી. બંનેને જોઇ વાઘ જમીન ઉપર લાંબો થઇ સુતો. આથી બંને જણાં થોભ્ય અને હરિહર પોતાની સ્ત્રી સરસ્વતીને કહેવા લાગ્યો કે "વાઘ શાંત લાગે છે ખરો પણ તે શું કરે તેનું કાંઇ કહેવાય નહિ. આમ કહી બંને જણા સદ્દગુરૂનું જ નામ સ્મરણ કરતા આગળ વધ્યા. વાઘની નજદીક જતાં વાઘ ઉઠીને હરિહરને પગે પડી આગળ ચાલવા માડયુ, થોડેક દૂર ગયા પછી ફરીથી વાઘ પગે પડી જંગલ તરફ ચાલી નીકળ્યો. આથી બંને જણાએ આશ્ચર્ય સાથે કહ્યું કે 'સ્વામીજીની માયા કંઇ અજબજ છે' બંને જણા આશ્રમમા પાછા આવી પહોચ્યાં, અને સ્વામીજીને નમસ્કાર કરીને કહ્યું કે "તમને ધન્ય છે" તમે હંમેશા મઠમાં રહો છો તે છતા જંગલમા આવી અમારો વાઘથી બચાવ કર્યો.

સ્વામીજીએ કહ્યું ગુરૂ ઉપર ભાવ હોય તોજ મનોવાંચ્છના પૂર્ણ થાય છે. ગુરૂ સામર્થ છે અને ભક્તને માટે હંમેશાં તત્પરજ રહે છે. બધાંએ ગુરૂના નામનો જય ઘોષ કરી ઘર તરફ ગયા.

"સ્વામીજી દેવના પણ દેવ છે, કારણ કે તેમનું હૃદય એજ બ્રહ્માંડ છે અને ત્રિમુર્તિને પોતાની સત્તાથી રમાડનાર પણ એજ છે. ઇશ્વર જીવને બંધનમા મુકે છે પરંતુ આ લોકમાં જે ગુરૂને શરણે જાય છે તેને અમુક મુક્તિ મળે છે, માટે દરેક મનુષ્યે ભક્તિપૂર્વક સ્વામીજીનું નામ સ્મરણ કરવામા જ આનંદ માનવો.



હે–સદ્ગુરૂ વ્હારે ધાઓ અને આ બાળકનો બચાવ કરો.

Lakshmi Art, Bombay, 8

પ્રકરણ ૧૧ મું

" બાળકનો પ્લેગથી બચાવ "

હુબળી શહેરમાં રૂપકૃષ્ણ અને ભાગ્યવતી, નામનું એક યુગલ, ઘણા દીવસોથી પ્રેમપુર્વક સ્વામીજીની ભકતી કરતું હતું. એક દીવસ એવું બન્યુ કે ભાગ્યવતી બાઇને કોઇ સંતાન ન હોવાથી મનમા લાગી આવ્યું, આથી ભક્તિ ભાવથી મહારાજને અરજ કરીને કહ્યુ, મહારાજ ! " આ સંસાર પુત્ર વિના સૂનો છે," માટે આપ આશિર્વાદ આપી કૃપા કરો કે જેથી પુત્રની ઇચ્છા પૂર્ણ થાય.

આ વાત સાભળતાંજ સ્વામીજી હસીને બોલ્યા·—

'સંસારમા, પૈસા, બૈરી તથા છોકરાઓમાજ સુખ સમાએલું છે એમ મનુષ્યો સમજે છે, પણ તમને તો બધું યથાસ્થિત છે તોપણ એક સંતાન માટે દુઃખ માનો છો ? અનુભવ વગર-પુત્ર હોવાથી શું સુખોની પ્રાપ્તી થાય છે, તે તમોને સમજ નથી પરંતુ પુત્ર સિવાય તમોને આનંદ થનાર નથી તેથી તમોને વધારે સંતતી આપવી જોઇએ. કારણ કે જો તમારૂં મન એમા રહે, તો ફરીથી પાછો જન્મ લેવો

પડે. પરમેશ્વરે તો તમોને સંતતીનો લાભ આપ્યો નથી, માટે હવે ઘેર જઇ સદ્ગુરૂનું નામ સ્મરણ કરો. એટલે ગુરૂ, જે ભગવાનનો ભગવાન છે, તેની કૃપાથી તમારા મનની આશાઓ જલદીથી સફળ થશે, આમ કહી વિભૂતીનો પ્રસાદ આપ્યો, તે લઇને સંતોષ પામી શ્રદ્ધાપૂર્વક તેઓ પોતાને ઘેર ગયાં.

"સદ્ગુરૂ વચન હંમેશાં સફળ થાય છે, પણ તેના નામ સ્મરણમાં ભુલાવું ન જાઇએ. ભુલશો તો સંકટોમાંથી પસાર થવું પડશે, માટે હંમેશાં સદ્ગુરૂનું નામ સ્મરણ કરવાથી ચિત્તની શુદ્ધિ થઇ, દિવસે દિવસે વિષયનો લોપ થાય છે."

સંસારી મનુષ્યોને પોતાના મનોરથ પૂર્ણ કરવાને આવા વખતમાં (કળિયુગમાં) સદ્ગુરૂના નામનું સ્મરણ કરવું પૂરતુંજ છે.

ભાગ્યવતી બાઇને યોગ્ય દિવસો પ્રસાર થયા પછી ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થઇ. આવી રીતે તેમને નવ સંતતિની પ્રાપ્તિ થવાથી, ભાગ્યવતી બાઇ સંસારની ઉપાધીથી કંટાળી સ્વામીજી પાસે આવી હાથ જોડી કહ્યું:- મહારાજ ! હવે હદ થઇ છે, અને આ સંસારની ઉપાધિ ભોગવવી પડે છે, માટે આ મોહમાયામાંથી મ્હારો બચાવ કરો."

સ્વામીજીને દયા આવી ને કહ્યું- "ગુરૂકૃપાથી એમજ થશે." (ત્યારપછીથી ભાગ્યવતી બાઇને સંતતિ થતી અટકી.) થોડાક દિવસો પસાર થયા પછી, કામધંધા માટે હુબળી છોડી મદ્રાસ જવાનો પ્રસંગ આવ્યો ત્યારે બન્ને જણાં સ્વામીજી પાસે આવી સાષ્ટાંગ

નમસ્કાર કરી, હાથ જોડી કહેવા લાગ્યાં કે "તમોને છોડીને અમોને જવું ગમતું નથી" માટે શું કરવું ?

સ્વામીજી:-મ્હારૂં સ્મરણ કરજો, એટલે હું તમારી પાસેજ છું. આવો આશિર્વાદ લઇ તેઓ મદ્રાસ જવા ઉપડી ગયા.

અહીઆં, કેટલાક દિવસો પસાર થયા પછી, એકાએક કામ પ્રસંગે રૂપકૃષ્ણને બીજે ગામ જવાનું થયું, આજુબાજુ પ્લેગની શરૂઆત પણ થઇ રહેલી હતી. આવા પ્રસંગોમા ભાગ્યવતી બાઇને એકલાંજ રહેવાનો આ પહેલવહેલોજ વખત હતો તેવામા તેનો ન્હાનો છોકરો એકાએક સખ્ત તાવની બીમારીથી સપડાયો અને મરણની નજદીક આવી રહ્યો, આથી ભાગ્યવતી બાઇ અતિશય ગભરાઇ અને શ્રદ્ધાથી સિદ્ધ સ્વામીની પ્રાર્થના કરવા લાગી ને બોલી "મહારાજ તમારા શીવાય અત્યારે મારૂ કોઇ નથી અને તારા નામ વગર, દવા પણ નથી, માટે હે સદ્દગુરૂ વ્હારે ધાઓ અને આ બાળકનો બચાવ કરો" આમ ભક્તિથી સ્વામીજીનું સ્મરણ, પોતાના બાળકને ખોળામાં લઇ કરતી હતી. એકાએક તેની દષ્ટિ દરવાજા તરફ પડતાંજ તેને માલુમ પડયુ કે "સ્વામીજી ઘર તરફ આવતા હતા." સ્વામીજીએ નજદીક આવી પુછયું, "મને કેમ યાદ કર્યો ?" ભાગ્યવતી બાઇએ છોકરા તરફ આંગળી બતાવી, મરવાની અણી ઉપર આવેલો પોતાનો બાળક ઉંચકીને આગળ ધર્યો. આથી સ્વામીજીએ પોતાનો અમૃત તુલ્ય હાથ બાળકના શરીર ઉપર ફેરવ્યો" હાથ લાગતાંજ બાળક હુશીઆર થઇ રડવા લાગ્યો આથી ભાગ્યવતી બાઇને આનંદ થયો અને સ્વામીજીને પોતાનું શિષ નમાવ્યું;-પરંતુ જ્યારે માથુ ઉંચુ કર્યું

ત્યારે તો સ્વામીજી અંતર્ધ્યાન થએલા લાગ્યા, આથી તે બાઇ મનમાં મુઝાવા લાગી કે " પૂંજા તો નહિ પરંતુ એક પુરો નમસ્કાર પણ થયો નહિ. આ વિચાર કરે છે એટલામા પોતાનો પતિ રૂપકૃષ્ણ ત્યા આવી પહોચ્યો અને બધી વાતથી વાકેફ થયો. છોકરાને સુરક્ષિત સ્થિતિમા જોઇ બંનેને આનંદ થયો. અને રૂપકૃષ્ણ બોલ્યો કે " વિના વિલમ્બે હવે ગુરૂ દર્શન કરવા જોઇએ." બીજે દીવસે રૂપકૃષ્ણ સહકુટુંબ સાથે હુબળી જવા નીકળ્યો, હુબળી પહોચતાંજ–સિદ્ધાશ્રમમાં આવી સ્વામીજીને નમસ્કાર કરી, મદ્રાસમાં બ ની બીના યાદ દેવડાવી અને કહ્યુ:—" કે બદલામા અમે અમારૂં શરીર આપીએ તોપણ ઓછું છે, તમારા ગુણ રૂપ ગાવાને પણ અમો શક્તિમાન નથી."

આ સાંભળી સ્વામીજી બોલ્યા:—

" ભગવદ્ ગીતામા ભગવાનેજ કહ્યું છે કે " જો સદ્ગુરૂ ઉપર ભક્તની સાચી ભક્તિ હોય તો તેજ સદ્ગુરૂ તેને સકટ સમયમાથી બચાવે છે " આ સાંભળી બધાઓને આનંદ થયો અને કહેવા લાગ્યા કે " સિદ્ધારૂઢ સ્વામીની આપણને જે ભેટ થઇ છે તે ઘણીજ ઉત્તમની વાત છે, આમ કહી બધા પગે પડા. ચાલી ગયા.

પ્રકરણ ૧૨ મું

" બાળકનો સર્પથી બચાવ "

એક દીવસ મહારાજના જમ્યા પછી, દરેક જણ જમી-પરવારી, ભજન કીર્તન પુરૂ થતાજ, કેટલાક લોકો બહાર આવી ઝાડની છાયામા આરામ કરવા લાગ્યા. મોટા માણસોને સુતેલા જોઇ, બાળકો જરા દૂર જઇ રમવા લાગ્યા. તેમાના એક બાળકે એક જંગી નાગને જોવાથી, તેની નજદીક જઇ પત્થરો મારી તેને છંછેડયો. આથી નાગે ગુસ્સે થઇ પોતાની ફેણ ઉચી કરી. તેનું આખું શરીર છોકરાની આજુ બાજુ વીટાળ્યુ અને ઘણે ઠેકાણે કરડયો; તેથી તે બાળકને શરીરમા વેદના થવા લાગી અને ગભરાઇ જઇ મોટેથી રડવા લાગ્યો, આથી બીજાં બાળકો, પોતાના માબાપોને, સુતેલા જગાડી, બાળકને છોડાવવા બૂમો મારવા લાગ્યા. આથી સુતેલા બધા માણસો દોડી આવ્યા.

છોકરાની મા સર્પને જોઇને મોટેથી રડવા લાગી અને દુરથી બોલી, " બેટા તું સાપને છોડી દઇ મરી પાસે આવનો રહે તારી આ સ્થિતિ જોઇ મારો જીવ નીકળી જાય છે. " છોકરાની ગા આ પ્રમાણે રૂદન કરતી હતી, પણ બાપની હિંમત, પોતાના બાળકને

છોડાવાની ચાની નહી. બધા લોકો શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા, કોઇને પણ કાંઇ સૂઝ પડતી નથી. બધાને લાગ્યું કે "આ બાળક હવે મરી જશે. બાળક મહા મહેનતે ઉઠતુ, અને ચાલવા પ્રયત્ન કરતું, પણ ગભરાટથી તથા સર્પના વિંટળાયાથી તે નીચે પડી જતું.

આવી વખતે-છોકરાંના માબાપ-પોતાના બાળકનો વાક કાઢી, દૂર રડતાજ ઉભા રહ્યા.

એક ભકતે આવી સ્થિતિ જોઇને. સ્વામીજી પાસે દોડી જઇ, બધી વાતથી વાકેફ કર્યા આથી દયાળુ સ્વામીજી ત્યા આવી પહોચ્યાં અને દરેકના પ્રયત્નો નિષ્ફળ થતા જોઇ, પોતે બાળકની પાસે જઇ સર્પને ફેણથી પકડી નીચે દૂર ફેંકી દીધો. સ્વામીજીનો હાથ સર્પને લાગતાંજ જડ બની ગયો.

આવી રીતે સ્વામીજીએ બાળકને છોડાવી અને આશ્રમમાં લઇ જઇ, શરીર ઉપરના સર્પ દંશો જ્યા જ્યા દેખાયા ત્યાં મહારાજે હાથ ફેરવી જખમ લગાડી કહ્યું કે "હવે તને કોઇ જાતની હરકત નથી." મહારાજ અભય દાતા છે, એ વાત આ ઉપરથી સત્ય માનવી ઘટે છે.

માબાપનો પ્રેમ છોકરા ઉપરજ હોય છે પણ સંકટ સમયે માબાપ પોતે કંઇ કામમા આવતા નથી, ફકત સાચે તે સદ્ગુરૂ છે. જ્યા સુધી ખપ હોય છે ત્યા સુધીજ મારૂં મારૂં એમ કહે છે દુઃખમાથી ઉગરવાનો રસ્તો ફકત સદ્ગુરૂ છે, માટે તેના ઉપર પુરતો ભાવ રાખી

તેનું નામ હંમેશા રટણ કરવામાંજ આપણું હિત સમાએલું છે.”

× × ×

આ વાતનું તાત્પર્ય નીચે પ્રમાણે છે:—

.“ બાળક અજ્ઞાન જીવ છે અને પોતાનું હિત ન સમજવાથી રમતાં રમતાં પોતાના મન રૂપી પત્થરથી. મોહ રૂપી સર્પને મારે છે, તેથી તે ગુસ્સે થઇ, જીવને બાધી લે છે જ્યારે મોહ. જીવને બાંધી લે છે અને તે વખતે જે દુઃખ ઉપન્ન થાય છે, તે દુઃખ-માંથી મુક્ત કરનાર સદ્દગુરૂ શીવાય બીજો કોઇ નથી. અંગ ઉપરનો સર્પ દંશો એ પાપ સંસ્કાર ગણાય છે અને બોધ રૂપી, અમૃત તુલ્ય હાથ ફરવાથી તે બધા ઘા નષ્ટ થાય છે. **મનન** એજ વિભુતિ અથવા ભસ્મ છે અને તે લગાડતાંજ સંસ્કારનો સમુળગો નાશ થાય છે. આ બીજું કઇ નહીં પણ સદ્દગુરૂનીજ કૃપા છે.”

પ્રકરણ ૧૩ મું

"લિંગો અદૃશ્ય"

મહાશીવરાત્રીના દીવસે, ઉત્સવ જોવા સારુ ઘણા લોકો ભેગા થયા હતા: તેની અંદર ચાર લિંગાયતો છાતી ઉપર ચાંદીના લિંગો લટકાવી, કપાળ ઉપર વિભુતિ લગાવી, આશ્રમની સામે આવેલા આંબાના ઝાડ આગળ ઉંચી જગ્યાએ બેસી, નીચે પ્રમાણે વાર્તાલાપ કરતા હતા. તેમાંનો એક જણ બોલ્યો:- આ, આરૂઢ (સ્વામીજી) ખરૂ જોતા એક મૂર્ખજ છે, કારણ કે આવા ઉત્સવના દાદમાદની શી જરૂર છે? એનામા કાંઇ બુદ્ધિ નથી.

બીજો બોલ્યો—વળી એને લિંગ પણ નથી. તેથી તે જગતમા સાદરૂપ છે, છતા આ બધા મૂર્ખ લોકો એને નમસ્કાર કરી પૂજા કરે છે આ બધા લોકોને વિવેકની પણ ખબર નથી લિંગાયત લોકોને જંગમગુરૂ શ્રેષ્ટ છે અને તેના વિષે "પુરજાહર" શાસ્ત્રમા પણ લખેલુ છે તો પણ લિંગાયતો એને નમસ્કાર કરી પોતે ભ્રષ્ટ થાય છે. આ બધું મારાથી બીલકુલ જોવાતું નથી તેથીજ મારો જીવ બધા વખત બળ્યા કરે છે.

આ સાંભળી ત્રીજો બોલ્યો:—જુઓને પરમ દીવસે ચાર

મુસલમાનો આવી, તેને ખુબ માર માર્યો, તોપણ તે કંઇ બોલ્યોજ નહી. આટલું થયા છતાં પણ તેને કંઇ શરમ, લાજ પણ નથી, અને વળી આજે તો મોટા ઠાઠથી, રથની અંદર બેસીને વરઘોડે ચઢવાનો છે કેટલી શરમ ભરેલી વાત!

ચોથો બોલ્યો—આજથી ચાર મહીના ઉપર: મે એક દીવસે મઠમાં આવી નીચે પ્રમાણેની ગમ્મત કરી હતી. હું જ્યારે આવ્યો તે વખતે સિદ્ધો ચોતરા ઉપર બેઠેલો હતો. મેં ધીમેથી તે જાણે નહી તેમ, તેને બંને હાથથી એકદમ પકડી, માથા સુધી ઉંચકી જોરથી જમીન ઉપર પટકાવ્યો કે જેથી તે એક મુવેલા દેડકા જેવો ભોંય ઉપર પડી રહ્યો ભાઈઓ-તમે કહો કે આવા ઢોંગી સાધુડાને મેં સજા કરી તે યોગ્યજ કર્યું કે નહીં? આમ કહી મોઢેથી હસવા લાગ્યા. આ સાભળી પહેલો માણસ બોલ્યો:-આ કામ તેં બહુજ ખરાબ કીધુ, એને તો બોધ આપી ઠેકાણે આણવો જોઇએ, નહી કે માર મારીને. આવા દુષ્ટ કારણથીજ તારી બૈરી તથા છોકરા મરી ગયા હોવા જોઇએ, અને હવે તું ભૂત જેવો થઇ નિન્દા પાત્ર બની આ દુનીઆમા ભટકે છે.

ચોથો બોલ્યો—જેનુ મરણ આવે છે તેજ મરે છે તેમાં આ મૂર્ખા સાથે શું સબંધ મે જે શિક્ષા કરી હતી તે યોગ્યજ છે. એટલામા બીજો બોલ્યો:-ચાલો હવે ગમ્મત જોવા જોઇએ. હવે તેને મુગટ પહેરાવી પૂજા કરવા બેસાડશે આમ કહી તેઓ મઠ તરફ ચાલવા લાગ્યા.

રસ્તામા થોડેક દૂર ગયા પછી, હીરા મઠનો મુખ્ય, બીજા

લીંગાયતો સાથે જતો હતો તે મળ્યો. અને તેણે પહેલા લિંગાયતને જોઇ અચંબો પામી પુછ્યુઃ-રૂદ્રૈઆ, ત્હારૂં લિંગ કયાં ગયું? તેણે કહ્યું ગળામા જ છે આમ કહી છાતી ઉપર તપાસવા લાગ્યો પણ આશ્ચર્યથી ચકીત થયો કારણ કે ગળામાં લિંગ હતુંજ નહી આથી દરેકે પોત પોતાના લિંગોની તપાસ કરવા માંડી તપાસ કરતાં માલુમ પડ્યું કે ચરે જણાના લિંગો અદૃશ્ય થયા. આથી તે બધા જ્યાં એઠા હતા ત્યા જઇ તપાસ કરવા લાગ્યા પણ લિંગો મળેજ કયાંથી? આખરે તેઓ પટ્ટદપ્પા, કે જે હિરામઠના મુખ્ય હતા તેમની પાસે આવ્યો. પટ્ટદપ્પાએ કહ્યું- "જો તમે ઇષ્ટ લિંગો ગુમાવ્યાં હોય તો તમારે પ્રાણુજ આપવો પડશે. આથી તેઓ ભયભીત થયા રૂદ્રૈયા એ કહ્યું "મ્હે હમણા જ તપાસ્યા હતાં પણ કોણ જાણે એટલામાં કયા અદૃશ્ય થઇ ગયાં.

પટ્ટદપ્પા એ વિચાર કરીને પૂછ્યુઃ-તમોને એમ શા માટે થવું જોઇએ! કોઇ સાધુ પુરૂપની નીંદા તમારા હાથથી થઈ નથીને! મ્હને એમજ લાગે છે. તેથી જ તમારી આ દશા થઇ છે.

રૂદ્રૈયાઃ-"તમે જે કહો છો તેજ ખરૂં છે" અમારાથી ઘણોજ મ્હોટો અપરાધ થયો છે પણ વેહ જે થયું તે થયું.

પટ્ટદપાઃ-શું થયું છે? તે જો જલદી ક્હેશો તો કંઇપણ ઇલાજ કરવામા આવશે. સાધુપુરૂષને દુપણ લગાડવું એ મોટું પાપ છે તે છતા રૂદ્રૈયાએ બધી કરેલી વાતચીત કહી સંભળાવી આથી ત્રણે જણા સ્તબ્ધ બની ગયા અને મનમા મુઝાવા લાગ્યા.

પદ્દપાએ કહ્યુ :—"સ્વામીજીને દૂષણ લગાડયું તેથી જ આમ થયું છે." માટે હમણાંજ સ્વામીજીને શરણે જાવ તોજ તમારૂં દુ:ખ દુર થશે. નહીતો તમોને દુઃખ ભોગવવું પડશે. એ ખાસ ધ્યાનમાં રાખજો.

આ સાંભળી ત્રણ જણા તો બ્હીતા બ્હીતા ગયા. પણ ચોથો કે જેણે સ્વામીજીની ઘણી જ નિંદા કરી હતી તથા માર માર્યો હતો તે તો શરમાઇ જવાથી ગયો નહી. આશ્રમમા ગયા પછી એક મોટો મડપ આવે છે તે તેઓએ જોયો કે જ્યા એક સિંહાસન ઉપર મહારાજ બીરાજેલા હતા. અને ભકતો પૂજા કરી, પીતામ્બર ધારણ કરાવી, માથે સોનાનો મુગટ તથા પુષ્પોની મળાઓ પ્રેમથી પહેરાવતા હતા. આ વખતનું મહારાજનું સ્વરૂપ ઘણુંજ શોભાયમાન તથા તેજસ્વી સૂર્યના જેવું તેજ, આજુબાજુના ભકતો જોઇને આનંદ માનતા હતા. આ બધું જોતાં જ તેઓના દુર્ગુણો આ ભવ્ય દેખાવ તથા સ્વામીજીને જોતા જ નાશ પામી, સ્વામીભકિત વાસ્તે તેઓનું મન ચંચળ બની સ્વામીજીને કયારે પગે લાગી માફી માગીએ, એવી ચીન્તા થવા લાગી. પદ્દપા આ ત્રણે સાથે સ્વામીજી પાસે ગયા, આથી સ્વમીજીએ સત્કાર કરી બેસવા કહ્યું, પછીથી ત્રણે જણાએ નમસ્કાર કર્યા.

પદ્દપા બોલ્યા—"ગુરૂજી આ લોક તમારે શરણે આવ્યા છે" માટે તેમના ઉપર દયા કરો આમ કહી સ્વામીજીને બધી વાતથી વાકેફ કર્યા.

સ્વામીજીએ કહ્યું—જ્યારે તે લોકોએ તમોને વાત કહી અને

કબુલ કર્યું તે વખતથી જ મેં ક્ષમા કરેલી છે. આ લોકોનાં મન હવે શુદ્ધ થયાં છે આમ કહી પાછળ હાથ લઇ જઇ ચારે લિંગો આગળ લાવી મુકયા અને કહ્યું કે 'જેના જે હોય તે પારખી લ્યો' લિંગો જોતાં જ ત્રણે જણ્નને આનંદ થયો અને પોતપોતાનાં લિંગો પારખી લઇ પહેરી લીધાં. એટલામા જ સ્વામીજીએ કહ્યું કે "એક નાનો છોકરો રસ્તામાથી આ લિગો જડયા એમ કહી મારી આગળ મુકીને ગયો.

હવે ચોથુ લિંગ પડેલું રહ્યું તે જોઇને પદ્દપાએ કહ્યું "હું હમણાં જ ચોથા માણસને લઇ આવું છું. જે વખતે આ ત્રણે જણા સ્વામીજીને શરણે આવ્યા તે જ વખતે ચોથા માણસને સમજાવામા આવેલો તો પણ શરમનો માર્યો આવ્યો જ નહિ.

પદ્દપા તેને પાછા બોલાવવા જ્યારે ગયા, ત્યારે તેને જમીન ઉપર મરણ તોલ થઇ ગએલો નજરે જોયો, તપાસ કરતા માલુમ પડ્યુ કે, સ્વામીજીની કરેલી નિંદાથી, લોકોએ તેને ઠપકો આપ્યો, તેથી પોતે ગુસ્સે થઇ દરેકની સાથે મારામારી કરી તેથી જ પોતે આ સ્થિતિને પામ્યો હતો.

પદ્દપાએ આજુબાજુના માણસોને દૂર કરી, દયાભાવથી તેને ઉચકી ઉભો કર્યો, આ વખતે તેના અભિમાનનો નાશ થએલો હોવાથી તથા કરેલા કૃત્યોનો પશ્ચાતાપ થવાથી તેની બંને આખોમાથી આસુ વહેવા લાગ્યા. પછીથી પદ્દપાને નમસ્કાર કરી દીન વાણીથી કહ્યું "મારા અસંખ્ય અપરાધ થએલા છે માટે હવે મને સ્વામીજી પાસે

લઇ જાઓ, કે જેથી મારા અપરાધોની ક્ષમા માગી, પાપમાંથી મુક્ત થાઉં." પદ્દપાને હવે પૂર્ણ ખાત્રી થઇ કે આનો અભિમાન દૂર થયો છે તેથી તે સ્વામીજીના દર્શન માટે લાયક જ છે આથી તેને સ્વામીજી પાસે આશ્રમમા તેડી લાવ્યા અને સ્વામીજીના ચરણે લગાડી બનેલી બીના કહી સંભળાવી.

સ્વામીજીને દયા આવતા જ તે માણસનો હાથ પકડી પોતાની બાજુમાં બેસાડયો અને પદ્દપાને કહ્યું "આ દયાને પાત્ર છે અને એનું આરોગ્ય જોઇ મને ઘણો જ આનંદ થાય છે; હવે તમે કહેશો કે "આરોગ્ય" એટલે શું ? તો 'જડ શરીરને જે પ્રમાણે અનેક રોગથી દુઃખ થાય છે તેવી જ રીતે લિંગદેહને દુષ્ટ સ્વભાવ કષ્ટ આપે છે, રોગી લોકના ઉપર દરેક જણ દયા કરે છે. સાધુ લોકો છે, તે દુષ્ટ લોકોને રોગી જ સમજે છે અને તેથીજ તેઓના ઉપર દયા કરી રક્ષણ કરે છે." હવે આ માણસના બધા રોગનું નિવારણ થઇ ચિત્તની શુદ્ધિ થઇ છે.

આ સાભળી તે માણસે હાથ જોડી કહ્યુ "મહારાજ, મેં તમોને દુઃખ દીધામા કાઇ બાકી રાખ્યું નથી છતા આપે મારા ઉપર કૃપા કરી મારો નર્કવાસમાંથી ઉદ્ધાર કર્યો છે. હું આજથી તમારો સદાનો દાસ છું અને તમારો ઉપકાર મરતા સુધી કદી પણ ભુલીશ નહિ. આ સાંભળતા જ સ્વામીજીને આનંદ થયો. અને પ્રેમથી તેનું અદશ્ય થએલું લિંગ હાથમાં લઇ તેના ગળામા બાધ્યું અને આશિર્વાદ આપી પોતાની બાજુમાં બેસાડયો, અને બોલ્યા–

શ્રી કૃષ્ણ ભગવાને ગીતાજીમા કહ્યું છે કે "ગમે તેવો પાપી

પુરૂષ હોય, અને જો તે મારી શરણે આવી મારૂં સ્મરણ હંમેશાં કરે તો એ સાધુપુરૂષ તરીકે ગણાશે, માટેજ આ ભક્ત પણ સાધુમા ગણાય. આમ કહેવાથી અતિશયોક્તિ થશે એમ જણાતું નથી.

સ્વામીજી કેટલા બધા કૃપાળુ છે તે આ વાત ઉપરથી આપણને માલુમ પડે છે.



પ્રકરણ ૧૪ મું

પૂર્વજન્મે વ્યાઘ્રને હાલનાં "ગુરૂપ્પા" રૂપે થએલા જન્મનું વૃત્તાંત

પાછળ જણાવ્યા પ્રમાણે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી સાધુ અને દુષ્ટો ઉપર સરખીજ રીતે પ્રેમ રાખે છે, માટે દરેક ભકત જનોએ તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો. આ વાત ઉપર એક દૃષ્ટાંત છે તે લક્ષ પૂર્વક સાંભળો.

આગળ આપણે કહી ગયા છીએ કે સિદ્ધારૂઢ સ્વામીજી દરરોજ 'ભીમપ્પા' ભક્તને ઘેર સુવા જતા અને સવારે ઉઠી મઠમાં આવતા, તે ભીમપ્પાના દત્તક પુત્રનું નામ 'સિદ્ધપા' હતું અને તેને એક ન્હાનો "ગુરૂપ્પા" નામે પુત્ર હતો ગુરૂપ્પાની માતા, ન્હાની વયમાં જ ગુરૂપ્પાને મુકી દેવલોક પામી હતી આથી તે ન્હાનો બાળ હંમેશાં સ્વામીજી પાસેજ રહેતો ને આખો વખત રમ્યા કરતો. 'ગુરૂપ્પા' સ્વામીજીના ખભા ઉપર, તથા માથા ઉપર ચઢી, કુદતો, આવી રીતે સ્વામીજીને ત્રાસ આપતો. પણ સ્વામીજી આ બધું શાન્તીથી સહન કરતા હતા.

આ પ્રમાણે થતું હોવાથી, કેટલાક ભકતો, સ્વામીજીને કહેવા

લાગ્યા કે " મહારાજ, આ ગુરૂપ્પા બાળક આપને ઘણોજ પજવે છે, માટે અમે એને ઉચકી બહાર રમવા મુકી આવીએ.

સ્વામીજીએ કહ્યું:-" ખેલવુ એ તો બાળકનો સહજીક સ્વભાવજ હોય છે."

પૂર્વ જન્મમાં એને મેં આવોજ ત્રાસ આપ્યો હતો. માટે તેનું પ્રાયશ્ચિત આ જન્મમા કરવું પડે છે. તેથી કોઇને પણ દુઃખ ન દેતા, સારી રીતે આ જગતમા જીવન ગાળવું. આત્મજ્ઞાન થયા સિવાય, બીજાને આપેલા દુઃખોનું ફળ ભોગવવું પડે છે; તેમાં કાઇ શંકા નથી.

આ પ્રમાણે સાંભળી, ભકત જનોએ હાથ જોડી સ્વામીજીને કહ્યું:-"મહારાજ આપનું ચરિત્ર અમને ખરેખર પાવન કરવા વાળું છે; માટે આપ કૃપા કરી તે વાઘની અપૂર્વ કથા અમોને શ્રવણ કરાવો.

સિદ્ધારૂઢ સ્વામીજીએ જણાવ્યું કે, રસ્તામાં ન્હાનાં બાળકો રમતાં હશે, તેમાથી એકાદને અહીં લઇ આવો. તે ઉપરથી કેટલાક ભક્ત જનો રસ્તા ઉપરથી, એક પાચ વર્ષના બાળકને સ્વામીજી અગાળ લઇ આવ્યા.

સ્વામીજીએ તે બાળકને એક કેળું પ્રસાદી રૂપે ખાવા આપ્યું કેળું ખાતાજ બરોબરજ છોકરાના મુખ ઉપર વિલક્ષણ તેજ દેખાયુ, તેથી બધા ભકત લોકોને મોટુ આશ્ચર્ય લાગ્યુ સ્વામીજીએ જણાવ્યું કે હવે આ બાળકને વાઘની અપૂર્વ કથા પૂછો. એટલે ભકત જનોએ

તે બાળકને પૂછયું "ભાઇ; શ્રી સિદ્ધ સ્વામી વાઘ જોડે ગમેલા, તે બધી કથા અમોને કહી સંભળાવ, આથી બાળકે નીચે પ્રમાણે શરૂઆત કરી; "હે ભકત જનો સાંભળોઃ-આજથી ત્રીસ વર્ષ પહેલા શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી પૃથ્વી ઉપર ફરતા ફરતા, કાવેરી નદીને કાંઠે આવી પહોચ્યા ત્યાં એક મોટુ જંગલ આવેલું હતુ તે જંગલમા રબારીના છોકરાઓ બકરાં, ઘેટા, ચરાવવા હંમેશા આવતા બકરાઓ આજુબાજુ ચરતા, અને છોકરાઓ રમતા હતા. સ્વામીજી સાથેજ રહી તેઓને રમાડતા અને પુષ્કળ આનંદ કરાવતા.

એક દીવસે, બાળકોએ સાથે આણેલું ભાથુ છોડી, સ્વામીજીને પણ સાથે લઇ ખાવાની શરૂઆત કરી, એટલામાંજ બીજી બાજુ તરફથી કળાહોળના અવાજો કાને પડવા લાગ્યા અને તે બાજુ નજર નાખતાં જ બકરાંઓ તથા બીજા બાળકો નાસાનાસ કરતા જોયા. આથી તેઓએ ખાવાનું છોડીદઇ તેની તપાસમાં તેઓની પાછળ દોડયા. સ્વામીજી પણ ઉઠયા, અને તેમને ભયનું કારણ તરતજ સમજાયુ નજદીકમા આવેલી એક ધીચ ઝાડીમા એક વિક્રાળ વાઘ, બકરાનો શીકાર કરવા સારૂ, ગુપચુપથી બેઠેલો જણાયો, આથી સિદ્ધસ્વામીજી વાઘની પાસે જઇ, કાન પકડી, તેની પીઠ ઉપર સ્વાર થઇ. જરાક આગળ આવી. દરેક પ્રત્યે કહેવા લાગ્યા કે," હવે બ્હીવાનુ કામ નથી."

સ્વામીજીને વાઘ ઉપર બેઠેલા જોઇ દરેકને આશ્ચર્ય થયું પણ બ્હીકના માર્યા કોઇપણ પાસે આવ્યા જ નહી. તેથી સ્વામીજીએ વાઘને આગળ ચલાવી, જયા બાળકો ઉભા હતા ત્યા વાઘને લઇ આવ્યા કે તુરતજ છોકરાઓ જીવ લઇને ન્હાસવા લાગ્યા, એટલે

સ્વામીજીએ કહ્યું "બીલકુલ બ્હીશો નહી."

"ઇશ્વરે આપણને રમવા સારૂ એને અહીઆં મોકલ્યો છે"

છોકરાઓએ દુઃખથી જવાબ આપ્યો "આપ તો મહાપુરૂષ છો અને વશીકરણ વિગેરે સિદ્ધિઓ જાણો છો, તેથી જ વાઘની બ્હીક તમને લાગતી નથી. વાઘ હિંસક પ્રાણી છે એટલે અમોને બ્હીક લાગે જ. એટલામાં, સ્વામીજીએ એક બાળકને જોરજુલમથી પકડી વાઘની પીઠ ઉપર બેસાડ્યો. છતા વાઘે કાંઇ પણ ઇજા કરી નહિ પણ વાઘે પોતાનું ડોકું નીચું કરીને ઉભોજ રહ્યો. આ બધું છોકરાઓ આશ્ચર્યથી જોઇ રહ્યા અને ધીમે ધીમે સ્વામીજી પાસે આવી વાઘ સાથે ખેલવા લાગ્યા વાઘ હંમેશા નીયમીત પણે આ સ્થળે આવતો, ને સ્વામીજી તથા બાળકો સાથે નાના પ્રકારે ગેલ કરી ખેલતો. ઉપર જણાવ્યા મુજબ બાળકો, સ્વામીજી અને વાઘ હંમેશાં રમતોમા આખો વખત પસાર કરતા હતા. આવી રીતે કેટલાક દીવસો પસાર થયા બાદ. આ વાતની ખબર એક શીકારીને કાને અડતાં જ તેણે વિચાર કર્યો કે, "આવા જબરા વાઘનો શીકાર થાય, અને તેનુ ચામડું જો સરકારમાં આપીએ, તો મોટી બક્ષીસ મળે" શીકારીએ આવો વિચાર કરી. પોતાની બંદુક ભરી, જંગલમાં જઇ વાઘની રાહ જોતા એક બાજુ પર લપાઇ રહ્યો.

હમેશના નિયમ પ્રમાણે સ્વામીજી તથા બાલકો રમતાં હતા અને બીજી બાજુ બકરા પણ આનંદથી ચરતા હતા. વાઘ જેવો ઝાડીમાથી આવતો જણાયો, તેવો જ શીકારીએ નીશાન તાકી બંદુકમાથી ગોળી છોડી, તે વાઘને ગળામા લાગી, વાઘે શીકારીને જોતાં

જ તેના ઉપર તુટી પડી તેનું પેટ ચીરી નાખ્યું. શ્રી સિદ્ધસ્વામીજી તથા છોકરાંઓ ત્યા દોડી આવ્યાં.

સ્વામીજીને જોતા જ વાઘે શીકારીને છોડી દઇ, સ્વામીજીના ચરણ પાસે જઇ, નીચું મુખ કરી ઉભો રહ્યો, અને તેની આખમાથી દડદડ આસુ વહેવા લાગ્યા

સ્વામીજીએ વાઘનું ડોકું ખોળામાં લઇ કહ્યું "તને મારી સોબત છોડી જવું ગમતુ નથી, પરંતુ મુઝાઇશ નહિ તને બીજે જન્મ મનુષ્ય દેહ પ્રાપ્ત થશે, અને તું મારી સાથે ર્મી શકીશ, હવે તું એક ચીત્ત બની જા. આ પ્રમાણે સાભળતા જ વાઘનો અંતર આત્મા ઉડી ગયો. આ બનાવ જોઇ દરેકની આખમાથી અ સુ વહેવા લાગ્યા અને સ્વામીજી પગે પડયા.

બીજી બાજુ પારધી ઘવાઇને મૂર્છિત પડેલો હતો, થોડી વારે તે શુદ્ધિમા આવ્યો, પરંતુ ઉંડાણ ઘામાથી લોહી વહ્યા જ કરતું હતું. શ્રી સિદ્ધસ્વામીજી તેની પાસે જઇ પડેલા ઘા ઉપર પાટો બાંધ્યો. એટલામાં બીજા બાળકો ગામમા જઇ, બધી હકીકત લોકોને કહી સંભળાવ્યાથી ઘણા લોકો સ્વામીજીને જોવાને આવી પહોચ્યા. સ્વામીજીએ લોકોને જણાવ્યું કે આ પારધીને છ માસ સાચવવો પડશે. બાદ તેને આરામ થશે આટલું કહી સ્વામીજી તીર્થાટન કરવા માટે આગળ વધ્યા.

પેલો વાઘ જે મૃત્યુ પામ્યો હતો, તેને મનુષ્ય યોની પ્રાપ્ત થઇ ને તે આજ "ગુરૂપા બ ળક" છે કે જે સ્વામીજી સાથે હંમેશા

જોશે છે.

ભક્તજનો આશ્ચર્ય પામ્યા, ને બાળકને પૂછયું કે આ બધું તને શી રીતે ખબર પડી ? બાળકે જવાબ આપ્યો કે મને સ્વામીજીની કૃપાથી આ બધા બનાવો મારી નજરે દેખાવા લાગ્યા. આટલું કહી બાળક સ્તબ્ધ થયો.

સ્વામીજીએ બાળકને ફળો ખાવા આપ્યા કે તુરત જ બાળક બધું ભુલી જઇ રમવા સારૂ દોડી ગયો.

આ કથા સાંભળી ભક્તજનોને આનંદ થયો અને તેઓ સ્વામીજી તથા ગુરૂબાપાને પગે પડયા. સ્વામીજીએ જણાવ્યું કે, ભક્તજનો આ કથાનું તાત્પર્ય તમને કહું છું તે લક્ષ દઇ સાંભળો—

રબારીના બાળકો તે અજ્ઞાની જીવ. બકરાં, એટલે વિષય વૃતિ, શ્રી સિદ્ધસ્વામી તે વિવેકશક્તિ, વાઘ તે ક્રોધ. વિવેકશક્તિ આવતા પહેલા અજ્ઞાની જીવને વાઘરૂપી ક્રોધની બ્હીક લાગી, પરંતુ વિવેકનું જ્ઞાન થતા જ ક્રોધરૂપી વાઘની ભીતી નાબુદ થઇ, અને વિવેકશક્તિ સાથે હમેશા હળીમળી ખેલવા માંડયું.

આ પ્રમાણે ચાલતા વૈરાગ્યરૂપી પારધી આવ્યો અને ક્રોધ રૂપી વાઘને ઠાર કર્યો. પરંતુ તેમ કરતાં વૈરાગ્યરૂપી પારધીને ક્રોધ-રૂપી વાઘની અસર થઇ પણ વિવેક આવતાં, પાછો ફરીથી જીવનમાં ભળ્યો.

વૈરાગ્યને હાથે મૃત પામેલા ક્રોધને, પુનર્જન્મ પ્રાપ્ત થયો ને

તે હવે નીરાકરણરૂપે મારી સાથે હંમેશાં હજુ ખેલે છે.

આ વારતા મનન કરવાથી દ્વૈતભાવનો લય થશે અને સદ્‌ગુરૂની કૃપાથી પૂર્ણપણે મુક્તિને પામશો.

પ્રિય વાંચકો ! ' ગુરૂપ્પા " વિષે જે આપણે વાચી ગયા તે શ્રી સિદ્ધાજીના શિષ્ય તરીકે હાલમાં સ્વામીજીની પાસે છે આવા મહાત્માઓના દર્શનનો લાભ અને આશિર્વાદ જેમ બને એમ જલદીથી લેવો એવી મારી ખાસ નમ્ર વિનંતિ છે.

પ્રકરણ ૧૫ મું

"પ્લેગનું ભવિષ્ય"

શ્રી સદ્ગુરૂને અનન્ય ભાવે અમારા શતવિધિ નમસ્કાર હો, આપ સદ્ગુરૂની કૃપાથી સંસારની માયા દુર થાય છે સર્વના અંતઃકરણમા આપ બીરાજો છો, અનેક જન્મોના પૂન્યોથી આપની ઓળખાણ થાય છે, શરણાગત ઉપર આપ કૃપા કરવાવાળા છો. આપની કૃપા હોય તો ભક્તજનો મૃત્યુને પણ વશ કરી શકે છે. પરંતુ આપની કૃપા સિવાય સર્વ વ્યર્થ છે.

આ પ્રમાણે સિદ્ધાશ્રમમા ભક્તજનો સ્વામીજીની પ્રાર્થના કરી રહ્યા હતા. બીજી બાજુ એનકપ્પા નામનો એક ભક્ત, આશ્રમના મંડપની દીવાલ ઉપર ચિત્ર કાઢી રહ્યો હતો. પોતે ચીત્રમા મશગુલ બની કહેવા લાગ્યો કે "આવતી મહાશિવરાત્રી ઉત્સવ પ્રસગે હુ એક અપૂર્વ ચિત્ર કાઢીશ, કે તે જોઇ બધા ભકતો તથા જોનાર અચબો પામશે" આ સાભળી સ્વામીજી બાલ્યા કેઃ–" એનકપ્પા–તૂં કહે છે કે આવતી મહાશીવરાત્રીએ ચિત્ર કાઢીશ પરંતુ તુ પક્કી ખાત્રી રાખજે કે આવતે વર્ષે ખૂદ દેવલોક પણ ચિત્ર કાઢશે તે ઘણું હશે, નિલક્ષણ "જંગલોના રહેર બનશે, મનુષ્યો જંગલોમા જઇ

થસશે. શહેરના જંગલો બની હીંસક પ્રાણીઓ દીવસે ફરશે, રસ્તાઓ ભયંકર લાગશે–અને મડદાઓ રસ્તામાંજ પડી રહેશે ગીધો વિગેરે ત્યાંજ બેસી તેઓનું ભક્ષણ કરશે ”

આ ઉપર પ્રમાણે બોલી સ્વામીજી સ્તબ્ધ થયા. સ્વામીજીનું આવું વિલક્ષણ બોલવું સાભળી, હાજર રહેલા ભક્તો ઘણાજ ગભરાયા અને વિચાર કરવા લાગ્યા. તો પણ આ કહેવાનો શુ અર્થ હશે તે કોઇપણ ભક્ત જાણી શક્યો નહી. છ મહીના પસાર થયા પછી આ દેશમા પહેલ વહેલોજ પ્લેગ શરૂ થયો અને આ પ્લેગની શરૂઆત મુંબાઇથીજ શરૂ થઈ આજુબાજુ ફેલાવા લાગ્યો. આવી રીતે ફેલતા ફેલાતા હુબળી ગામમાં પણ ભયંકર પ્લેગ શરૂ થયો આથી હજારો માણસો મરવા લાગ્યા અને ભારે ગભરાટ ફેલાઈ લોકો જંગલોમાં રહેવા લાગ્યા, આવી રીતે શહેર સુનું પડ્યું.

ઘરમા કોઇ માંદુ થાય તો સરકારી માણસો આવી બીજા સારા માણસોને જબરજસ્તીથી ગામની બહાર રહેવા મોકલી આપતા. આથી માંદાઓની સારવાર કરનાર કોઇ કોઇનું ન હતું જેને પ્લેગ લાગતો તે પોતાનીજ મેળે તરફડીઆ ખાતો રસ્તાઓ ઉપર આવી પોતાનો દેહ છોડતો આવી રીતે મુડદાઓ રસ્તામા પડેલાં રહેતા. આથી હીંસક પ્રાણીઓ મા તેઓનુ ભક્ષણ કરતા આવી સ્થિતિ પ્લેગના અંદર થઇ રહી હતી. અને સ્વામીજીનુ કહેવું ખરેખર સાચજ પડ્યું તે આપ સારી રીતે આ બનાવથી જાણી શક્યા હશો. સ્વામીજીએ આવા ભયંકર પ્લેગની અંદર પણ પોતાના ઘણા ભક્તોનો બચાવ કર્યો હતો આપ આગળની વર્તાઓ વાચશો તો આપને માલુમ

પડશે કે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી કેટલા અધિકારવાળા છે તેની પાકી ખાત્રી વાચકોને થશે.

એનકપ્પા નામનો એક ભક્ત પ્લેગમા સપડાયો હતો. આવા વખતે સરકારી માણસો આવી તેઓની સ્થિતિની ખબર કાઢી પોતાના ઉપરીને ખબર આપતા હતા. આથી તેની સ્ત્રી ગભરાઇ અને સ્વામીજી પાસે જઇ બની હકીકત કહી સંભળાવી અને કહ્યું કે "મહારાજ તમારા સિવાય અમારૂ કોઇ નથી માટે આપ કૃપા કરી અમારૂ રક્ષણ કરો."

સ્વામીજી—ગભરાશો નહી. મારૂ નામ સ્મરણ કરશો એટલે તમોને કાંઇપણ ઇજા થનાર નથી. આમ કહી વિભુતીનો પ્રસાદ આપ્યો કે જેથી તે બાઇ આનંદ પામી પોતાને ઘેર આવી; પોતાના પતિને વિભુતી શરીરે લગાડી કે તુરતજ તેને આરામ થોડા દીવસમાજ થઇ ગયો.

જ્યારે એનકપ્પા ભક્ત સારો થયો ત્યારે તેની સ્ત્રી પાછી પ્લેગથી સપડાઇ. આ વખતે પણ સરકારી માણસોને ખબર પડતાજ આવ્યા. અને તપાસ કરી છતા તેઓ આ માંદી પડેલી સ્ત્રીને જોઇ શક્યા નહી અને તેઓના લીસ્ટમા જણાવ્યુ કે આ ઘરમા કોઇ પણ માણસ માંદુ નથી. આ બધો પ્રભાવ સ્વામીજીનો સમજવો. સ્વામીજીના વિભુતીરૂપી પ્રસાદથી તે પણ સારી થઇ ગઇ.

× × × ×

જુની હુબળીમાં જીનાપ્પા નામનો એક ગરીબ વણકર ભક્ત રહેતો હતો તે હમેશા સહકુટુંબ સાથે સ્વામીજીના દર્શને આવતો અને

પ્રેમથી ભજન કીર્તન કરી આરતી ઉતારી પાછા પોતાને ઘેર જતો. આવી રીતે હમેશાં પોતાના દીવસો પસાર કરતા હતા. તેવામા આ ભકત પ્લેગથી સપડાયો, આથી પોતાના સ્રી છોકરાને સ્વામીજી પાસે મોકલાવ્યાં અને તે સ્રીએ કહ્યુ કે "મહારાજ મારો પતી પ્લેગથી સપડાયો છે અને હવે તમારા સિવાય અમારૂં કોઇ નથી, માટે આપ કૃપા કરી આ આફતમાંથી બચાવો." આ સ્રીના દયા ઉપજાવનારા શબ્દો સાભળી સ્વામીજીને દયા આવી. અને વિભુતીરૂપી પ્રસાદ આપી કહ્યુ કે મારૂ નામ સ્મરણ કરશો એટલે તમારા દુઃખો દુર થશે.

મહાત્માની કૃપાથી જીવાપ્પા પ્લેગમાંથી બચ્યો ખરો પણ તેની બન્ને આખે અંધાપો આવ્યો હતો; આથી તેના કુટુંબનો નીર્વાહ અટકયો; પછીથી તેઓ સ્વામીજી પાસે આવી અને કહ્યું:- "મહારાજ સમુદ્રમાથી ડુબતાં બચાવ્યા પણ હવે કુવામાં પડવાનો વખત આવ્યો છે, કારણ કે આંખો જવાથી હવે પેટ ભરાતું નથી તથા અમારી ગરીબ સ્થીતી પણ આપ જાણો છો. તમારા સિવાય અમારૂં કોઇ નથી, અમે તમારે શરણે છીએ." આ સાંભળતાજ "જીવાપ્પા ભકતને પોતાની પાસે બોલાવી તેની બંને આંખોએ સ્પર્શ કરી, એક લુગડાથી પાટો બાધી કહ્યું. "ઘેર ગયા પછી આ પાટાને છોડી નાખશો. પછીથી નમસ્કાર કરી તેઓ ઘર તરફ ગયાં.

ઘેર ગયા પછીથી તે લુગડાનો પાટો દૂર કર્યો કે તુરતજ તેની આંખો પહેલાં હતી, તેવી સતેજ માલમ પડી, આથી તેઓના આનંદનો પાર રહ્યો નહી; અને સ્વામીજી પ્રત્યે પ્રાર્થના કરવા લાગ્યા

કે, આજથી અમે તમારા સદાનાં દાસ છીએ અને અમારો દેહ પણ આપીએ તોપણ ઓછો છે.

આવી રીતે સ્વામીજી પોતાના ભકતોને આફતોમાથી મુક્ત કરે છે. તેથીજ દરેક ભકતોનાં હૃદયમાં પ્રેમભાવ તથા ભકતી ઉત્પન્ન થાય છે.

પ્રકરણ ૧૬ મું

“ સાતપ્પા ભક્તનો બચાવ ”

એક દીવસે ઘણા ભકતો ભેગા થઇ, માવનુર ગામમાં સંત ભોજન કરાવવુ એવો નિશ્ચય કર્યો અને આ કામ સાતપ્પા ભકતને સોપવામા આવ્યું.

પછીથી તેઓ બધાં સ્વામીજી પાસે આવ્યા અને કહ્યું “ મહારાજ ! માવનુર ગામ, આપણી નજીકમા છે ને ત્યા તમારી પુજા કરી સંત લોકો વીગેરેને ભોજન કરાવવા અમારો વિચાર છે માટે આપ કૃપા કરી પધારશો.

“ આવી ભક્ત લોકોની વિનંતિ સાંભળી; સ્વામીજીએ હા



બ્હીશો નહી-સદ્ગુરૂ એનુ રક્ષણ જરૂર કરશે.

Lakshmi Art, Bombay, ૪

પાડી આથી તેઓ આનંદમાં આવ્યા અને સ્વામીજીને પાલખીમાં બેસાડી ધામધુમથી વાજતે ગાજતે નીકળ્યા અને થોડીવારમાં માવનુર ગામમાં આવી પહોચ્યા.

અહીઆ એક સ્વચ્છ ઘરમાં સ્વામીજીને ઉતારો આપવામા આવ્યો, અને ષોડષોપચારથી પુજા કરી, સાતપ્પા ભક્ત ત્યાથી રસોઇખાનામાં ગયો. અહીઆ હજારો માણસો માટે ભોજન તૈયાર કરવામાં આવતું હતું. બીજી બાજુ મોટી કઢાઇઓમાં ગરમ ઘી પણ તૈયારજ હતું. ઘીનું કામ પડવાથી તે સાતપ્પા ભક્ત રેડવા જતો હતો, તેવામાં ઘીની કઢાઇ હાથમાથી અચાનક છટકી અને પોતાના શરીરપર પડી આથી પોતે સ્વામીજીના નામની ચીસ પાડી જમીન ઉપર બેભાન થઇ પડયો, આ બૂમ સાભળતાંજ લોકો ભેગા થઇ ગયા, અને કેટલાકતો તેલ લાવી તેના શરીર ઉપર ચોપડવા મંડી પડયા. સાતપ્પા ભક્તનું કુટુંબ ત્યા હાજર હોવાથી તથા પુષ્કળ દાઝેલો માલુમ પડવાથી રૂદન કરવા લાગ્યા. આ ગરબડ સાંભળવાથી સ્વામીજી એકદમ ત્યા આવી પહોચ્યા અને ધીરજ આપી કહેવા લાગ્યા કે, "આ બાપડો પરોપકાર બુદ્ધિથી સેવા કરતા સપડાયો છે" પરંતુ સદ્દગરૂ એનું રક્ષણ કરશે, આવુ કહી સ્વામીજી તેની પાસે જઇ શરીર ઉપર હાથ ફેરવીને કહ્યુ "આ ઘી તો ઠંડુજ છે માટે તું ઉભો થા આમ કહી તેને ઢઢેળ્યો.

જેમ માણસ ઉંઘમાથી જાગૃત થાય છે તેવીજ રીતે સ્વામીજીના નામનો જયઘોષ કરીને બેઠો થયો આથી બધાં માણસો આનંદ પામી, સ્વામીજીના નામનો જયઘોષ કર્યો.

સાતપ્પા ભક્ત, આ બધા ભેગા થએલા, જોવાથી તે આશ્ચર્ય પામ્યો, પણ શરીર તરફ જોતાં, ઘી જ્યારે માલુમ પડ્યું, ત્યારે તેને યાદ આવ્યું, એટલે સ્વામીજીને પગે પડયો અને કહ્યું:- મહારાજ તમો ખરેખર દેવસ્વરૂપ છો અને તમારી કૃપા આગળ કાળનું પણ કશું ચાલતું નથી. તમો સાક્ષાત ઇશ્વર સ્વરૂપજ છો. આવી રીતે પ્રાર્થના કરી સ્નાન કરવા સારૂ ગયો. અને પાછાં ફરતી વખતે પોતાના શરીર ઉપર જોયું તો કાઇ પણ ઇજા માલુમ પડી નહી. સારા કાર્યમા આ વીઘ્ન રૂપે બનાવ બન્યો હતો પણ તે દૂર થઇ જવાથી દરેક જણુ આનંદમાં આવ્યા અને ફરીથી સ્વામીજીની પુજા કરી. એટલામા ભોજનનો આરંભ થયો, આથી સ્વામીજી પોતે, ભકતોને પીરસવા લાગ્યા. સ્વામીજીને પીરસતાં જોઇને દરેકના મનમાં આનંદ થવા લાગ્યો, સ્વામીજીએ પ્રેમથી દરેકને તૃપ્ત કર્યા અને પછીથી પોતે જમ્યા.

" માબાપ પોતાના બાળકોનો હર્ષ જોઇ, સંતોષ માને છે, તેવીજ રીતે, પોતાના ભકતોનો હર્ષ જોઇ સ્વામીજી આનંદ પામતા હતા.

સ્વામીજી પોતાના ભકતો માટે હજુ પણ દુઃખ વેઠી, ભકતોને તારે છે.

આવી રીતે ઉત્સવ ઉજવ્યા પછી સ્વામીજીને પાલખીમાં બેસાડી. ધામધુમથી વરઘોડો ફેરવી સીદ્ધાશ્રમમાં લાવવામાં આવ્યા. અને પછી દરેક જણુ આશીર્વાદ લઇ વાંખેરાઇ ગયા.

પ્રકરણ ૧૭ મું

"યજ્ઞોપવીત કાર્યમાં મુર્તીઓનું શ્રી સીદ્ધારૂઢ રૂપ દેખાવું"

હુબળી શહેરમાં રમાનાથ નામનો બ્રાહ્મણ, તેની સ્ત્રી કૃષ્ણાબાઇ સાથે રહેતો હતો. તેઓને ત્યાં પોતાના છોકરાને જનોઇ આપવાનો દીવસ આવી પહોંચ્યો, ત્યારે તે દીવસે કૃષ્ણાબાઇએ કહ્યું. આ કાર્યનો આરંભ કરતાં પહેલા શ્રી સીદ્ધારૂઢ સ્વામીને આપણે ત્યાં લાવી મનોભાવથી પુજાકરી વસ્ત્ર આદી દક્ષીણા તથા ભોજન કરાવી આશ્રમમાં પહોચાડ્યા પછી આપણા કાર્યની શરૂઆત કરો. કારણ કે આપણા પહેલાના બે છોકરાંઓ મરણ પામવાથી, આ છોકરો જો જીવતો રહે અને જનોઇ આપવાનો વખત આવે, તો મારે સ્વામીજીની પુજા કરવી એવો પહેલેથીજ નિશ્ચય કર્યો હતો. માટેજ હું આપને વીનંતી કરૂં છું કે તમો સ્વામીજી પાસે જાવ અને પ્રેમપૂર્વક તેડી લાવી, તેઓની વિધિપુર્વક પુજા કરો કે જેથી મારી લીધેલી માનતા પરીપુર્ણ થાય. આ કાર્યમા તમારા પોતાનાજ છોકરાનું હીત સમાએલું છે.

રમાનાથ ક્રોધના આવેશમાં બોલ્યો, તને બાધા લેવાને બીજો કોઇ દેવ જડ્યો નહી? આપણે બ્રાહ્મણ થઇ શું શુદ્ર જેવા માધુડાને પગે લાગીએ? એ બનેજ નહી. જો હુ તેને તેડી લાવી પુજા કરૂં તો મારી બધા મશ્કરી કરી આપણી વાતો કરશે. તેના બદલામા આપણે આપણા ઘરમા જેવા કે ગણપતી, કૃષ્ણ, વીઠ્ઠલજી, હનુમાન આ બધી મુર્તીઓ છે તેનું પુજન કરીશું. માટે તું આ હઠ છોડી દે.

કૃષ્ણાબાઇએ પોતાના પતીને ઘણી રીતે સમજાવ્યો, પણ તે નહી માનવાથી પોતે એકાન્તમા જઇ રૂદન કરવા લાગી અને સ્વામી પ્રત્યે કહેવા લાગી કે, ' હે મહારાજ, મારી લીધેલી માનતા મારા પતી પૂર્ણ કરતા નથી, માટે આપ કૃપા કરી અમોને બચાવશો. મારે શું કરવું તે કાંઇ સૂઝ પડતી નથી. આવી રીતે શ્રદ્ધાપુર્વક ધ્યાન ધરવાથી સદ્‌ગુરૂએ અદ્દશ્યરૂપે અભય વચન આપ્યું તેથી તે બાઇને આનંદ થયો.

મંડપમા જનોઇને વાસ્તે બધી તૈયારીઓ કરવામાં આવેલી હતી અને વળી સ્થાપના માટે શ્રીકૃષ્ણ ભગવાનની મુર્તી ત્યા મુકવામા આવી હતી.

રમાનાથ સર્વ સાહીત્ય સાથે પુજા કરવા માટે ત્યાં આવ્યો તો તેને શ્રી સીદ્ધારૂઢની મુર્તી દેખાવા લાગી. આથી તે આશ્ચર્ય પામ્યો અને વીચારમા પડી જઇ મનમા કહેવા લાગ્યો કે " મારી સ્ત્રીએ લીધેલી માનના પુર્ણ કરવા સારૂ શ્રીકૃષ્ણની મુર્તીની જગ્યાએ આ મુર્તી મુકેલી હશે, એમ ધારી પોતાની સ્ત્રીને બોલાવીને કહ્યું

કે, આ મુર્તી તું કયાથી લાવી ? ”

કૃષ્ણાબાઇએ કહ્યું.—આમાંનું હું કશું જાણતી નથી. આપજ વિચાર કરો કે હું પહેલાં તો મુર્તી લાવુંજ કયાથી ?

સ્વામીજીની મુર્તી જોવાથી કૃષ્ણાબાઇ મનમા ઘણીજ ખુશી થવા લાગી અને મનમાં કહેવા લાગી કે “યાદ કર્યા પ્રમાણે સ્વામીજી હાજર થયા તો ખરા. ”

રમાનાથ આશ્ચર્ય પામી વીચાર કરતો કરતો પોતાના ઘરમાં શ્રીકૃષ્ણની મુર્તી શોધવા સારૂ પાછો દેવસ્થાન અગાડી આવ્યો. અહીંઆ પણ તેને શ્રી સીદ્ધારૂઢ સીવાય કાઇપણ દેખાયું નહી. આથી પોતે ચકીત થઇ, આનંદ પામી બોલ્યો “ આ બધી ઇશ્વરની માયા છે ” અને હવે મારી ખાત્રી થઇ કે સીદ્ધારૂઢ ખરા ઇશ્વરજ છે. આ જોયા પછી પોતાની સ્ત્રી પાસે આવી કહ્યું કે “ તે તારી ભકતીથી સ્વામીજીને ઓળખ્યા તેને માટે તને ધન્ય છે હું તારા ઉપર નકામો ગુસ્સે થતો હતો. હું અત્યારેજ આશ્રમમા જઇ, સ્વામીજીને તેડી લાવી, તારી ઇચ્છા મુજબ પુજન કરીશું.

આમ કહી પોતાના સગાવહાલાને તેડી ઘરમાં જઇને સ્વામીજીનું દર્શન કરાવ્યું અને કહ્યું કે આ બધા દેવોમા શ્રી સીદ્ધારૂઢજ દેખાય છે. મેં મારો વખત નકામો ગુમાવ્યો છે, હમણાજ સ્વામીજીને શરણે જાઉં છું.

રમાનાથ આમ કહી સ્વામીજીનું સ્મરણ કરતો, કરતો, આશ્રમમાં

આવી પહોંચ્યો અને પોતાની ભુલોની માફી માગી, સ્વામીજીને ચરણે પડી, પ્રાર્થના કરી પોતાને ઘેર તેડી લાવ્યો.

કૃષ્ણાબાઇએ, પોતાના પતીને સ્વામીજીને તેડવા ગએલા ધારી પોતે પુજા સામગ્રી વીગેરે સાહીત્યો તૈયાર કરી રાહ જોતાં હતાં એટલામાંજ સ્વામીજી આવી પહોંચ્યા અને આનંદથી વધાવી લઇ આસન ઉપર બેસાડયા પછીથી કૃષ્ણાબાઇએ સ્વામીજીના ચરણે પોતાનું મસ્તક ધર્યું કે તુરતજ આંખોમાથી પ્રેમાશ્રુ એટલા બધા વહેવા લાગ્યાં કે સ્વામીજીના ચરણ પણ ભીજાઇ ગયા.

પછીથી બંનેએ મળી વિધીપૂર્વક સ્વામીજીની પુજા કરી, વસ્ત્રા ભુષણ પહેરાવી ભોજન કરાવી, દક્ષીણા આપી, પ્રેમથી સ્તુતી કરી કે "અમારા ગરીબ ઉપર આપે બહુજ કૃપા કરી છે અને આવી કૃપા હંમેશા રાખશો. અમે તમારા દાસ છીએ અને શરણે છીએ.

સ્વામીજીએ આશિર્વાદ આપ્યો, પછીથી તેઓએ સ્વામીજીને ગાડીમાં બેસાડી આશ્રમ તરફ વીદાય કર્યા.

પ્રકરણ ૧૮ મું

મુર્કીભાવી ગામમાં ઉત્સવ કર્યાથી સ્વામીજીનું પ્રગટવું

સદ્ગુરના કહેવામાં કોઇએ પણ અવિશ્વાસ લાવવો તે ભુલ ભરેલું છે.

આ દુનીઆમાં તારનાર બીજો કોઇ નથી પણ ફકત સદ્ગુરૂ જ છે.

સદ્ગુરનું હંમેશાં શ્રદ્ધાથી રટણ કરવાથી દરેકની મુક્તિ થાય છે.

સ્વામીજી હંમેશાં કહે છે કે—પાપ કર્મો છોડી દઇ, પુન્ય ધર્મોનાં કામો કરો. સારાની સગત કરી હંમેશા સદ્ગુરનું ભજન કરો.

સદ્ગુરૂને અંતઃકરણમાં રાખી હંમેશાં તેનું સ્મરણ કરી એક મનથી પૂજા કરો.

દરેક જીવો ઉપર દયાભાવ રાખવો.

સ્વચ્છચ્છાથી આ દુનીઆમાં ચાલવું નહિ.

બીજાના ગુણદોષ જોવા નહિ.

કામ, ક્રોધને કબજે કરી મોહરૂપી સંસારમા બહુ રચ્યા પચ્યા ન રહો, પણ સદ્‌ગુરૂનું નામ સ્મરણ કરો.

સંકટમા પણ ન ગભરાતા, સદ્‌ગુરૂનું નામ સ્મરણ કરવું ભુલવું નહી.

તવંગર હો કે ના હો, પણ તેનું અભિમાન મનમાં લાવવું નહી, પણ દરેકને સરખા જ ગણાવા.

દરેક મનુષ્યે, હું પોતે કોણ છું, આનો વિચાર હંમેશાં કરવો અને આ સંસાર। સ્વપ્નરૂપ માની ઇશ્વર ભજનમાજ મગ્ન રહેવું.

દેશ, કાળ, સ્થિતિ આ બધાનો વિચાર કરી, વેદ વિધી મુજબ આચરણ કરો.

ઇશ્વર ઉપર ભક્તિ રાખી, તેનું નામ હમેશાં સ્મરણ કરો.

આ પ્રમાણે વર્તન કરનારને, સદ્‌ગુરૂ આ ભવબંધનમાંથી મુક્ત કરનાર છે, એમ નક્કી સમજવું.

હુબળી શહેરમા શીવરાત્રી ઉત્સવને લીધે ઘણાં ગામોના ભક્ત લોકો એકઠા થઇ આઠ દીવસ સુધી ઉત્સવમાં ભાગ લઇ પોતાને ભાગ્યશાળી માનતા હતા. આવી જ રીતે એક વર્ષે મુર્ડીભાવી ગામના લોકો શીવરાત્રીનો ઉત્સવ ઉજવી, પાછા પોતાના ગામમાં ગયા પછી તેઓએ વિચાર કર્યો કે "આપણા ગામમા પણ સ્વામીજીને લાવી આઠ દીવસ સુધી ઉત્સવ કરવો જોઇએ." આવો નિશ્ચય કરી,

ઉત્સવને માટે દરેક તૈયારી કરી, દરેક ગામોમાં નિમંત્રણ પત્રિકાઓ મોકલાવી દીધી. પછીથી સ્વામીજી પાસે આવી વિનંતી કરી કે ' હે મહારાજ, આપ કૃપા કરી, અમારે ગામ પધારી આઠ દીવસ સુધી ઉત્સવમાં પુજન, ભજન, કીર્તન કરાવો એવો અમારો નિશ્ચય છે, માટે આપ કૃપા કરી ભકત લોકોને સંતોષ આપશો.

આ સાંભળી સ્વામીજીએ કહ્યું ઘણા દેશના ભકતો અહીઆં (હુબળી) માગ દર્શન વાસ્તે આવે છે, અને જો હું ત્યા આવું તો બધા નીરાશ થઇ પાછા ફરે

જે ઠેકાણે તમો ભજન કીર્તન પૂજા વિગેરે કરાવશો તે જગાએ હું હમેશા હાજર રહું છું એમ નક્કી સમજજો. માટે તમારૂં કાર્ય શરૂ કરો. આ સાભળી ભકતો આનંદ પમી આશ્રમમાથી સ્વામીજીની એક ઉત્તમ તસબીર, તથા રામૈયા શિષ્યને પૂજા કરવા સારૂ સંગાથે લઇ તેઓ પોતાને ગામ આવી પહોચ્યા.

દરેક ભકતો નીમંત્રણ પત્રીકાઓ વાંચી વિસ્મય થવા લાગ્યા કે સ્વામીજી પોતે હુબળી છો.ા કાઇ પણ જગ્યાએ જતા નથી, ત્યારે મુર્કીગામમા કેવી રીતે જશે? આમા કાઇ પણ ચમત્કાર રહેલો છે. એમ સમજી દરેક ભક્ત લોકો મુર્કીગામમા આવવા લાગ્યા.

એક ખુલ્લા મેદાનમાં ભવ્ય મંડપ રચવામાં આવ્યો હતો અને તેની વચ્ચોવચ્ચ એક કીંમતી ભવ્ય સિંહાસન શણગારી સ્વામીજીને તસબીર રુપે બેસાડવામા' આવ્યા હતા. અહીઆ દેશદેશના ઘણા વિદ્વાન અને સંત પુરૂષો પધારેલા હતા અને રાતદીવસ સ્વામીજીની

અગાડી ભજન કીર્તન, ધાર્મિક વ્યાખ્યાનો તથા વેદાંત શ્રવણ ચાલતું હતું. આ વખતે આ રમણીય જગ્યા એક કૈલાસ જેવી શોભા આપતી હતી.

ગામ લોકો તરફથી દરેક જાતની સગવડો, ઉત્સવમાં ભાગ લેનારા ભક્તોને માટે તૈયાર રાખવામાં આવી હતી. તે ઉપરાંત જમવાને વાસ્તે ભોજન પણ તૈયાર કરી, બપોરે તથા રાત્રે બંને વખત જમાડી દરેકને તૃપ્ત કરવામા આવતા હતા.

સંધ્યા સમયે સ્વામીજીના તસબીરને દરરોજ જુદા જુદા શણગારો પહેરાવી પૂજા કરી, આરતી ઉતારી સ્વામીજીના નામનો જય ઘોષ કરવામાં આવતો અને જે આનંદ ભક્તોને થતો તેનું વર્ણન કરવું અશક્ય છે.

સ્વામીજીને પ્રત્યક્ષ રૂપે જોવા, ભક્ત લોકો આતુરતાપૂર્વક મેઘની માફક રાહ જોતા હતા અને વળી માંહોમાંહે આમંત્રણપત્રીકા ઉપર ચર્ચા પણ કરતા, તેથી બીજા ભક્તો કહેતા હતા કે સ્વામીજી તો છેલ્લે દીવસે પધારવાના છે. આ કારણથી દરેક ભક્તો આઠ દીવસ સુધી ઉત્સવમા આનંદથી ભાગ લઇ; સ્વામીજીના દર્શનની રાહ જોતા હતા. આવી રીતે સાત દીવસો ઘણા જ આનંદથી પસાર કર્યા.

આજે ઉત્સવનો આઠમો દીવસ હોવાથી, સ્વામીજીના દર્શનને માટે દરરોજ કરતા ઘણી જ ભીડ થઇ હતી, અને વળી સંધ્યા સમયે તો અસંખ્ય લોકોના ટોળાં ભેગા થયાં હતાં. પણ હજુ સુધી સ્વામીજી પ્રત્યક્ષ દેખાયા નહી.

આરતીનો વખત થવાથી હંમેશના ધારા મુજબ સ્વામીજીની

તસબીરને શણગારવા સારૂ એક આડો પડદો રાખવામાં આવ્યો અને પૂજારી લોકો સ્વામીજીની તસબીરને શણગારવા લાગ્યા; એટલામાં રામૈયા શીષ્ય પણ પૂજાની બધી સામગ્રી લઇ તસબીર સામે આવી ઘણી જ ચીતાથી હાથ જોડી સ્તુતી કરવા લાગ્યો. હે દયાળુ સદ્‌ગુરૂ, દુઃખભંજન, અત્યારે દોડો, અહીઆ અસંખ્ય ભકતો તમારી રાહ જોયા કરે છે- મારી લજ્જા રાખવી તમારા હાથમા છે હું મારા સ્વાર્થ માટે કશું માગતો નથી, જો હું માગીશ તે તમો જરૂર આપશો, પણ આજનું કાર્ય તો ભકત સમુહને માટે જ કરવાનું છે. અને તેમાં આપના દર્શનનો દરેકને લાભ આપી ભક્તિ દઢ કરાવવાની છે, તમારો અવતાર અજ્ઞાનનો નાશ કરવા માટે જ છે હુ તમારો દાસ હોવાથી તમારી કીર્તિ વધારવામા મારૂં કર્તવ્ય માનું છું માટે જ આપ દર્શનનો લાભ આપી ઉત્સવનુ સાર્થક કરો. આપ જો નહિ આવો તો બધા લોકો ઠપકો આપો, અમોને માનશે નહિ. આવી રીતે દઢ ભક્તિથી પડદો ખેંચી લઇ, સદ્‌ગુરૂના નામનો જયઘોષ કર્યો કે દરેકને સ્વામીજી પ્રસક્ષ બેઠેલા દેખાયા આ વખતના આનંદનું વર્ણન વર્ણવી શકાતું નથી. કટલાક ભકતો તો ભક્તિના આવેશમા નાચવા તથા કુદવા લાગ્યા અને બોલવા લાગ્યા કે "અમારો ભગવાન સ્વામીજી પોતે જ છે."

અત્યાર સુધીનો જે વખત સ્વામીજી વિના ગુમાવ્યો તે વ્યર્થ માની, આજના દીવસને પુન્યશાળી માની બધા ભકત લોકોએ આનંદ રીતે દર્શન કરી, સ્વામીજીની મુર્તિને હૃદયમા સ્થાપી રહ્યા ત્યાર પછી સ્વામીજી અદશ્ય થયા. આવી રીતે મુર્કીભાવી ગામમાં સ્વામીજી પોતે પ્રગટ થઇ, દરેકને સંતોષ પમાડી ઉત્સવની સમાપ્તિ કરી.

પ્રકરણ ૧૯ મું

"બ્રાહ્મણોના ગર્વનું હરણ"

આ સંસારમા ભગવાને દરેક જીવોને મોહ રૂપી માયામા દૃઢ કરેલા છે; અને આમાથી મુક્ત કરનાર, સદ્ગુરૂ શિવાય કોઇ પણ સમર્થવાન નથી. દરેક જીવોનો શુ અધિકાર છે તે સદ્ગુરૂથી અજાણ્યું નથી. દરેકના અધિકાર મુજબ સદ્ગુરૂ ઉપદેષ કરે છે. તેજ ઉપદેષ જો દરેક જીવો ગ્રહણ કરે, તો સદેહ વગર મુક્તીને પામે છે. માયા રૂપી દરીઆમા સદ્ગુરૂ નૌકારૂપે છે અને સદ્ગુરૂને શરણે જવાથી, ઝટ મહાસાગરને તરીને પેલી પાર જવાય છે.

ઉત્તર કાનડા પ્રાન્તમાથી બે બ્રાહ્મણો અષાડી એકાદશીને દીવસે, પંઢરપુરની યાત્રા કરી, પોતાને ગામ પાછા ફરતા હતા, તે વખતે તેઓએ હુબળી શહેરમા આશ્રય લીધો હતો. આ બન્ને જણા બ્રાહ્મણ તેમજ સંત પણ હોવાથી—

"રામરાયા" નામના એક ગૃહસ્થે વિચાર કર્યો કે આપણા ગામના બધા બ્રાહ્મણો તથા આ બન્ને આવેલા બ્રાહ્મણ સંતો તથા

શ્રી સિદ્ધારૂઢ મહારાજ કે જેઓ સર્વના શીરોમણી છે, તેઓને બોલાવી દરેકને ભેગા કરી સ્વામીજીનું પુજન કરી, બ્રહ્મભોજન કરાવવું એવો નિશ્ચય કરી, રામરાયા તે બન્ને બ્રાહ્મણ સંતો પાસે ગયો અને પોતાનો વિચાર દર્શાવ્યો. આથી બન્ને બ્રાહ્મણ સતો હસીને બોલ્યાઃ—આ સ્વામીજીને અમે ઓળખીએ છીએ, એ ભલે બ્રહ્મનીષ્ટ હોય, તોપણ એ બ્રાહ્મણોની પંકતીમા કેમ ચલશે ? જો તમારા વિચાર પ્રમાણે એક બાજુપર બેસાડીએ તો તેઓશ્રીનું અપમાન ગણાય, અને જો સાથે લઇ જમવા બેસાડીએ તો આપણી જ્ઞતિને ડાઘ લગાડ્યા બરાબર છે.

આવા નીરાશા ભરેલા શબ્દો સાભળીને રામરાયાને ઘણુંજ ખોટું લાગ્યું અને ચિન્તા કરતો, પોતાને ઘેર જઇ, રાત્રી પડવાથી પથારીમાં સુતો, પણ નિદ્રા આવીજ નહીં મોડી રાત્રે નીદ્રામાં બબડવા લાગ્યો કે " અમારું દૈવ્યત શ્રી સિદ્ધારૂઢ મહારાજ છે, એમના વિના કેમ ચાલ્રે ? મહારાજ ! આ શુભ કાર્યમાં તમારી પુજા કરવાની મારી સંપૂર્ણ આશા હતી, તમારા શિવાય મારી અંતર આશા કોણ પુરી કરી શકશે ? આ બધા લોકો ખાલી બ્રાહ્મણોના અભિમાનમા, તમારી ભક્તિ ભુલે છે, માટે આપ દયા લાવી, આ અમારી જ્ઞાતીમા આપના તરફ ભક્તિ ભાવ પ્રેમ ઉત્પન્ન થાય અને તેઓનું મન તમારા તરફ લાગે એવી નિર્મળ ભકતી ઉત્પન્ન કરો."

સ્વપ્નામાં સ્વામીજીને જોયાઃ-સ્વામીજીએ કહ્યું, "ચાલ ઉભો થા, પુજા કરી લે, સ્વપ્નમાજ આસન ઉપર સ્વામીજીને બેસાડી

તેઓનું પુજન કર્યું, પુજા કર્યા પછી સ્વામીજીએ, પ્રસાદરૂપી નારીએળ તેના હાથમાં આપી કહ્યું કે "આ પ્રસાદ લ્યો, સહવારે તમારી સર્વ આશાઓ પૂર્ણ કરીશ. આટલું કહી સ્વપ્નમાંજ સ્વામીજી અદૃષ્ય થયા.

રામરાયા જાગી ઉઠ્યો, તપાસ કરતા પોતાની પથારીમાં નારીએળ જણાયું, આથી આનંદ પામી, પોતાને ભાગ્યશાળી માની બોલવા લાગ્યા કે "આ બધુ સ્વપ્ન નહતું પણ સ્વામીજી પોતેજ અત્રે પધારેલા, આ ઉપરથી મારી આશાઓ કાલે પૂર્ણ થશે, એમાં જરાએ સંદેહ નથી.

રામરાયા ભક્ત બીજે દીવસે સહવારમા જલદી ઉઠી ભોજન સામગ્રી તૈયાર કરાવી, અને પોતે મનમા સ્વામીજીનું સ્મરણ શરૂ કર્યું. મધ્યાન સમયે, ભોજનને વાસ્તે દરેક બ્રાહ્મણો ભેગા થયા, અને તેની અંદર પણ પેલા બ્રાહ્મણ સંતોને તેડવામાં આવ્યા હતા.

આ બે સંતોની પુજા કરી, તેઓને ઉત્તમ આસન ઉપર પાસે પાસે બેસાડી, ભોજન પીરસવાની શરૂઆત કરી. દરેકને પીરસ્યા પછી, બ્રહ્માર્પણ જળ લઇ, જમવાની શરૂઆત કરી. પણ રામરાયા ભકતને મનમા ઘણીજ ચીન્તા થવા લાગી કે, "સ્વામીજી હજી સુધી જમવામાં કેમ દેખાતા નથી, મને સ્વપ્નમા આપેલુ વચન શું ભુલ્યા નો નહી હોય ? આવો મનમા વિચાર કરતાં તેની દૃષ્ટીએ સ્વામીજીને ચમત્કારીક રીતે જોયા.

આ બે બ્રાહ્મણ સંતો જમતા હતા, તેઓની વચ્ચોવચ્ચ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીને જમતા જોયા. આથી રામરાયને ઘણોજ આનંદ થયો.

અત્યાર સુધી આ સંતો જમવામાજ તલ્લીન હતા, આજુબાજુ કોણ છે તેનું ભાન પણ નહતું, પણ સ્વામી પ્રભાવથી તેઓના મનમાં વાત કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ, આથી એક બીજાના તરફ જોતાજ, તેમની દ્દષ્ટીએ કોઇ જમતુ દેખાયું આથી આશ્ચર્ય પામી કહેવા લાગ્યા કે, જમવાની શરૂઆત થઇ ત્યા સુધી આ માણસ દેખાયો નહતો. પણ અમારા બન્ને વચ્ચે બેસવાની જગ્યાએ પણ નહતી, છતાં કયાથી આવ્યા હશે ?

આ બન્નેને સમજણ નહી પડવાથી આજુબાજુમાં તપાસ કરી ત્યારે માલમ પડ્યુ કે આ તો શ્રી સિદ્ધારૂઢ સ્વામીજ છે રામરાયને તે છતાં પુછ્યુ, પણ રામરાય ભકતીમાં તલ્લીન હોવાથી તેણે જવાબ આપ્યો હશે કે કેમ તે પણ શંકા છે સિદ્ધસ્વામીજી તો જમતાજ રહ્યા. રામરાયને તો સ્વામીજી પ્રત્યેના આનંદની સીમાજ રહી નહી.

આ બનાવ જોઇ બે સંતોએ કહ્યું " ખરેખર અમારી મુર્ખાઇને લીધેજ, સદ્ગુરૂનો શું અધિકાર છે તે અમો સમજ્યા નહી. સ્વામીજી પોતે ઇશ્વરજ છે એમાં જરાએ શંકા નથી, અમારા પૂર્વજન્મના પૂન્યથીજ આજે અમોને પંકતીમા સાથે જમવા બેસવાનો લાભ મળ્યો છે બીજા અશ્રદ્ધાળુ બ્રાહ્મણો આથી સંતોષ ન પામવાથી

સ્વામીજીની ખાત્રી કરવા સારૂ સિદ્ધાશ્રમમાં તપાસ કરવા ગયા કે સ્વામીજી આશ્રમમાં છે કે કેમ ? ત્યાં પણ સ્વામીજી પ્રત્યક્ષ દેખાયા આથી તેઓને બહુજ આશ્ચર્ય લાગ્યુ આ ચમત્કાર બતાવ્યા પછી સ્વામીજી પંક્તીમાંથી અદૃષ્ય થયા.

જમી રહ્યા પછી સંતો, દરેકને કહેવા લાગ્યા કે, સ્વામીજી અહીંઆ આવી ભોજન કરી ગયા, એતો તમે બધાએ નજરે જોયું આ ઉપરથી સાબીત થાય છે કે "રામરાયાની કેવી ભકતી હશે તેને ધન્ય છે, એનાજ પ્રતાપથી આજે આપણને દર્શનનો લાભ મળ્યો છે.

આ બે સંતોએ રામરાયા ભકત પાસે જઇ, વિનંતીથી કહેવા લાગ્યા કે, અમારી ઇચ્છા પણ સ્વામીજીની પુજા કરવાની છે, માટે આપ કૃપા કરી સ્વામીજીને તેડી લાવો. અમારી ઇચ્છા સ્વામીજીના ચરણાંરવિન્દમા રહેવાની છે.

આથી રામરાયા ભકત સ્વામીજી પાસે જઇ નમસ્કાર કરી કહ્યું "મહારાજ આપ પ્રત્યક્ષ ઇશ્વર છો, અને ભકતોને તારનાર છો, આવી રીતે સ્તુતી કરી, બનેલી બીના કહી સંભળાવી આ સાંભળતાંજ સ્વામીજી હસ્યા અને બોલ્યા—

"તારો સદ્‌ગુરૂ ઉપરનો શુદ્ધ પ્રેમ અને ભાવથીજ આ સાક્ષાત્કાર દેખાયો હતો, ભકતો, જો હંમેશા શુદ્ધ પ્રેમ અને ભાવ રાખે તો ઇશ્વર તેની પાસેજ છે એ સંદેહ વગર માનવું. પછીથી રામરાયા સ્વામીજીને તેડી, બન્ને સંતો હતા ત્યા લાવી પુજા કરાવી. આથી તેઓને ઘણોજ આનંદ થયો. અને પોતાની જાતનો અભિમાનનો પશ્ચતાપ કરી સ્વામીજીને પગે પડી માફ માગી. આથી સ્વામીજીએ આર્શિવાદ આપી, આશ્રમ તરફ વિદાય થયા.

પ્રકરણ ૨૦ મું

"ગુરવ્વાનો બચાવ અને ભાગ્યનો ઉદય"

સદ્ગુરૂ ! આપ દુનીયાના ચાલક છો, અનંત કોટી બ્રાહ્માંડમા આપ સર્વત્ર છો. આપનું પરમાનંદ સ્વરૂપ અલૌકીક છે. જે ઠેકાણે કોઇનો પણ સંચાર ન હોય તે તે જગ્યાએ આપનું સ્વરૂપ દેખાય છે અને અદૃશ્ય પણ થાય છે આપ હમેશા આનંદીત અને સૂર્ય જેવા પ્રકાશમાન છો.

આ દુનીયા રૂપી સંસારમાં આપ દરેકની ઇચ્છા પૂર્ણ કરો છો. તેથીજ અમારૂ મન નિષ્કામ બની આપની ભકતીમા મગ્ન રહે છે. આવી રીતે આપ દરેકનો ઉદ્ધાર કરવાવાળા છો

હુબળી શહેરમાં બસવણ્ણા નામનો એક ગરીબ માણસ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ "ગુરવ્વા" હતું, તેઓને બે પુત્ર તથા બે પુત્રીઓ હતી. પોતાની ગરીબ સ્થાતિ હોવાથી આ બધાનું ભરણ પોષણ કરવું કઠણ થઇ પડતું હતું, કર્મ સંજોગોને લીધે નોકરી-

માંથી પણ રજા મળી આ વખતે દુષ્કાળ પણ પડ્યો–રોજગારી માટે તપાસ તો કરતો પણ આવા વખતમાં ગરીબ તથા આધાર વગરનાને કોણ રાખે ?

હવે તો ખાવાને પણ–જે ઘરમાં હતું તે બધું વેચી થોડા દીવસ નીભાવ્યું પણ હવે તો પોતાના બાળકો તથા તેઓને અપવાસ કરવાના વખત આવ્યો બાળકો ખાવાને વાસ્તે ટળવળવા લાગ્યા–બે અપવાસ બાળકોને થયા છતા ભીખ માગી નહી.

આવી દુખી સ્થિતિમાં–પોતાનો એક પુત્ર ને એક પુત્રી ભુખમરાથી દેવલોક પામ્યા. આ કમકમાટી ઉપજાવનારો બનાવ જોઇ બાળકોના માને ઘણુંજ દુઃખ લાગી આવ્યું 'અને શું કરવું' તેના વિચારમાજ આભી બની ગઇ.

હવે બસવણ્ણા પોતાના બે મૃત થએલા બાળકોને બે બાજુ ખભે લઇ સ્મશાન તરફ વિદાય થયો. રહેલા બે બાળકો, પોતાના ઘરમા ભુખથી ટળવળતા નીદ્રા દેવીને આધીન થએલા જોઇ, બાળકની માતાએ, તપાસ કરી, આવી દુઃખી સ્થિતિમાં, ભ્રમીત્ત બનેલી, પોતાનો જાન આપવા, સામેના કૂવા તરફ દોડી ગઇ.

બસવણ્ણા સ્મશાનમા પોતાનું કાર્ય સમાપ્ત કરી, સ્નાન વિગેરે વિધી કરી પોતાને ઘેર આવ્યો. જોતાજ પોતાનાં બંને બાળકો ભુખથી રડતા હતા. તથા તેની સ્ત્રી માલુમ પડી નહી. પીતાના પ્રેમથા બાળકો તેને વળગી પડયાં, બન્ને બાળકો ઉચકી, પોતે ઘરની બહાર, પોતાની સ્ત્રીની તપાસના વિચારમાં આવી ઉભો,

"ગરીબનો બેલી ઇશ્વરજ છે" આ કહેવત પ્રમાણે એવુંજ બન્યું. એક સાધુ પુરૂષ, આ વખતે આવી પહોચ્યો, અને તે સ્ત્રીને કુવામાં પડતી જોરથી પકડીને અટકાવી. તે સ્ત્રી ભુખમરાથી પીડાએલી હોવાથી પકડતાંજ, બેભાન થઇ નીચે જમીન ઉપર પડી.

હવે બસવણુના પોતાની સ્ત્રીની શોધમાં બહાર જેવો આવી ઉભો, કે તુરતજ તેની દષ્ટી સામે કુવાના ઉપર પડી, તો પોતાની સ્ત્રીને એક સાધુ પુરૂષ કુવામાં પડતી, અટકાવતો માલુમ પડયો. આથી પોતે અહીંઆં બાળકો સાથે આવી પહોચ્યો.

"રામ રાખે તેને કોણ ચાખે" સાધુ પુરૂષના પ્રતાપથી તે સ્ત્રીને તુરતજ ભાન પ્રાપ્ત થયું, અને મૃત પામેલા બાળકોને યાદ કરી રડવા લાગી તથા કહેવા લાગી કે મારાં કુમળાં બાળકો અન્ન અને પાણી વગર મરી ગયા, અને આ બાળકો પણ ભુખથી મરવા પડેલાં છે આવી કચકમાટ દુઃખી સ્થિતિ કોણ જોઇ શકે ? આ બધું મારાથી સહન તથા જોઇ શકાતું નથી માટે મને સુખેથી મરવા દો, આવું કહી પાછી કૂવામા પડવા તૈયાર થઇ. આથી પેલા સાધુ પુરૂષે તેના મસ્તક ઉપર પોતાનો હાથ મુકયો. કે તરતજ બધુ દુઃખ ભુલી ગઇ.

બસવણુના તથા પોતાના બે બાળકો તથા સ્ત્રી સાથે, આ બધાંએ મળી સાધુ પુરૂષનો ઉપકાર માન્યો અને સાધુ પુરૂષને પોતાની સાથે લઇ ઘર તરફ આવી પહોચ્યા.

સાધુ પુરૂષને ઘરમાં લાવી એક આસન ઉપર બેસાડી પગે પડયાં. અને કહ્યું કે "મહારાજ તમોએ જે અમારૂં રક્ષણ કર્યું છે,

તેનો ઉપકાર અમારાથી વાળી શકાય તેમ નથી, તમોને જે ન અપીએ તે ઓછું છે, પરંતુ કૃપાનાથ! મારી ઘણીજ દુઃખી સ્થિતિ છે તે આપનાથી પણ અજાણ્યુ નથી. આપની પુજા તથા નૈવેદ કરવાને મારા ઘરમાં કાઇ પણ નથી; માટે હે સાધુ પુરૂષ આપ કૃપા કરી આશીર્વાદ આપો કે જેથી હું આ સ્થિતિમાંથી મુક્ત થાઉ ”

સાધુપુરૂષેઃ—આજ વખતે કહ્યું “ મને બહુજ ભુખ લાગી છે ' માટે કાઇ પણ ખાવાનુ આપો.

આ સાભળતાજ બસવણ્ણાની આખોમાં પાણી ભરાઇ આવ્યાં–અને પોતાની દુઃખી સ્થિતિનું વર્ણન સાધુપુરૂષને કહી સંભળાવ્યું. આ સાંભળી સાધુપુરૂષે કહ્યું–“તૂ તારા ઘરમા દરેક જગ્યાએ તપાસ કર અને જે મળે તે મારી પાસે લાવ ”

બસવણ્ણાઃ—વિચાર કરતો કહેવા લાગ્યો ઘરમા એક પાઇ પણ નથી, છતા આપની આજ્ઞાથી તપાસ કરૂં છું. આમ કહી ઘરની અંદર પોતાની એક ખાસ પેટી હતી, તેમા તપાસ કરી, તો ફક્ત એક પૈસો મળી આવ્યો; તે લાવી સાધુ આગળ મૂક્યો. સાધુએ કહ્યું કે હવે આ એક પૈસો તારા ધોતીઆના એક છેડે બાંધી બજારમાં જઇ નૈવેદને વાસ્તે જોઇતી સામગ્રી લઇ આવ.

બસવણ્ણાએ કહ્યુંઃ—“ આ એક પૈસામા શું શું આવશે. છતાં આપની આજ્ઞા માથે ચઢાવી જાઉ છું, આપ એક મહાત્મા છો આપનો મહીમા કોઇનાથી કળી શકાય તેમ નથી આવું કહી બસવણ્ણા સાધુપુરૂષના વિચારમા તલ્લીન થતો બજારમા મોદીની

દુકાને આવી પહોંચ્યો.

આજ્ઞા પ્રમાણે બસવણ્ણાએ ધોતીઆનો છેડો છોડયો અને જુએ છે તો **"એક સોના મહોર"** જણાઇ.

આ બનાવ જોતાજ સાધુ પુરૂષના મનમા વખાણ કરતો. આનંદમાં આવી નૈવદની બધી જોઇતી ચીજો લઇ તથા વધેલા રૂપીઆ દશ પણ સાથે લઇ પોતાને ઘેર આવી, સાધુ પુરૂષના આગળ સુઈ બનેલી હકીકત કહી સંભળાવી. સાધુપુરૂષે તેની સ્ત્રી ગુરવ્વાને કહ્યુ કેઃ-જેમ બને તેમ જલદીથી રસોઇ તૈયાર કરો, કારણ કે મને ઘણીજ ભૂખ લાગી છે તે આપ જાણો છો આ સાભળતાજ **ગુરવ્વાએ** જમવાની રસોઇ થોડાક સમયમાં તૈયાર કરી, સાધુને જમવાને બોલાવામાં આવ્યા, પણ સાધુએ કહ્યું કે 'પહેલા આ બે બાળકોને જમાડો, આથી બાળકોને જમાડી સાધુપુરૂષ, બસવણ્ણા તથા તેની સ્ત્રી ગુરવ્વા, આ ત્રણે મળી ભોજન કર્યું.

થોડા સમયમા તે સાધુપુરુષ પોતાના આશ્રમે જવા તૈયાર થઇ બહાર નીકળ્યા, એટલે બસવણ્ણા પોતાની સ્ત્રી બાળકો સાથે પગે પડી કહ્યું કે "મહારાજ, કૃપા કરી સારો આશિર્વાદ આપો.'

સાધુએ કહ્યું -હુ અત્યારે શ્રી સિદ્ધાશ્રમમાં જાઉ છું **"તમારૂ કલ્યાણ થાવ"** સાધુપુરૂષના આશિર્વાદ તથા વિયોગથી પોતાની આંખમાં પ્રેમાશ્રુ આવ્યા અને સાધુ દેખાતા સુધી બહાર ઉભા રહી જોયા કર્યું. બસવણ્ણાએ ઘરમા જઇ તેની સ્ત્રીને કહ્યું કે "આ પોતેજ શ્રી સિદ્ધારૂઢ હોવા જોઇએ, એમના સિવાય બીજુ કોઇપણ આવું કરી શકે તેમ નથી.

સ્ત્રીએ કહ્યું:-આપણે કોઇપણ દીવસ આશ્રમમાંતો ગયાં નથી છતાં આટલો બધો ઉપકાર આપણા ઉપર કર્યો એ નવાઇની વાત લાગે છે, આમ કહી મહારાજની ઘણીજ સ્તુતી કરી.

બસવણ્ણા, બાળકો તથા પોતાની સ્ત્રી સાથે; સિદ્ધાશ્રમમાં આવી પહોંચ્યા. મંડપમાં આ વખતે શ્રી સિદ્ધારૂઢ મહારાજ બીરાજેલા હતા. તેઓ અંદર જતાંજ સ્વામીજીને ઓળખ્યા અને કહ્યું કે આ સાધુપુરૂષ આપણે ત્યા આવ્યા હતા, તેજ પોતે શ્રી સિદ્ધારૂઢ મહારાજ છે. આમ કહી મંડપમા આવી મહારાજને પગે પડયા, અને સ્તુતી કરવા લાગ્યાં મહારાજે પોતાની પાસે બેસાડી પ્રેમપૂર્વક કહ્યું કે તમારી ઇચ્છા પૂર્ણ થશે, મહોરમાના વધેલા દશ રૂપીઆ છે, તે લઇ ઇશ્વર સાથે પ્રેમ રાખી કંઇપણ વહેપાર રોજગાર કરો. "સદ્‌ગુરૂની કૃપાથી તમે સુખી થશો.

મહારાજનો આશિર્વાદ લઇ તેઓ પોતાને ઘેર આવ્યા. બસવણ્ણા તથા તેનું કુટુંબ હંમેશા આશ્રમમા જઇ સ્વામીજીના દર્શન કરતા, આવું હમેશા શ્રદ્ધાપૂર્વક જતા અને સ્વામીજીને કોઇ કોઇ વખત પોતાને ઘેર લાવી, પજા વીગેરે પ્રેમથી કરતા અને ભોજન કરાવતા.

બીજી બાજુ બસ ણ્ણાએ વહેપાર શરૂ કર્યો, આની અંદર પુષ્કળ નફો મળ્યો. અને થોડા સમયમા સદ્‌ગુરૂની કૃપાથી એક પૈસાદાર વહેપારી તરીકે પ કાયો. બસવણ્ણા ઘણીક વખત સ્વામીજી પાસે જઇ સ્વામીજી તેમજ દરેકને કહેતો કે:-"આ બધું સદ્‌ગુરૂની કૃપાથીજ છે.

શ્રી સિદ્ધારૂઢ મહારાજ, આવી રીતે પોતાના ભક્તોને તારે છે, એ ઉપરાંત તેનું નામ સ્મરણ, સંકટ સમયે કરવાથી મોટી આફતોમાથી મુક્ત કરે છે.

પ્રકરણ ૨૧ મું

"ભક્તિલોપનું પરિણામ"

થોડાક વર્ષો પસાર થયા બાદ, બસવણના લક્ષ્મીના તોરમા અને વહેપાર રોજગારમા મગ્ન રહેવાથી, તથા વધારે પેસાદાર બનવાની ઇચ્છાથી, લક્ષ્મીરૂપી મોહજાળમાં ડુબ્યો. પોતાની આગલી સ્થિતિનું ભાન પણ રાખ્યા વગર સદ્‌ગુરૂ સેવા પોતે ભૂલ્યો હવે પોતે સ્વામીજી પાસે જતો પણ ન હતો. આવી રીતે સ્વામીજીની ભક્તિ ચુકયો. સદ્‌ગુરૂ સેવા ભુલવાથી શું આફતો મનુષ્યો ઉપર પડે છે તે આપ સમક્ષ જુઓઃ—

એક દીવસે બસવણના શાહુકાર પોતાની ઘોડાગાડીમાં બેસી, પોતે જોરથી હાકતો, રસ્તા ઉપરથી પસાર થતો હતો, તેવામાં એક ઘરડી ડોસી, પોતાના ઘોડાની અડફટમાં આવતાંજ નીચે પડી ગાડી નીચે ચગદાઇ મરી ગઇ. આ બન્યું છતાં પોતે એક પેસાદાર તરીકે અને દ્રવ્યના તોરમા આગળ ચાલી ગયો. પણ શોરબકોર થવાથી આજુબાજુની ચોકી ઉપરના સીપાઇઓ દોડી આવી બસવણના શાહુકારની ગાડી ઉભી રાખી, તેને બેડી પહેરાવી અદાલતમાં ન્યાય માટે લઇ ગયા ત્યાં તેને એક વર્ષની સખ્ત કેદ કરવામા આવી.

બસવણનાની સ્ત્રી તથા બાળકો આ બનાવથી ઘણાંજ

દુઃખી થયાં પણ લક્ષ્મીના અભીમાન આગળ, આવા સંકટ સમયે પણ **સ્વામીજીને** યાદ કર્યા નહિ.

થોડા દીવસો પસાર કર્યા પછી, એક રાત્રીએ ચોર લોકો ઘરમા પેસી, પૈસા તથા લુંગડાઓ વીગેરે સર્વ ઉત્તમ વસ્તુઓ બાંધી ઘરની અંદર આગ મૂકી બહાર નીકળી ચાલી ગયા.

ઘરને આગ લાગતાજ ચારે તરફ લોક ભેગા થઇ ગયા અને મહાદુશીયને ગુરુવા અને બાળકો ઘરમાથી બહાર નીકળી આવ્યા. આગ તો વધવા લાગી અને કોઇનું કાઇ ચાલ્યુ નહી પણ આગે વધ રે ભયંકર રૂપ ધારણ કયુ. આ જોઇ ગુરુવા ઘણુંજ રૂદન કરવા લાગી આવી રીતે સઘળી મીલકતનો નાશ થઇ ગયો. ફક્ત અંગ ઉપરના વસ્ત્ર સિવાય કાઇપણ રહ્યું નહી. છેવટે પાડોશીનો આશ્રય લીધો અને આ પોતાની પહેલાની સ્થિતિનું ભાન આવતાંજ સ્વામીજી યાદ આવ્યા. આથી મ મા કહેવા લાગી કે અમોતે તારનાર સ્વામીજી પોતેજ હતા. આ બધું દુઃખ પેસાથી ભોગવવું પડયું છે, અને પૈસાના મોહમા અને મદમાં સ્વામીજીની ભકતી પણ અમો ભૂલી ગયા. આ સદ્ગુરૂની સેવા ભૂલ્યાનુંજ પરિણામ છે આ દુઃખમાંથી મુક્ત કરી શકનાર સ્વામીજી સિવાય કોઇપણ નથી. જો હું સ્વામીજીને શરણે હમણાં જાઉ તો લોકો મને હસશે અને એમ પણ કહેશે કે દુઃખી અને ભીખારી સ્થિતિ આવ્યાથી ફરીથી પૈસાદાર બનવા સાર વગર લજ્જાએ સ્વામીજી પાસે આવી છે. સ્વામીજીના પ્રતાપથી અત્યાર સુધી મેં પૈસાનુ ઘણુંજ સુખ ભોગવ્યું છે તથા આ સ્થિતિને લાવનાર પણ પૈસાજ છે, ત્યારે હવે શુ કરવા પૈસાની માગણી કરૂં '

પૈસાથી સ્વામીજીની ભક્તિ પણ ખોઇ અને વળી હાથે કરી આ દશા પ્રાપ્ત થઇ.

હું હવે ચારે તરફ ડૂબી ગએલી છું. એક તો સદ્‌ગુરૂની ભક્તિ, બીજી બાજુ આ દશા, ત્રીજી બાજુ તુરંગમાં પડેલો પોતાનો પતિ, અને ચોથા તરફથી નહી કરેલું પોતાના દેહનું સાર્થક માટે હવે મારે નીરાભિમાન બની આ દેહ સાથે દરેકનું સાર્થક થાય તેમ કરવું આવો દ્દઢ નિશ્ચય કરી પોતાના બાળકો લઇ શ્રી સિદ્ધાશ્રમમાં આવી પહોચી.

આશ્રમમાં આવતાજ સ્વામીજીને સાષ્ટાંગ નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગી કે હે મહારાજ! ગરીબના બેલી તારો અમારા ઉપર અનહદ પ્રેમ છે છતા અમો અંધા તથા ગર્વીષ્ટ બની પેસારૂપી મોહમાં ડુબી આપની ભક્તિ કરવાનું ભૂલ્યા છીએ, હાલમાં જે સ્થિતિમાં છીએ એ પણ તારીજ કૃપ થીજ માનું છું. અમોને તારૂ સ્મરણ યાદ આવ્યુ કારણ કે અમારી પૂર્વ સ્થિતિ અમારી નજરે તરવા લાગી છે. મોહરૂપી પૈસાએ અમારી આ દશા કરી છે. માટે એ મોહ અમારે હવે કદાપી જોઇતો નથી, પણ ફક્ત તારી દ્દઢ ભક્તિ અને તને યોગ્ય લાગે તેવી સ્થિતિ અમોને આપ અત્યાર સુધીનું જે સુખ ભોગવ્યુ તે ખરૂ ન હતું, પણ તે સ્થિતિમા જે અમારાથી અપરાધો થયા છે, તે બધા દયા લાવી ક્ષમા કરો, આટલું બોલી ગુરવ્વાએ દડદડતી આંખે પોતાનું મસ્તક સ્વામીજીના ચરણે ધર્યું. ગુરવ્વાને પૂર્ણ પશ્ચાતાપ થએલો જોઇ સ્વામીજીને દયા આવી અને કહ્યું "બ્હીશો મા! હમેશા સદ્‌ગુરૂને યાદ કરો, અને તેમાજ સર્વનું કલ્યાણ છે.

તારો પતિ તુરંગમાથી જલદીથી છૂટી આવશે. આ સાંભળી તેણીને ઘણોજ આનંદ થયો અને આશિર્વાદ સમજી પોતાના ઘર તરફ ગઇ.

હવે આપણે કેદખાનામાં આપણા પૈસાદાર શાહુકાર બસવણ્ણા તરફ આપણી નજર ફેરવીએ. અહીંઆ બસવણ્ણા પણ પોતાના અપરાધો નજરે આવતા ઘણોજ સંતાપ કરતો હતો, અને સ્વામીજીને યાદ કરી કહેવા લાગ્યો કે હે મહારાજ, હે સ્વામીન્, મેં તારા ઘણાંએ અપરાધો કર્યા છે, પૈસારૂપી મોહમા ડુબી હું તને ભુલ્યો તો ખરો-હવે મને તું હમેશા દુઃખી સ્થિતિમાં રાખજે કે જેથી તારૂં નામ કદાપી ભુલી ન શકું. આટલું કહેતાજ તુરંગના અધિકારીએ આવી, તેની ઓરડી ખોલી કહ્યું કે " તમોને આજથી એટલે અત્યારથી છૂટા કરવાનો મને હુકમ મળ્યો છે. માટે આપ હવે સુખેથી ઘર તરફ પધારો." આવું કહી બસવણ્ણા શાહુકારને છૂટા કરવામા આવ્યા.

બસવણ્ણા પોતાના ઘરની નજદીક આવતાજ તેની નજરે પોતાનું બળેલું ઘર પડ્યું કે તુરતજ બોલી ઉઠ્યો કે " આ પણ મારા ઉપર સદ્ગુરૂ કૃપા છે " મારી માગણીનો સ્વીકાર સ્વામીજીએ કરેલો જણાય છે કારણ-હવે મારી પૂર્વ સ્થિતિ પ્રાપ્ત થએલી છે હે પ્રભુ, હે સ્વામીજી, મોહરૂપી પેસાચો અમારો બચાવ કર. આવો વિચાર રસ્તામા કરે છે એટલામા તેની સ્ત્રી ગુરવ્વા પોતાનો પ્રેમ ન અટકાવી શકયાથી રસ્તામા દોડી આવી પગે પડી અને કહ્યું કે " આપ જે તુરંગમાથી છૂટ થયા છો તે સદ્ગુરૂની કૃપાથીજ "

પછીથી બંને જણા બાળકોને સાથે લઇ શ્રી સિદ્ધસ્વામીજીના

દર્શન કરવા સારૂ આશ્રમ તરફ આવી પહોંચ્યા. આશ્રમમાં આવી પ્રેમથી સ્વામીજીને પગે પડી પોતાની સઘળી બીના બસવણ્ણાએ કહી સંભળાવી. આથી સ્વામીજીએ કહ્યું-" તમારી પાસે જે કાંઇ હોય તે લઇ સુખેથી રહો "

આ સાંભળી બસવણ્ણાએ પોતાની પાસે જે કાંઇ હતુ તે સર્વ સ્વામીજીના ચરણે મૂકયુ -સ્વામીજીએ એ બધું લઇ કહ્યું " આ મારો પ્રસાદ સમજી સંગ્રહ કરો, હવે તારે દ્રવ્યથી બ્હીવાનું નથી મારૂ અખંડ નામ સ્મરણ કરવાથી તને સુખની પ્રાપ્તી થશે.

બસવણ્ણાએ સ્વામીજીએ આપેલો પ્રસાદ લઇ, મધ્યમ સ્થિતિમા પોતાના દીવસો પસાર કરવા લાગ્યો. આથી સંસાર ઉપર પોતાને કંટાળો આવ્યો અને વૈરાગ્ય સ્થિતિનો લાભ પ્રાપ્ત થયો એટલે સ્વામીજીએ બસવણ્ણાને જ્ઞાનનો બોધ કર્યો કે જેથી તે આ સંસારરૂપી ભવબંધનોમાથી મુક્ત થઇ બ્રહ્માનંદ સુખનો અનુભવ મેળવવા લાગ્યો.

પ્રકરણ ૨૨ મું

"છ મુસલમાનોએ ગુજારેલો ત્રાસ"

શ્રી સિદ્ધારૂઢ સ્વામી પૂર્ણ ઇશ્વરી અવતાર છે, અને દરેક મનુષ્યોના દુઃખો યા સંકટો દૂર કરવાવાળા છે. પણ સ્વામીજી પોતાના શરીરને કંઇ પણ દુઃખ પડે યા કોઇ પાડે તો તેનો ઉપાય કરતાજ નથી, વળી દઃખ આપનારને જરાએ ત્રાસ ન પડે એવા ઉપાયો યોજતા માબાપ પોતાના અજ્ઞાન બાળકના વાંકને જેવી રીતે ક્ષમા આપે છે, તેવીજ રીતે સ્વામીજી પણ અજ્ઞાન જીવ ઉપર દયા કરી, સદ્બુદ્ધિ આપી, સારા માર્ગે દોરે છે. તેઓને બધું પોતાનુંજ દેખાય છે, કોઇનાથી જુદાઇ માનતાજ નથી.

શરીરને જે દુઃખ ભોગવવું પડે છે તે પ્રારબ્ધથી થાય છે, અગર જો કોઇ દુઃખ આપે તો, એમાં દુઃખ આપનારનો જરાએ દોષ નથી. જ્ઞાની પુરૂષોના મન હમેશાં આવાજ વિચારોથી ભરપુર અને દૃઢ બનેલા હોય છે.

દુઃખ ભોગવ્યાથી પ્રાલબ્ધનો લય થાય છે, અને એનો પ્રતિ-

કાર કરવાથી સંચીત બને છે, સંચીતના લીધે ફરીથી જન્મ લેવો પડે છે, તેથીજ જ્ઞાની પુરૂષો " પારબ્ધ યોગ " કહી સહન કરે છે.

સ્વામીજી, પોતાને દુઃખ દેનારને, તારવો એ સ્વામીજીનો ખાસ સ્વભાવજ છે, અને આથીજ તેઓને પૂર્ણ જ્ઞાની કહેવા એ વ્યાજબી છે, આનો પ્રત્યક્ષ અનુભવ નીચેની વાર્તા ઉપરથી સ્પષ્ટ સમજાશે:-

એક દીવસે સ્વામીજી આશ્રમના ચોતરા ઉપર ધ્યાનમાં મગ્ન થઇ બેઠા હતા, એટલામા ૭ મુસલમાનો સ્વામીજીને મારવા એવો નિશ્ચય કરી, દારૂથી ચીકાર બની સ્વામીજી જ્યા હતા ત્યાં આવી પહોચ્યાં, સ્વામીજીને એકલા ધારી, તેઓ ચોતરાની પાછળ જઇ, ઓચીંતા પકડી, મારી નાખવા માટે નીચે જોરથી ફેંકી દીધા.

સ્વામીજીને વાગ્યું તો ખરૂં પણ તુરતજ સાવધ થઇ પાછા ચોતરા ઉપર જઇ બેઠા, જેવી રીતે કે પવનના ઝપાટાથી ઝાડની ડાળો હાલે છે અને પવન પાછો બંધ થતા ડાળો સ્થીર બને છે. તેવીજ રીતે સ્વામીજીએ પણ કર્યું.

આથી તેઓ વધારે ગુસ્સામા આવ્યા અને સ્વામીજીને પાછા પકડી નીચે ધસેડી પાડી, ચારે તરફથી વીટળાઇ કહેવા લાગ્યા કે " તૂં તો ગાંડો છે, તને આજે દારૂ પાઇને આનંદીત બનાવશુ દારૂ પીવાની ના પાડતો નહી જો ના પાડશે, તો તારૂં કાઇ વળવાનું નથી-આમ બોલી એક જણે પોતાના ખીસ્સામાંથી દારૂનો શીશો બહાર કાઢયો, કે તુરતજ બીજાએ પાછી સ્વામીજીને લાત મારી કહ્યું " દારૂ પીવાથી તારૂં શું જવાનુ છે ? " પણ સ્વામીજીએ નાજ

પાડી, આથી તે બધાં ઉશ્કેરાઇ જઇ સ્વામીજીને પોતપોતાની મરજી મુજબ માર મારવા લાગ્યા, છતાં સ્વામીજી સ્વસ્થ બેઠાજ રહ્યા.

સ્વામીજી હમેશાં શાન્તજ રહે છે, કોઇ પણ તેમના તરફ ગમે તેવી દષ્ટીથી જુએ તો પણ તેઓ પોતાના મનમા લાવતા નથી.

સ્વામીજીએ તેઓને થોડોક વખત રહીને પ્રેમથી કહ્યું "તમોએ બહુજ સારૂ કામ કર્યું છે" તમો બધાએ લીધેલી મહેનત મેં ધ્યાનમા રાખી છે, અને એનાજ લીધે કહું છું તે ધ્યાનથી સાભળો કે જેથી તમોને દુઃખ થાય નહિ"

ભક્ત મંડળ હમણાજ ગામમાંથી પુજા તથા દર્શને આવી પહોચશે અને જો તમો બધા તેઓની દષ્ટીએ આવશો તો નક્કી હેરાન થશો તે મારાથી જોઇ શકાશે નહી, માટે તમે અહિઆંથી હવે ચાલ્યા જાવ અને પાછા કાલે આ વખતે મને માર મારવો હોય તો સુખેથી આવજો,

આથી તેઓ કહેવા લાગ્યા કે 'આ ગાંડો શુ બકયા કરે છે" અરે! તારો જીવ લઇને જઇશું, આમ બોલી તે બધા, પાસે પડેલા એક મોટા પત્થરને, સ્વામીજીને મારવા સારૂ ઉચકવા જતા હતા, પણ એટલામાજ કોઇનો આવવાનો પગરવ સંભળાવાથી, તે બધા પાસેની ઝાડની બાજુમાં જઇ લપાઇ ગયા, અને શું થાય છે તે જોવા માટે ઉભા રહ્યા.

ભક્ત મંડળ હમેશના નિયમ મુજબ આવી પહોચ્યું અને

સ્વામીજીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછીથી વિધી પૂર્વક પુજા કરી, આરતી ઉતારી, ભજન કીર્તનથી પરવારી સ્વામીજીને કહ્યું "હે કૃપાળુ મહારાજ આજે જુની હુબળીમા કાલીકા માતાજીનો રથ શણગારી તૈયાર કરવામા આવ્યો છે અને તેમા કાળીકા માતાજીની મૂર્તી પણ પધરાવવામા આવી છે. રથને ખેચવા સારૂ ઘણા ભક્તો લગાડવામા આવ્યા તે છતા રથ જરાએ હાલતો નથી–આથી તેઓમાના એક ગૃહસ્થ ભક્તે કહ્યું છે કે "મહાત્મા પુરૂષ વીના આ રથ ચાલનાર નથી–આપ મહાત્મા છો તેથી અમો વિનંતી કરીએ છીએ કે આપ ત્યા પધારો અને ભક્તોનું સંકટ દૂર કરી આનંદીત બનાવો.

સ્વામીજીએ કહ્યું તમો બધા કહો છો તે વ્યાજબી છે હું આવીશ અને પછીથી પાછો મઠમા ફરીશ.

આ બધી થતી વાતચીત આપણા સંતાએલા મુસલમાન ભાઇએ સાભળી માહે માહે કહ્યું " આ લોકો શુ મૂર્ખા છે કે આવા ગાડા જેવાને મહાત્મા કહી રથ ચલાવવા લઇ જાય છે, ચાલો આપણે પણ તેઓની પાછળ, પાછળ જઇશું અને શુ થાય છે તે જોઇશું પણ આપણા મનમા જે વિચારો છે તે કોઇને જણાવીશું નહી.

સ્વામીજી ભક્ત મંડળ સાથે નીકળી, જુની હુબળીમા જ્યાં રથ શણગારી તૈયાર કરવામા આવ્યો હતો ત્યા આવી પહોચ્યા અહીઆ સેંકડો માણસો રથ ખેચવા સારૂ પ્રયત્ન કરી રહ્યા હતા પણ રથ જરાએ હાલતો નહતો. સ્વામીજીને રથની નજદીકમા એક સ્વચ્છ ઓટલા ઉપર આસન મુકી બેસાડવામાં આવ્યા.

આ રથ ફકત આઠ જ માણસો સહેલાઇથી ખેંચી શકે તેવો હતો, છતા આશ્ચર્યની વાત એ હતી કે આપણા આવેલા મહાત્માની રૂબરૂમા પણ સેકડો માણસો રથ ખેંચવા લાગ્યા, છતાં રથ જરાએ હાલ્યો જ નહિ ત્યારે દરેક માણસો વિચારમાં પડી એકબીજાના સામું જોવા લાગ્યા.

આપણા છ મુસલમાન ભાઇઓ પણ આ બનાવ જોઇ કહેવા લાગ્યા કે " આ બધા લોકો મુર્ખા જ છે જો વળી આ મહાત્માની અંદર અદ્‌ભુત શકિત હોત તો કયારનાએ અમોને ભસ્મ કરી નાખત "

રથ જરાએ હાલ્યો નહિ, તેથી દરેક જણ કહેવા લાગ્યા કે " આ મહાત્મા છે તો રથ કેમ હાલતો નથી " આવી રીતે દરેક જણ ગમે તેમ ફાવે તેવું બોલવા લાગ્યા, એટલામાં જ પેલો ભકત ગૃહસ્થ કે જેણે સ્વામીજીને બોલાવવાનું કહ્યું હતું તે આવી પહોંચ્યો અને દરેકને કહેવા લાગ્યો કે " આ મહાત્મા સ્વામીજીના મનોભાવથી પૂજા કરી, વસ્ત્રાભુષણથી શણગારી રથમા બેસાડી, ભજન કીર્તન કરતાં જો રથ ખેંચ્યો હોત તો હમણાં જ ચાલુ થાય, પણ ખાલી મહાત્માને બાજુપર ઓટલા ઉપર બેસાડી જો રથ ખેંચશો તો એમાં કાઇ આપણું વળવાનું નથી. "

આવા શબ્દો સાભળતાં જ ઘણા લોકો વિરૂદ્ધમાં પડી કહેવા લાગ્યા કે " કાળીકા માતાજીને મુકી સ્વામીજીને જો રથમાં બેસાડશું તો માતાજી આપણા બધાના ઉપર કોપાયમાન થશે. " આ સાભળી

તે ભક્ત ગૃહસ્થે કહ્યું '' અત્યારના બનાવ સુધી મેં એક વાત સર્વથી છુપી રાખી હતી, કારણ કે તે અનુભવ મળ્યા વગર મને સાચી લાગતી ન હતી. પણ જ્યારે રથ અટક્યો એટલે અનુભવ મળ્યો તેથી આ વાત ખુલ્લી કરવામા હું કાંઇ દોષ માનતો નથી

કાલીકા માતાજીએ કાલે રાત્રીએ પ્રત્યક્ષ સ્વપ્નમા આવી મને કહ્યું હતું કે " જ્યા સુધી સ્વામીજીને શણગારી રથમા બેસાડવામા નહિ આવે, ત્યાં સુધી હું રથ ચાલવા દેનાર નથી. " આવી માતાજીએ આજ્ઞા કરેલી છે તો તે આપણે માન્ય રાખવી જોઇએ-આ સિવાય બીજો આપણો કાઇ ઉપાય નથી.

આ સાભળી દરેક જણે તેમ કરવાનું કબુલ કર્યું અને પછીથી સ્વામીજીની પૂજા કરી, ઉતમ પોશાકથી શણગારી રથમા બેસાડ્યા. આ વખતે સ્વામીજીની મુર્તિ ઉત્તમ પ્રકારથી શોભા આપી રહી હતી.

સ્વામીજીને રથમા બેસાડયા પછી આરતી ઉતારવામા આવી અને છેવટે જ્યારે સ્વામીજીના નામનો જયઘોષ કર્યો કે તુરતજ રથ આપોઆપ ચાલવા લાગ્યો.

આ આશ્ચર્યકારક બનાવ જોઇ દરેક જણને આનંદ થયો અને વળી જે નીદાખોર હતા તેઓ તો દીંગ જ બની ગયા. આવી રીતે સ્વામીજીના રથને આખા ગામમા વાજતે ગાજતે ફેરવી,

રથ ઉત્સવ ઉજવવામાં આવ્યો અને પછીથી સ્વામીજીને આશ્રમમાં પહોંચાડવામા આવ્યા.

આ વખતે આશ્રમમાં સ્વામી દર્શનને માટે ઘણી જ ભીડ થઇ રહી હતી.

સ્વામીજી આશ્રમમા આવી દરેકને આશીર્વાદ આપી વિદાય કરી પાછા ચોતરા ઉપર જઇ બેઠા અને કહેવા લાગ્યા કે "આ બધી ઇશ્વરી લીલા છે આમા મારૂં કાંઇ નથી. આટલું બોલતાં જ આપણા છ મુસલમાન ભાઇઓ પાછા આવી પહોચ્યા અને તેઓને જોઇ સ્વામીજીએ કહ્યું કે "ઠીક થયું, તમે વખતસર આવી પહોચ્યા તો ખરા, હવે તમારે જે કરવું હોય તે નીરભય પણે કરો, જુઓ! પેલો તમારો પથરો જ્યા છે ત્યા જ પડેલો છે, તમો તેને ઉચકી તમારી ઇચ્છા પૂર્ણ કરો."

સ્વામીજીના મોઢેથી આ શબ્દો નીકળતાજ આપણા પધારેલા મુસલમાન ભાઇઓ સ્વામીજીને પગે પડી કરગરી કહેવા લાગ્યા કે હે કૃપાળુ મહારાજ! અમોએ ઘણું જ અઘોર પાપ કર્મ કર્યું છે માટે આપ ક્ષમા કરો, તમોને દુઃખ દીવામા અમોએ જરાએ કસર રાખી નથી, અમો અજ્ઞાનને પ્રથમ તમો ગાડાજ માલુમ પડ્યા પણ હવે આપ ખરા મહાત્મા છો એવી અમારી પૂર્ણ ખાત્રી થઇ છે, અમો અમારા કરેલા કૃત્યોની શિક્ષા ભોગવ્યા વિના અહીઆંથી કદાપી જનાર નથી, માટે અમોને યોગ્ય લાગે તે શિક્ષા કરો.

સ્વામીજીએ કહ્યુ "તમોએ જે સારા ગુણો ગ્રહણ કર્યા છે, એટલાથી જ હું સંતોષ માનુ છું, હવે તમો કોઇ પણ જાતની ફીકર કરશો નહિ. હવે તમો ઘેર જાઓ અને તમારા ધર્મ પ્રમાણે વર્તન

કરો-વધારેમાં દારૂ પીવાનું છોડી દેજો, આ બધું જે કહ્યું તે શીક્ષા આપી એમ માની લઇ તેવું વર્તન કરશો.

આવા દયાળુ અને બોધદાયક શબ્દો સાંભળતાં જ તે બધાની આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં અને બોલી ઉઠયા કે "અમારા જેવા દુષ્ટો ઉપર પણ આપ દયા કરો છો" આપના દર્શનનો લાભ થયો તેથી અમો ભાગ્યશાળી માનીએ છીએ. જો આપનુ દર્શન ન થતે તો અમારો આખો જન્મ ફોકટમા જતે, હે દયાસિન્ધુ મહારાજ! અમારા ઉપર કૃપા કરી "દુષ્ટ સંગનો ત્યાગ અને સત્સંગનો લાભ" થાય એવો આશીર્વાદ આપો, આમ કહી ફરીથી સાષ્ટાગ પ્રણામ કર્યા-સ્વામીજીએ આશીર્વાદ આપી તેઓને પ્રેમપૂર્વક વિદાય કર્યા.



પ્રકરણ ૨૩ મું

"પાણીની તંગીમાં વરસાદનું પડવું"

હે દયાળુ મહારાજ, આપ હમેશના દયાળુ છો અને દયા સાગર નામ તમોને યોગ્ય કહેવાશે. આપના નામનું સ્મરણ કરવાથી હજારો મનુષ્યોનો ઉદ્ધાર થાય છે, તમારી અમૂલ્ય વાણી આગળ અમૃતનો સ્વાદ પણ ફીકો લાગે છે. આપ ભકતેના સુખમાજ આનંદ માનો છો અને તેથીજ ભકતોના સુખમાં તમારી અદ્ભુત લીલાથી વધારો થાય તેમ કરો છો.

શ્રી સિદ્ધાશ્રમમા, ભક્તમંડળ તરફથી વર્ષમા બે વખત ઉત્સવ ઉજવવામા આવે છે, એકતો શ્રાવણ માસમા અને બીજો મહાશીવરાત્રીનો–આ વખતે સાત દીવસ સુધી રાત્રી દીવસ ભજનકીર્તન કરવામા આવે છે–અને હજારો માણસો ભેગા થઇ સ્વામીજીના દર્શનનો લાભ લે છે, આશ્રમમાથી દરેકને એ વખત ભોજન આપવામાં આવે છે. આવા પ્રસંગે પાણીના ખાસ અને મ્હોટા પ્રમાણમાં

જરૂર પડે છે. આશ્રમમાં ખાસ પીવાના પાણીનું તલાવ એકજ છે અને તેમાંથી પાણી પુરૂં પાડવામાં આવે છે જે વર્ષમાં વરસાદ બરાબર નહી આવતો, તે વખતે પાણીની તંગી ઉત્સવમાં પડતી-પણ ભક્ત મંડળ ત્રણ માઇલથી પાણી લાવી આવા પ્રસંગે પુરૂ પાડતું હતું; જો કે ભકતોને ઘણોજ ત્રાસ પડતો હતો.

આ વર્ષે પણ તેમજ બન્યુ, વરસાદનું એક બુન્દ પણ પડયુ નહિ, અને ઉત્સવના અગાઉ તલાવો સુકાઇ ગએલાં હતાં.

એક દીવસે સ્વામીજીએ દરેક ભકતોને પાસે બોલાવી કહ્યું "જુઓ તલાવમાં પાણીનું ટીપું પણ નથી, અને આપણે ત્યા ઉત્સવમા લાખો લોકો ભેગા થાય છે અને તે બધાને સારૂં પાણી પુરૂં પાડવાનું કામ તમારા ભક્ત મંડળના શીર ઉપર છે, અને જો વળી મ્હારૂં કહ્યું માનો તો આ વર્ષે ઉત્સવ ઉજવવાનુ બંધજ રાખો, આપણે દરેકને ઉત્સાહ લાવવા સારૂ ઉત્સવ ઉજવીએ છીએ, અને જો એનાથી બીજાઓને ત્રાસ ઉપજ થાય તો પછી ઉત્સવ ઉજવવાની શી જરૂર? માટે તમો બધા આ ભાંજગડમા પડતાજ નહી.

આવા શબ્દો સાભળી દરેક ભકતોને ખેદ થવા લાગ્યો અને માંહેમાંહે કહેવા લાગ્યા કે આપણે આટલા બધા છીએ છતા ગુરૂકાર્ય બંધ રાખવું તે શુ યોગ્ય છે? ત કદાપી બનેજ નહી. આપણી કસોટી કરવા માટેજ સ્વામીજી ના કેમ પાડતા નહી હોય?

બીજી તરફ જ્યારે બીજા નીદાખોર અને અશ્રદ્ધાળુ લોકો બોલવા લાગ્યા કે "તમો બધા કહો છો કે-અમારા મહાત્માજી તો

ઇશ્વરજ છે તો એ વરસાદ કેમ પાડી ના શકે અને ખાલી પાણીની ચીન્તા શા માટે કરે ? જો આ ખરો મહાત્મા હોય તો આજ વખતે વરસાદ પાડે તોજ ખરો મહાત્મા કહેવાય અને પૂજાને યોગ્ય મનાય.

આવા શબ્દો સાભળી તુકાપ્પા ભક્તને ઘણોજ સંતાપ થયો અને કહેવા લાગ્યો અરે ! અશ્રદ્ધાળુજનો તમો ધ્યાન દઇ સાંભળોઃ સિદ્ધારૂઢ સ્વામીજી પોતે પ્રત્યક્ષ નીરગુણ બ્રહ્મ છે સૃષ્ટિ, સ્થિતિ, અને લય, આ ત્રણે કામો સ્વામીજીએ ત્રીમુર્તીને સોંપેલા છે અને પોતે ઉપાધી રહીત થઇ ભકતોના પ્રેમમા, આ દુનીઆમાં પોતાની અદ્‌ભુત લીલાઓ બતાવે છે.

"દરેકના કૃત્યો પ્રમાણે પરમેશ્વર સુખ કે દુઃખ આપ્યાજ કરે છે જ્યારે વળી બીજી તરફ નજર ફેરવતા માલુમ પડે છે કે કેટલાક આળસુ માણસ એમ પણ કહે છે કે "જો ભક્તિ સહેલી હોય તો કરીએ" કેટલા પણ સંકટો આવ્યા હોય તોપણ એક નિશ્ચયથી ભક્તિ કરે તો તેના ઉપર સદ્‌ગુરૂ દયા કરે છે.

હાલમા આપણી કેટલી તૈયારી અને આપણે આપણા વચનેને વળગી રહીએ છીએ કે નહી તે જોવા ખાતરજ સ્વામીજીએ આ યુક્તિ કરેલી છે પ્રાણ જાય તો પરવા નહી પણ ગુરૂ ભક્તિથી ડગવાના નથી.

તુકાપ્પા આવા શબ્દો સાભળી બીજા ભકતો પણ એજ નિશ્ચય ઉપર દૃઢ થયા અને બીજે દીવસે ભક્તમંડળ તરફથી તુકાપ્પાને

મુખ્ય ઠરાવી સ્વામીજી પાસે હાજર થયા અને હાથ જોડી વિનંતી કરવા લાગ્યા કે હે મહારાજ આપ પોતે ઇશ્વરી અવતાર છો અને ભકતોનો ઉદ્ધાર કરવા માટે જ આપનો અવતાર છે, આપે જે ગઇ કાલે કહ્યું તે અમો આજ્ઞા રૂપે માની શકીએ જ નહી, અમારી કસોટી માટે આપ બોલ્યા છો એવી અમારી ખાત્રી થાય છે.

ખરૂં જોતા ઉત્સવ ઉજવવાનું કારણ ભકતોનો ઉદ્ધાર કરવા માટે જ છે, અને અમો સંસારી માણસોને આ જનસેવા બજાવવાની આ ખરી તક મળે છે, જો આ તક અમો ગુમાવીશુ તો પછી અમારાથી ગુરૂસેવા કેવી રીતે બજાવી શકાશે?

ઘણા દૂર દેશોના અસંખ્ય ભકત લોકો આપનું દર્શન લઇ આનંદ માને છે–વળી આ ઉત્સવ બંધ રાખીશું તો બધા નીરાશા પામશે અને તેની સાથે ભકત કાજ પણ અટકશે.

દરેક વર્ષો કરતા આ વર્ષે અમોને વધારે અગવડો પડશે, તો અમારા ઉપર આપની વધારે કૃપાજ છે એમ અમો માનીશું, મહેનત કરવાને અમો જરાએ ડરશુ નહી, ગુરૂકાર્ય કાળજીથી અને ખરા મનથી પાર પાડવું એવો અમારો દ્દઢનિશ્ચય છે.

આ દહે નાશવંત હોવાથી જરાએ ભરોંસો નથી–આવી અમુલ્ય તક ફરીથી મળવાની નથી. માટે હે મહારાજ બધું ધ્યાનમાં લઇ અમોને ઉત્સવ ઉજવવાની આજ્ઞા આપો.

ભકતોની આવી પ્રાર્થના સાંભળી સ્વામીજીએ કહ્યું, જ્યારે

તમારો ખાસ નિશ્ચય થયો છે ત્યારે ભલે સુખેથી ઉત્સવ ઉજવો. ઉત્સવ ઉજવવાનો બધો ભાર તમારા શીર ઉપર જ છે એ ભુલશો નહી આમ બોલી સ્વામીજી હસ્યા—કારણકે ભકતોનો બધો ભાર પોતાની ઉપર હમેશાં હોય છે, છતા ઉત્સવનું કાર્ય ભકતો ઉપર સોંપવાનું શું કારણ હશે?

સ્વામીજીની આજ્ઞા મળતાંજ દરેકને આનંદ થયો અને સદ્‌ગુરૂના નામનો જયઘોષ કરી ભકત મંડળ પોતપોતના ઘર તરફ વિદાય થયું.

મહાન કૃપાળુ શ્રી સિદ્ધારૂઢ સ્વામી, જેઓ પોતાના ભકતોની કાળજી હંમેશાં રાખવાવાળા છે-તેઓ બીજે દીવસે સવારમાં એક માટીનો નાનો કુંભ લઇ, આશ્રમમાથી નીકળી સુકાયલા તલાવમાં આવી, બરાબર મધ્ય સ્થળે, તે કુંભને મુકી, પોતાનું આસન માંડી, કુંભ ઉપર હાથ રાખી ત્રણ કલાક સુધી ધ્યાનમાં બેસી રહ્યા; અને જ્યારે તે કુંભ પાણીથી છકાછક ભરાઇ ગયો એટલે પોતે પાછા આશ્રમમાં આવ્યા. કુંભને પાણીથી ભરેલો જોઇ, દરેક ભકતો આશ્ચર્ય પામ્યા.

મહાત્મા પુરૂષોની લીલા અગાધ હોય છે. જુજ વખતમાં આકાશ વાદળાઓથી ઘેરાઇ જઇ અંધકાર છવાઇ ગયો, વીજળીઓએ પોતાનો પ્રકાશ શરૂ કર્યો, અને મોટા ભયંકર ગડગડાટ અવાજે અને પવનના વાવાઝોડા સાથે વરસાદ જોરથી પડવા લાગ્યો; એક કલાકમા વરસાદ એટલો બધો પડયો કે ચારે તરફ જળ જળ

શિવાય કાંઇ માલુમ પડતુંજ નહી–અને બધાં તળાવો પાણીથી છલકાઇ ગયા.

આ ચમત્કારી બનાવ જોઇને દરેક ભક્તોને ઘણોજ આનંદ થયો અને વળી તુકાપ્પા ભક્તની આનંદની સીમાજ રહી નહી. અને બીજા ભક્તો પ્રત્યે કહેવા લાગ્યો–" સદ્ગુરૂ ઘણાજ કૃપાળુ છે, ભક્તોનું દુઃખ તેમનાથી જોવાતું નથી, તેઓનું કાર્ય તેઓ ઝટ બજાવી લે છે " આમ કહી ભક્ત મડળે નાના પ્રકારથી સ્તુતી કરી અને શ્રી સિદ્ધસ્વામીને સાથે લઇ ભકત મડળ તલાવના કીનારે આવી પહોચ્યું, અહીઆ સ્વામીજીને આસન મુકી બેસાડવામા આવ્યા અને પ્રેમ ભાવથી આરતી ઉતારી સ્વામીજીના નામનો જય જયકાર વર્તાવ્યો.

આ વખતે કેટલાક અશ્રદ્ધાળુ જનો તથા બીજા નીંદાખોર ભકતો, સ્વામીજીની સમક્ષ આવી, પોતાની ભુલોની ક્ષમા માગી પગે પડવા લાગ્યા અને કરેલી ગુરૂનીંદામાંથી મુક્ત થવા વિનંતી કરવા લાગ્યા.

સ્વામીજીએ કહ્યુ "તમારા કહેવાને પરમેશ્વરે માન આપી વરસાદ આણ્યો છે અને હવેથી પુજા કરવાને લાયક બન્યો છે, તમારા લીધે બધાઓને પણીનું સુખ પ્રાપ્ત થયુ છે ઇશ્વર નીંદક કે વંદકને સરખોજ ગણે છે–પણ ગમે તે પ્રકારથી નામ સ્મરણ થવું જોઇએ.

"વંદકને સુખ અને નીંદકને દુઃખ"–આ દુનીઆમાં ભોગવવુ

પડે છે. આ શબ્દો ખાસ ધ્યાનમા રાખશો, તમોને પશ્ચાતાપ થવાથી હવે દોષમાથી મુકત થયા છો. આવા શબ્દો સાભળી દરેક જણની આનંદની સીમાજ રહી નહી, અને દરેકની આખમા પ્રેમાશ્રુ વહેવા લાગ્યા. આવી રીતે પરમ કૃપાળુ સ્વામીજીએ પોતાના ભકતોનું પાણીનું દુઃખ દૂર કર્યું.

ભકત મડળે સ્વામીજીના નામનો જયઘોષ કર્યો એટલે સ્વામીજીએ દરેકને આશીર્વાદ આપી વિદાય થયા.

પ્રકરણ ૨૪ મું

સ્વામીજી રોજદારના વેષમાં

હે સદ્‌ગુરૂ મહારાજ, આપનો મહિમા અગાધ છે. જેવી રીતે એક કુંભાર આખા વર્ષ પર્યંત શ્રમ લઇ ઘટાદિક તૈયાર કરીને મોટા ઢગ બનાવી ભઠીમા મુકે છે પરંતુ તેમા એકજ દીવાસળીની કાડી પડતા અર્ધા ક્ષણમાજ તે મોટા ઢગ કયા જતો રહ્યો તે જડતું નથી તેવી રીતે આપના સત્સમાગમથી પ્રાપ્ત થતા બોધામૃતથી ઘણા વર્ષો સુધી ભોગવેલા સંસારથી ઉત્પન્ન થતા

અજ્ઞાનનો લોપ થાય છે, ભકતજન આપને શરણે આવે છે એટલે, આપ તેના પર તુષ્માન થઇ જ્ઞાનામૃત વર્ષાવો છો એટલે એને મોક્ષ પ્રાપ્ત થાય છે. ભકતોને શરણ આપવા સિવાય આપને બીજું સુખ નથી. અને આપ હંમેશા દયાળુપણે ભકતજનોના સંકટ દુર કરવાને સદા તત્પર રહો છો,

પ્રિય વાચક આનો જો તાજો દાખલો જાણવો હોય તો નીચેના વર્ણન ઉપરથી સમજાશે.

નિત્ય પ્રમાણે ભકતજન સુર્યોદય થતાજ સ્વામીજીની આરતી ઉતારે છે–આ આરતીમા બધા હાજર રહે તો ઠીક એમ સમજી એક ભક્ત (હાલમાં હયાત છે) સવારમા વહેલો ઉઠી પ્રાતઃવિધિ પરવારી ગામમાં જઇ દરેક ભકતોના ઘર અગાડી ઉભો રહી **"શીવાય નમઃ"** ની ગર્જના કરી તે ઘરના માણસોને જગાડી બીજાના ઘર તરફ જતો. આવી રીતે દરેક ભકતોને જગાડી એકઠા કરતો, તેથી ગામમા બધાઓએ એનું નામ "શીવાય નમઃ" રાખ્યું હતું અને આવા પુન્ય કર્મથી દરેક જણ તેના તરફ પ્રિતી ભાવ રાખતા.

આ ભક્ત હજુ પણ વરસાદ, ઠંડી કે કશાની દરકાર રાખ્યા વગર પોતાનું કાર્ય, ભકિતમા અડગ રહી હજુ પણ ચલાવ્યા જ કરે છે.

આ પ્રમાણે કરતા એક દિવસ શું બન્યું તે સાંભળોઃ–

એક દિવસ " શિવાયનમઃ " હંમેશનાં નિયમ મુજબ પરંતુ કિચિંત શિરસ્તા કરતાં વહેલા, સ્વામીજીનુ નામ સ્મરણ મોટેથી કરતા કરતા લોકોને જગાડતો હતો. તેવામા તેને રસ્તામા રાત્રે ચોકી

ફરવાવાળા સીપાઇઓ મળ્યા–તેમણે તેને ધમકી આપી પૂછ્યુ કે " તું કોણ છે અને તારૂ નામ શું આટલી મોંડી રાત્રે શા માટે મોટેથી બૂમ બરાડા પાડી લોકોને ભર નિદ્રામાથી જગાડી, હંમેશા કેમ હેરાન કરે છે? તૂં પાછો તારે ઘેર ચાલ્યો જા, આગળ જતોજ ના.

સિપાઇઓએ ધમકી આપી તોપણ "શીવાયનમઃ" નું ધ્યાન ખેંચાયુંજ નહી પણ પોતાનું કાર્ય કરતોજ રહ્યો. આ ઉપરથી સિપાઇઓને ઘણોજ ગુસ્સો આવ્યો ને તે શિવાનમ-ને પકડ્યો તો પણ તે બંધ રહ્યો નહી ત્યારે તેના મોઢામા ડુચો મારી નજદીકની ચોકી તરફ લઇ જવા લાગ્યા–આવી રીતે પુન્યકર્મ અટક્યું

સ્વામીજીને પુન્યકર્મ અટકતાજ તુરતજ ખબર પડી. આથી ભક્ત ઉપર દયા લાવી પોતે ફોજદારના રૂપમા ઘોડા ઉપર બેસી, સીપાઇઓને રસ્તામા આવી મળ્યા.

સીપાઇઓએ પોતાના ઉપરી ફોજદારને જોતાં અદબથી મુજરો કર્યો કે તુરતજ આપણા સ્વામીજી ફોજદારે પૂછ્યું કે " આ માણુસ કોણ છે અને એણે શું કર્યું છે? વળી આના મોઢામા સખ્ત ડુચો મારી તમો શું કરવા ધારો છો?

સિપાઇઓએ જણાવ્યું કે " આ માણસ લોકોને મોટેથી બૂમ બરાડા પાડી હેરાન કરતો હતો છતા તેને તેમ ન કરવાનું વારવાર કહેવામા આવ્યું હતું, તોપણ એ એક ક્ષણમાત્ર થોભતો નથી અને દરરોજ આવું કર્યા કરે છે, માટેજ આજે તેને પકડી શિક્ષા કરાવવા સારૂ ચોકી તરફ લઇ જતા હતા.

આ સાંભળી ફોજદારે ઘણોજ ગુસ્સો બતાવી કહ્યું "આ કાંઇ ચોર નથી, તમે પણ ચોરોથી સાવધ રહો એમ બૂમો પાડી લોકોને હોંશીઆર કરો છો અને એના બદલામાં પગાર લો છો–પરંતુ આ તો લોકોને તેમની અજ્ઞાન રૂપી નિદ્રામાથી, પ્રભુના નામ સ્મરણ વડે જગાડે છે, આવા પરોપકારી માણસને તમોએ નકામો ત્રાસ આપ્યો છે, હમણાજ છોડી દો અને ફરીથી એનું નામ દેતા નહી, સિપાઇઓએ નમ્રપણે સલામ કરી તેને છોડી દઇ, પોતાના કામે રૂન ફરવા ચાલ્યા ગયા.

ફોજદારે ભકત તરફવળી કહ્યું "આ સિપાઇઓ કંઇ સમજતા નથી–તું હવે જા અને વગર ધાસ્તીએ તારા કામની શરૂઆત કર, હવે પછીથી તારૂં કોઇ પણ નામ દેનાર નથી. આટલું કહી ફોજદારે પોતાનો ઘોડો અંધારામા દોડાવી અદૃષ્ય થયા.

ફોજદાર ઘણા ગુસ્સે થયા હશે એમ સિપાઇઓ સમજી બીજે દીવસે સહવારે ફોજદાર (ખરા) સાહેબને ઘેર ક્ષમા માગવા ગયા–ફોજદારને ઘણું આશ્ચર્ય લાગ્યું અને પૂછ્યું કે " તમે શાની ક્ષમા માગો છો ? " ત્યારે સિપાઇઓએ રાત્રે બનેલી બીના કહી સંભળાવી આ સાંભળતાજ ફોજદાર સાહેબ ઘણોજ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો કે "હું રાત્રે તો ઘરમાંજ હતો" તમે આ બધું બનાવટ કહો છો એમ હું સમજું છુ.

સિપાઇઓએ કહ્યું:–જે બન્યુ હતું તે તમોને કહ્યું આમાં જરાએ ખોટું નથી. ફોજદારે કહ્યુ–ઠીક છે ચાલો હમણાંજ માલમ પડશે.

શ્રી સિદ્ધાશ્રમમાં અત્યારે શિવાયનમઃ પણ હાજર હશે, આમ કહી બન્ને સિપાઇઓને સાથે લઇ ફોજદાર આશ્રમમાં આવી પહોંચ્યા અને સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કરી, સાંભળેલી બધી બીના સ્વામીજી આગળ કહી સંભળાવી

સ્વામીજીએ ખુલાસો કરતાં જણાવ્યું કે "આ બધો શ્રી સદ્‌ગુરૂનો પ્રતાપ છે, અને પોતાના ભકતને સંકટમાથી મુકત કરવા સારૂ ફોજદાર વેશમા સદ્‌ગુરૂ આવ્યા હશે,

આ ઉપરથી બધા ભકતો ખૂબ આનંદમાં આવી જઇ સ્વામીજીને પગે લાગી, તેમના ગુણનુવાદ ગાવા મંડી ગયા, ને તે દીવસ આનંદમા નિર્ગમન કર્યો.

ભાગ પહેલો સમાપ્ત